પૂ. મલયાશ્રીજી મ.ને ભેટ

卐 તાલધ્વજ ગિરિમંડન શ્રી સુમતિનાથાય નમઃ 卐

સ.....મા.....ધિ.....સ્થ.....સ્વ.....ર્ગ.....ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૧

— શ્રી —

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૧ લો

[ ૧—મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ

૨—શ્રી ગૌતમપૃચ્છા ચોપાઈ

૩—કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ

૪—શ્રી લીલાવતી રાણી-સુમતિવિલાસનો રાસ ]

સં....પા....દિ....કા

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમમૂર્તિ-પૂ. સાધ્વીજી
શ્રી અંજનાશ્રીજી મ.ના શિષ્યરત્ના-વિદુષી
પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

પ્ર....કા...શ....ક

પૂ શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈનજ્ઞાન મંદિર
જી. ભાવનગર, વાયાઃ તળાજા, મુાં. ઠળીયા (સૌરાષ્ટ્ર)

તાલધ્વજ ગિરિમંડન શ્રી સુમતિનાથાય નમઃ

પૂ. સમાધિસ્થસ્વર્ગત-

સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક
ગ્રંથમાલા નં. ૧

શ્રી

# રા...સ...મા...ળા...સં...ગ્ર...હ

# ભાગ ૧ લો

૧ મહાસતી શ્રી અંજના સુંદરીનો રાસ
૨ શ્રી ગૌતમપૃચ્છા ચોપાઈ
૩ કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ
૪ શ્રી લીલાવતી રાણી-સુમતિવિલાસનો રાસ.

સં...પા...દિ...કા.

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ પૂ. સાધ્વીજી
શ્રી અંજનાશ્રીજી મ.ના શિષ્યરત્ના પૂ. વિદુષી
સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

પ્ર...કા...શ...ક

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાનમંદિર
જી. ભાવનગર વાયા તલાજા મુ. ઠળીયા

# સહાયકોની શુભ નામાવલી

## પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ.ના ઉપદેશથી

| | | |
|---|---|---|
| રૂા. ૧૧૧૧ | શ્રી જૈન શ્રાવિકા સંઘ તરફથી | તળાજા |
| રૂા. ૧૦૧ | શેઠશ્રી ચંદુલાલ રમણિકલાલ નાણાવટી | તળાજા |
| રૂા. ૧૦૧ | શેઠશ્રી પરમાણંદદાસ મોરારજીભાઈ | તળાજા |
| રૂા. ૧૦૧ | શેઠશ્રી જયંતિલાલ વીરચંદભાઈ | તળાજા |
| રૂા. ૧૦૫૦ | શેઠશ્રી ડોસાભાઈ અભેચંદની પેઢી તરફથી નવ રીમ કાગળો માટેના | ભાવનગર |
| રૂા. ૫૦૧ | શેઠશ્રી છોટાલાલ દેવચંદ | સુરેન્દ્રનગર |
| રૂા. ૫૧ | શ્રી હિનલત્તાબેન જે. દોડા | સુરેન્દ્રનગર |


વીર સં. ૨૫૧૨ 卐 વિ. સં. ૨૦૪૨

卐 મૌન એકાદશી 卐

અને. ૧૯૮૫ 卐 કોપી ૫૦૦

卐 કિં. રૂા. ૫=૦૦ 卐

卐

**પ્રાપ્તિસ્થાન**
શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી
જૈન જ્ઞાનમંદિર જી. ભાવનગર
મુ. ઠળીયા ૩૬૪૧૪૫

**મુદ્રક**
ગાંધી ફતેચંદ ઓડીદાસ
શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. ખારગેટ મુ. ભાવનગર

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-
પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



| | | |
|---|---|---|
| જન્મ | :- | વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ) |
| દીક્ષા | :- | વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઠળીયા) |
| વડીદીક્ષા | :- | વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા) |
| સ્વર્ગવાસ | :- | વિ સં. ૨૦૪૧ના અ. શુ. ૫ રવિ (તળાજા) |

# પ્રકાશકીય નિવેદન

પૂ. સાધુ–સંતો–મહંતો–સતા અને સતીઓ આદિનાં પુણ્ય-જીવન વૃત્તાંતોને આપણાં ગ્રંથકારોએ વિદ્વદ્‌ભોગ્ય એવી ગીર્વાણ-ભાષામાં કાવ્યો તથા ચરિત્રાદિરૂપે ગુંથીને અમરત્વ સમર્પેલ છે; પરંતુ સમાજના બધાજ જીવો, સંસ્કૃત–પ્રાકૃતભાષાના જાણ હોઈ શકે જ નહિ. આથી તેવા અનભિજ્ઞ આત્માઓ પણ તે પુણ્યપુરૂષોનાં ઉજ્વલ અને આદર્શ જીવનચરિત્રોને સહેલાઈથી અવગાહી શકે, ગાઈ શકે, ગવરાવી શકે અને શ્રોતાઓને પણ આનંદી શકે તે માટે ચાલુ ગુજરાતી ગેયભાષામાં વિક્રમની ૧૫મી થી વીશમી શતાબ્દિ સુધીમાં થએલાં આપણાં પૂજ્ય ગુરૂભગવંતોએ રાસા–ચોપાઈ–લાવણી–છંદ–વિવાહલા આદિ વિવિધરૂપે સાહિત્ય નિર્માણ કરીને આપણાં ઉપર મહાન ઉપકાર કરેલ છે.

આ લોકોપભોગ્ય વિશાળ સાહિત્ય સર્જનમાંથી થોડું ઘણું જ સાહિત્ય પ્રસિદ્ધ થવા પામ્યું છે અને ઘણું ખરૂં તો હજુ અપ્રકટ જ રહેલ છે। પ્રકટ થએલ સાહિત્યમાંનો જાજો ભાગ, શ્રાદ્ધરત્ન ભીમશી માણેકે પ્રાપ્ત પ્રતોના આધારે યથામતિ સંશોધન કરીને પહેલ વહેલાં પ્રસિદ્ધ કરેલ. તેવીજ રીતે પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. શ્રી સ્થાપિત શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ–સુરત, પં. શ્રી જિનવિજયજી, વોરા લલ્લુભાઈ મોતીચંદ શાહ આદિ દ્વારા પણ જુદું જુદું સાહિત્ય પ્રસિદ્ધ થવા પામેલ છે.

આ બધું પ્રસિદ્ધ થએલ સાહિત્ય આજે મળવું પણ દુર્લભ થયેલ છે, અને જે છે તે પણ જીર્ણપ્રાયઃ પરિસ્થિતિમાં છે. આથી તેના ઉદ્ધારની જરૂર હતી જ; તેવામાં નવામતી પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરિજી મ.શ્રીએ પોતાની 'હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા' તરફથી સંશોધન કરવાપૂર્વક નવી આવૃત્તિરૂપે થોડા ઘણાં રાસા બહાર પાડયાં છે, જે પ્રશંસનીય છે.

'તો પછી તમો, તેનું તે સાહિત્ય કેમ ફરી છપાવો છો ?' તેવી થતી આશંકા અંગે જણાવવું જરૂરી છે કે "પૂ. દીર્ઘ ચારિત્રી, સુગૃહીત નામધેયા, પૂર્ણસમાધિસ્થ સ્વર્ગતા એવા 'પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા' તરફથી પ્રકાશિત થતા રાસમાલા સંગ્રહ અંગેના આ પ્રાચીન સાહિત્યનું કાર્ય એવી વિશિષ્ટ કોટિનું છે કે તે તે મુદ્રિત અને અમુદ્રિત રાસાઓને પ્રાચ્ય હસ્તલિખિત પ્રતિઓ સાથે મેળવી તેમાંનાં ઉપયોગી પાઠોને મુદ્રિત અનુપયોગી પાઠોને સ્થાને જ દાખલ કરીને, બીજા પાઠાંતરોને તથા કઠીન અર્થોને ફુટનોટમાં આપવાપૂર્વક તેમજ શકય તેટલું શુદ્ધ બનાવવા પૂર્વક અતિપરિશ્રમે તૈયાર થતો આ રસથાળ, પૂ પ્રવ. શ્રી મુનીન્દ્રસાગરજી મ. તથા પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. આદિ પૂજ્યો તરફથી પીરસાય છે." જેથી આજ સુધીની છપાએલી યાને અત્યારે છપાતી એવી આવૃત્તિઓમાં 'સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા'નું પ્રકાશન, સહુથી આગવું સ્થાન ભોગવશે તેનું અમો ગૌરવ લઈએ છીએ.

દીર્ઘચારિત્રી-શાંતમૂર્તિ-સ્થવિર-સુસાધ્વીજી

# શ્રી અંજનાશ્રીજી મહારાજની

## જીવન-સુવાસ

ભાવનગર જિલ્લાના ત્રાપજ નામે ગામના વારૈયા કુટુંબમાં વિ. સં. ૧૯૬૩ના પોશ શુદિ ૧૩ ના શુભદિને તેમનો જન્મ થયેલ તેમના પિતાશ્રીનું શુભ નામ વારૈયા કલ્યાણજી દયાળભાઈ અને માતુશ્રીનું નામ હેમીબેન હતું. ચરિત્રનાયિક નુ નામ અનુપમા (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતાપિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની પુત્રીની સગાઇ ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત એવા ઠળીઆ નિવાસી દીપચંદ જેરાજભાઈના સુપુત્ર શા. હકીચંદભાઈની સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઈ રહેલા ધર્મનિષ્ઠ શ્રીયુત હકીચંદભાઈને ખબર પડતાં પોતાના ભાવિ સસરાને જણાવી દીધેલ કે-'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઇ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાયેલા વારૈયા કલ્યાણજીભાઇએ પણ જણાવી દીધું કે-'દીકરી એકવાર દેવાય અને મારી દીકરી અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય. માટે એક વખત દીકરીનો હાથ ઝાલી લ્યો પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં અને સં. ૧૯૮૪ સુધીના સંસારવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલી. તેમાં નાના ચાલાક પુત્રનું એચાનક અવસાન થતાં હઠી-ચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો. અને તેથી સહધર્મચારિણી અનુપમાનું સ્નેહ બંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ-વૈરાગ્યની વાતો સમજાવવા માંડી. પરિણામે છ વરસના ટુંકા લગ્ન ગાળામાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગાંસંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન એવી રસના ઇન્દ્રિય ઉપર કાબુ મેળવવારૂપ છએ વિગઈઓનો પોતે ત્યાગ કર્યો!

પોતાના સ્વામીને રંગ-રાગ અને મોજશોખને બદલે ત્યાગ-વૈરાગ્યમાં ઝુલતાં જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં પોતાની વાસનાઓ અને મોજશોખો ઉપર નિયંત્રણ મૂકી દીધું! એટલું જ નહિ પરંતુ બાળ-બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્ય-ભાવમાં આવી ગયાં! તે એટલે સુધી કે-પોતાનો સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદ ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શ નારી અનુપમાએ વ્હાલસોયી દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુંકુમનું તિલક કરાવીને પોતાનાજ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી!

ત્યારબાદ નાની કુમળીવયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમળા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૩ને સોમવારના રોજ પોતાના સાસરીયાં-કળીઆં ગામમાં પોતાના જ સ્વામીના હાથે પ્રવજ્યા અંગીકાર કરીને સાધ્વીજી શ્રી અંજનાશ્રીજીમ૦, સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી તથા મુનિ શ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ જેમ બને તેમ વધુ નિર્મળતા થાય

તેમ શક્તિ અનુસાર તપ-ત્યાગ-સ્વાધ્યાય-સાધુ આચારોનું દત્તચિત્તે પાલન તેમ જ વિષયકષાયથી અલિપ્ત રહેવાનું શીખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈને પણ પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે-'જ્યારે જાઓ અને જુઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ, પ્રસન્નચિત્ત અને પોતાની આત્મ સાધનામાં જ મગ્ન.'

આવાં સંયમીજીવનમાં માસખમણ ૧૬-૧૫-૧૧-૮ ઉપવાસની તપસ્યા, વીશ સ્થાનકની આરાધના, નવપદજીની નવેય ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતન પાવડીના છઠ્ઠ-અઠ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ છે. છેલ્લાં ચાર-પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરના કારણે તેમજ નવ વર્ષથી લાગુ પડેલા કેન્સરની અસહ્ય પીડાને કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્નમુખ મુદ્રા ! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્ય વર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી કેન્સર રોગની જાણ થવા પામી ન હતી ! આવી તેમની સહન શક્તિ અને સમભાવ હતો ! !

આવા પુણ્યશાળી ચરિત્રનાયિકા સાધ્વીજી મહારાજને છેલ્લા ૧ાા મહિનામાં તો કેન્સર રોગે જોર પકડયું ! ક્ષણ પણ બેસી ન શકાય તેવી પરિસ્થિતિ હોવા છતાં તલાજા શ્રી સંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીજી સમુદાયને લઈ ને ૨૦૪૧ના જેઠ વદી ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક બેસીને શહેરમાં ફર્યાં. પ્રવેશ બાદ ડૉક્ટરની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાય શાંત ન થતાં દિન પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે-અશાડ શુદિ ૫ ને રવિવારે સવારે ૧૦ાા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી-સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને-'વિદ્યા ! હવે હું જાઉં છું', તને અને બધી સાધ્વીને મારા મિચ્છામિ દુક્કડં' એમ સ્પષ્ટ જણાવેલ,

અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્ર મુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે- 'મને ધારણાપચ્ચક્ખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે 'સંથારો-દવા અને પ્રવાહી' સિવાયના સર્વના પચ્ચક્ખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આ આરાધના, પ્રસન્ન ચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિક શક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પૂર્વક 'મિચ્છામિદુક્કડં' દઈ ખમાવાતાં તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસીરાવતા જતા હતા. આ અવસરે આરાધનાકારક શિષ્યાઓનું ગળું સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાં સજાગ એવા તેઓશ્રી મક્કમ થઈને 'કેમ બોલતાં અટક્યાં? ચાલુ રાખો' એમ પ્રેરણા આપી-આપીને ૨ા કલાકની ચાલુ સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત-તપ-જપ-ત્યાગ-યાત્રા-સ્વાધ્યાય આદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમય દશામાં દીર્ઘચારિત્રી-સ્થવિર અને 'પૂ. બા. મહારાજ' ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજીશ્રી અંજનાશ્રીજી મ૦શ્રીનો આત્મા, બપોરે ૧-૫૫ મીનીટે નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો!

દશ જ દિવસની સ્થિરતા દરમ્યાનમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થકમિટિએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો, એટલું જ નહિ પણ એક મહાન્ આચાર્યમ૦ની પાલખી નીકળતી હોય તેવી રીતે પાલખી સાથે સ્મશાનયાત્રામાં ૧૫૦૦થી૧૭૦૦ ભાઈ-બ્હેનો જોડાએલ. ચરિત્રનાયિકા પૂ૦ ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર ફોનથી મળી જતાં ભાવનગર-પાલીતાણા-ઠળીઆ-ત્રાપજ-તણસા-દેવળીયા સોનગઢ-દાઠા-મહુવા-પીપરલા-પાવઠી-કામરોળ વગેરે ગામોના ભાઈ બ્હેનો પણ સમયસર સ્મશાનયાત્રામાં જોડાવા પામ્યા હતા.

આમ પચાસ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃસ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા શ્રીસંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અષ્ટાહ્નિકા મહોત્સવ કરેલ

અને તે અવસરે જીવદયાની છૂટે મને થયેલી ટીપામાંથી પૂ. બા. મ૦ની સ્વર્ગવાસની કાયમી તિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરી-યાળી પાંજરાપોળમાં, ૫૦૧) સમઢીયાળા પાંજરાપોળમાં, ૫૦૧) પાલીતાણા પાંજરાપોળમાં, રૂા. ૧૦૭૧) તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧) પૂ. આ૦ દેવશ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦ની સ્વર્ગા-રોહણ તિથિની કાયમીતિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ તેવી જ રીતે જોરાવરનગરના શ્રીસંઘે લખતર પાંજરા-પોળમાં પૂ૦બા૦મ૦ની કાયમી તિથિ નોંધાવીને **પૂજ્ય બા મહારાજ** શ્રી પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

દીર્ઘસંયમી – શાંતમૂર્તિ – ચારિત્ર પરાયણા–પ્રાતઃ સ્મરણીયા પૂ૦ ગુરુણીજી મ૦નું નામ અમર રાખવાના ઉદ્દેશથી **પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા'** ચાલુ કરીને તેનાં મણકાઓ રૂપે પૂર્વ મહર્ષિઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત અને અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારી સંસ્થાઓ નિર્ધારેલ છે. આવા અમારા ભવોદધિ તારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ૦ ગુરૂણીજી શ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી૦

આપના વિરહથી તરફડતી
આપની બાલશિષ્યાઓ.



## રાસ અને રાસકાર અંગે બે બોલ.

લે. પં. શ્રી નરેન્દ્ર સાગરજી તલાજા ૨૦૪૧ ધનતેરશ

**'સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા'** તરફથી છપાતાં રાસમાળા સંગ્રહનાં ભાગો પૈકીના આ પ્રથમ ભાગમાં કર્મ **સત્તાની પ્રબલતાને** સૂચવતા એવા (૧) મહાસતી અંજના સુંદરી રાસ, (૨) ગૌતમ પૃચ્છા રાસ, (૩) કર્મ-વિપાક અથવા જંબૂ પૃચ્છા રાસ અને (૪) લીલાવતી રાણી અને સુમતિ વિલાસ રાજાનો રાસ" આમ ચાર રાસ મુદ્રિત કરવામાં આવેલ છે.

**મહાસતી અંજના સુદરી રાસના** કર્તાનો પરિચય તેમજ રચના સંવતનો કોઇ ઉલ્લેખ જણાયો નથી; પરંતુ રાસના અંતે 'સીતા આખ્યાન'નો ઉલ્લેખ હોવાથી તે કૃતિ સં. ૧૬૨૮ની સાલમાં રણથંભોરમાં રચ્યાનો ઉલ્લેખ છે. તેથી કવિનો સત્તા સમય ૧૭મી શતાબ્દિનો નિશ્ચિત થાય છે, પણ તેમની વંશ પરંપરા કે કવિના નામનો ઉલ્લેખ ન હોવાથી આ રાસના કર્તા અજ્ઞાત કવિ છે. બીજા બીજા કવિઓના પણ રાસો બનાવેલ છે તે અવસરે છપાવવાનું રાખેલ છે.

**બીજો ગૌતમ પૃચ્છા રાસ** 'ગૌતમ સ્વામીએ કર્મ અંગે પૂછેલાં પ્રશ્નોના ભગવંત મહાવીરદેવે આપેલા સમાધાનોની, ફુલગૂંથણી તરીકે છે. તેના કર્તા કવિરત્ન શ્રી લાવણ્ય સમય છે. જેમનો સત્તા સમય ૧૬મી શતાબ્દિ છે. તેઓ તપાગચ્છા-ધિરાજશ્રી સોમસુંદર સૂરિની પાટે થએલા પૂ. લક્ષ્મીસાગરસૂરિ, પૂ. સોમસાગરસૂરિ, પૂ. સુમતિ સાધુસૂરિ, ઇંદ્રનંદિસૂરિ, રાજપ્રિય સૂરિસંતાનીય શ્રી સમયરત્નવાચકના શિષ્ય છે.

કવિશ્રીનો જન્મ સં. ૧૫૨૧ના પો. વ. ૩ના રોજ અમદાવાદમાં થયો અને સં. ૧૫૨૯ના જેઠ શુદિ ૧૦ના રોજ

પાટણના પાલણપુરી ઉપાશ્રયમાં લક્ષ્મીસાગરસૂરિજી મ૦ના હસ્તે ધામધૂમથી નવ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. ક્રમે પંડિતરત્ન થયા. તેઓએ નાના મોટાં મળીને લગભગ પચ્ચીશેક રાસાઓ બનાવ્યા છે તેમાંની આ પ્રથમ કૃતિ ગણાય.

**ત્રીજો જંબૂ પૃચ્છાનો રાસ,** કે– જેમાં ચરમકેવલી શ્રી જંબૂ સ્વામીએ પૂછેલાં પ્રશ્નો અને તેનાં પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીએ આપેલા ઉત્તરોની ફુલગુંથણી રૂપે છે. આ રાસના કર્ત્તા, વીરજી મુનિ છે. જેઓશ્રી પાયચંદ ગચ્છના પાર્શ્વચંદ્રસૂરિના સમરચંદ્રસૂરિ - રાજચંદ્રસૂરિ - દેવચંદ્રસૂરિજીના શિષ્ય છે. તેમની આ સિવાયની બીજી કોઈ કૃતિ ધ્યાનમાં નથી.

ચોથો **લીલાવતી રાણી–સુમતિ વિલાસ રાસ,** જેમાં કર્મ સંયોગે સ્વામીનો બાર વર્ષનો વિરહ થવો આદિનું વૃતાંત છે. આ રાસના કર્તા વાચક ઉદયરત્ન ગણિના નામથી કોણ અજાણ છે? તેઓશ્રીનો સત્તા સમય ૧૮મી શતાબ્દિનો છે. અને રાસમાં અંતે જણાવ્યા મુજબ શ્રી વિજયરાજસૂરિની પાટે ૧૧મા પટ્ટધર તરીકે તેઓશ્રી છે. આ ઉદયરત્ન વાચકજીએ પચ્ચીશેક નાનાં–મોટાં રાસાંઓ ઉપરાંત સ્તવનો–સજ્ઝાયો આદિ ઘણું વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચેલ છે.

આ રાસમાલાના પ્રથમ ભાગમાંના ત્રણ રાસાઓ શા ભીમશી માણેકના છપાયેલ રાસાઓ મુજબ છપાઈ ગયા પછી 'પૂ૦ શાસન **કંટકોદ્ધારક જૈન જ્ઞાન મંદિર ઠલીઆ'**ના જ્ઞાન ભંડારની હસ્તલિખિત પ્રતો મળવાથી શુદ્ધિ અને વૃદ્ધિ રૂપે સંશોધન થવા પામ્યું નહી. જેથી તે શુદ્ધીકરણ અને વૃદ્ધીકરણ આ સાથે નીચે આપવામાં આવે છે તો તે પ્રમાણે શુદ્ધીકરણ-વૃદ્ધીકરણ બંને લક્ષ્યમાં રાખી વાચકોને વાંચવા વિનંતિ છે.

પૂ. શાસન કંટકોદ્ધારક' સૂરિજી જૈન જ્ઞાન ભંડાર-
ઠળીઆ હસ્તલિખિત પ્રત નં. ૫૦૫ પાના ૨૭
લખ્યા સં. ૧૮૬૮ના પો. શુ ૨ વાળી પ્રતના આધારે-

# શ્રી અંજના સુંદરી રાસનું વૃદ્ધીકરણ

**મુદ્રિત પૃ. ૧ શરૂઆતના દૂહા પહેલાં ઉમેરો—**

" શ્રી ગણધર ગૌતમ પ્રમુખ, એકાદશ અભિરામ; મન વંછિત સુખ ઉપજે, નિત સમરંતા નામ ॥ ૧ ॥ પ્રથમ ઉદ્યમ મેં માંડીયો, મતિ અતિ દીસે મંદ; તિણે કારણે પહેલા નમું, શ્રી ગણધર સુખકંદ ॥ ૨ ॥ સરસ્વતીપદ પંકજ સદા, પૂજું બે કર જોડ; કહણ કથા ઉદ્યમ ઘણો, માત ! મ આણો ખોડ ॥ ૩ ॥ સેવકને સાંનિધ્ય કરી, દેજો અવિચલ વાણ; જિમ વેગે સિદ્ધિ ચડે, કાંઇ મ રાખીશ કાંણ ॥ ૪ ॥ વલી પ્રણમું સદ્ગુરૂ વડાં, જેણેથી હુઆ સનાથ; પાપ પડલ પાછા કીયાં, સૂત્ર શાસ્ત્ર દઇ હાથ ॥ ૫ ॥ જગમાંહિ મોટો અછે, સુગુરૂતણો ઉપકાર; જાણીને માને નહિ, સાચા તેહ ગમાર ॥ ૬ ॥ મન શુદ્ધે સહુ પ્રણમી કરી, કરીશું સતીનાં વખાણ; સુણજયો એક મના થઈ, જેમ હોયે જન્મ પ્રમાણ ॥ ૭ ॥ પવનંજય રાજાતણી, અંજના સુંદરી નાર; તાસ કથા સુણતાં થકાં, હોશ્યે અલ્પ સંસાર ॥ ૮ ॥ સતી શિરોમણી અંજના, શીલવિભૂષિત દેહ; નામ જપતાં પ્રહસમે, આપે રિદ્ધિ અછેહ ॥ ૯ ॥ તિણીરો સખર સંબંધ છે, મીઠો સાકર દ્રાખ; રસ લેજયો ભવિઅણ તુમે ભાખે મુનિવર ભાખ ॥ ૧૦ ॥ કિમ તેણે સુધાં મને, કીધો શીલ જતન્ન; સાવધાન સહુ થાજો, સાંભળવાં સુવચન ॥૧૧॥

**મુદ્રિત પૃ ૪ ગાથા ૮ પછી ઉમેરો—**

શ્રીફળ લઈ જન મોકલ્યો; રતનપુર જાય ઉગતે ભાણ;

રાય પ્રધાન પૂછી તિહાં, લગન વધાવીને કરેજી મંડાણ; મોટો મોટો મહોચ્છવ માંડીયો, વાજે છે ઢોલ નીસાણેજી ધાય, મંગલ ગાવેજી ગોરડી તિહાં માત પિતા હરખરંગ ન માય તો....તો સતી રે૦ ॥ ૯ ॥ રાય પ્રધાનને તેડાવીયો, લખ્યો કાગળ મોકલી જાંન, હય ગય રથ ઘણાં જોતર્યાં, નોતર્યાં સાજન દઇ ઘણાં માન; તેડીજી સર્વે સોહાગિણી, વસ્ત્ર આભરણ ભર્યાં રથ ઠેકાંણ; ખચર ભર્યાં કે કનકશું, સારી સનાહ ને પોઠીએ પાંન તો....તો સતી રે૦ ॥ ૧૦ ॥ સામંત સાથે મોકલ્યાં, ગાઢી સુભટ સેના સાવધાન; પુરોહીતને એમ પ્રીછવ્યો, મોડીજી કરણ દેવરાવજો દાન, સગપણ સખરો જી સાચવી, મોટાંની પૂરી વધારજયો માંન; લોકને ભલીપરેં સાચવી, ઉપર આપજયો ફોફલ પાંન....તો૦ સતી રે૦ ॥ ૧૧ ॥ દરસણ મારો વિદ્યાધર રાયનેં, આશીષ કેતુમતીજી માય, લૂંણ ઉતારેજી બેનડી, વીરનું ઘણુ વાધજો આય; પવનંજય પરણવા સંચર્યાં, ગાજેજી અંબર વાજે જી તૂર, અશ્વ ચઢયાજી ઓપે ઇસ્યાં, જાન ચાલે જાણે ગંગાનો પૂર....તો૦ સતી રે૦ ॥ ૧૪ ॥ લગન તણો....

**પાનું ૮ ગાથા ૧૨ પછી ૭ દુહા ઉમેરો—**

"દૂહા—આપ કુમર સુઢે તિહાં, કપડ કોટ આવાસ; અંતર જામી આપણાં, પાસે મિત્ર ખવાસ [?] ॥ ૧ ॥ બેઠાં સુખવાતો કરે, ગાથા ગૂઢ વિચાર; તિણ અવસરહે પંખીયાં, બોલ્યાં રાત્રિ મઝાર ॥ ૨ ॥ મિત્ર ભણી પૂછે કુંવર, એ પંખીકું કયા નામ; રાત્રિસમે બોલે જી કે, અટવી માંહે અકામ ॥ ૩ ॥ સ્વામી એ છે પંખીયાં, ચકવા ચકવી જોડ; નિશિ વિજોગી દિન મીલે, દૈવે દીધી ખોડ ॥ ૪ ॥ સ્રી વિણ નર ન રહી શકે, નારી વિણ ભરતાર; યામિની ફરતાં નિશિ તણાં, પહોર વિહાઇ ચાર ॥ ૫ ॥ સુણો મિત્ર આપું વાતડી, આછી કહું નિગેમ; તુઝથી એ પંખી ભલાં, જે ધટ એવડુ પ્રેમ ॥ ૬ ॥ સાંઝ પડે દિન

આથમે, ચકવી ભખે ન ફૂર; ચલો ચકવા ! ઉણ દેશમેં, જિહાં દિન આથમે ન સૂર ॥ ૭ ॥

**પૃ. ૧૦ ગાથા ૬ પછી દુહાની ૧૪ ગાથા ઉમેરો.**

"દૂહા–વિરહ મીટયો કુંવરીતણો, શીતલ થયું શરીર; સુખ ઉપન્યું (અને) વિકસ્યું અંતર હીર ॥ ૧ ॥ વરતરૂણી સંતોષશું ગાઢું મળીયું મન; માંહોમાંહિ રંગશું, બોલે હિત વચન ॥ ૨ ॥ કુમર ચતુર ડાહ્યો ઘણો, ખેલે રંગ ઉચ્છાહ, દુઃખ બારાં વરસાંતણું, વીસરીયું ખણમાંહ ॥ ૩ ॥ હસતાં રમતાં રંગશું, પ્રહ વહતા સુપ્રકાશ; ઉઠયો કુંવર ઉતાવળો, મ્હેલી રંગવિલાસ ॥ ૪ ॥ પવનકુમારને ચાલતાં, રમણી ઝાલે હાથ; કુમર છોડાવે તાણીને, તો વળી ઘાલેં બાથ ॥ ૫ ॥ હે સુંદરી ! તું છોડી દે, બોલે પવનકુમાર; કટક સહૂ બાહિર ખડો, થોભણરી નહિ વાર ॥ ૬ ॥ પ્રીતમ ! તુજ છોડું નહિ, નયણે દીઠો નીઠ; નેહ ન જાયે વલ્લહા, લાગ્યો રંગમજીઠ ॥ ૭ ॥ સુકુલિણી ! સંતોષ કર, રહેતાં ન સરે આજ; રણમેં ઉભા લશ્કરી, કોડિ અલુધો કાજ ॥ ૮ ॥ ખિણ ખોળે બેસે સૂઇ, ખિણ મુખચુંબન દેઇ; ચાલણરાં પગલાં ભરે, તિમ તિમ નયણ ભરેઈ ॥ ૯ ॥ આપ કુમર જળ આંખિરૂં, લૂહે પલ્લવ લેઈ; હરણાક્ષી દે હરખશું, શીખ સઉજમ દેઇ ॥ ૧૦ ॥ સિધાવોજી સિદ્ધિ કરો, પૂરો થાંકા કોડ; મનસુખ ઘણી તવ પાવશ્યે, જબ તુજ મિલશ્યે જોડ ॥ ૧૧ ॥ સતી કહે પ્રભુ માહરાં ! ઋતુસમય છે આજ; અહિનાણી સાચી દીયો, પૂંઠે જિમ રહે લાજ ॥ ૧૨ ॥ કુમર વિમાસે ચિત્તમાં, લોક બોક કહેવાય; નામાંકિત નિજ મુદ્રડી, સ્ત્રીને દીધી સાર ॥૧૩॥ શીખ કરી ચાલે કુમર, કટક ભેગે થાય; મિત્ર કહે સંતોષલો સિઉ, ભલું કીધું તે ભાય ॥ ૧૪ ॥

**પૃ. ૧૨ ગાથા ૫ પછી ૪ દૂહા ઉમેરો—**

"દૂહા–પવનજી પરદેશમાં, વહૂ વધીયું છે પેટ; હૂંજાણેંથી

હોયસી, સોહી હૂઆ નેટ ॥ ૧ ॥ કુલ મોટે તું ઉપની, જાુતી મોટે ભાર; એસો કામ કરવું નહિ, તુજને તીન ધિક્કાર ॥૨॥ ચંદન વિણસે ધૃતસ્યું, નારી વિણસે કુશીલ; લોકોમેં અપજશ કુવે, નાસે દોલતલીલ ॥ ૩ ॥ પય વિણસે કાંજીરસેં, ધૂલેં કેસરરંગ; કુલ કુનારીના સંગથી, લંછન લાગે અંગ ॥ ૪ ॥ ઢાલ–"

**પૃષ્ઠ ૨૨ ગાથા ૧૦ પછી ૧ દૂહો ઉમેરો—**

"દૂહો–સર્વવ્રતને વિષેં, શીલ વડું પ્રધાન: શીલેં સુર સેવા કરે, શીલ પરમનિધાન ॥ ૧ ॥....અનુક્રમે સુખક સાત રાત ॥ ૨ ॥ [?]"

**પૃષ્ઠ ૨૮ ગાથા ૨૦ પછી ૩ દૂહા ઉમેરો—**

"દૂહા–પવનંજય પધારીયાં, હણુપાટણમેં જાય; સગાં સહુ રાજી થયાં, મીલીયાં સબહી કોઈ ॥ ૧ ॥ હવે મહેલમાં સંચર્યા, પવનજી હરખ અપાર; હનુમંતસેતી પાયે નમી, અંજના હરખી સાર ॥ ૨ ॥ સાચેં તે ઉતરી સતી, ઘર આયો ભરતાર; સતી કલંક જ ઉતર્યું, ભલો નિકર્યો નિસ્તાર ॥ ૩ ॥ ઢાળ"

**પૃષ્ઠ ૩૦ ઢાળ ગાથા ૨ પછી દૂહા ૩ ઉમેરો—**

"દુહા–સજી સજી સબહી શૂર, આપણી આપણી ફોજ લઇ; આવે નૃપ હજાુર, મોહલા લિજીયે (?) ॥ ૧ ॥ મનમાં ધરી ઉમેદ, ડેરા ઠોકે હવે; કાંઢયાં રણશું ખેદ, શૂરા સામંત મોખરી ॥ ૨ ॥ વાજે સિંધુવાજ, શસ્ત્ર ગ્રહી કરી રજપુંજ તારીયાં (?) ખબર પડશેં સાહિબા ॥ ૩ ॥ ઢાળ"

**પૃષ્ઠ ૩૧ ઢાળ ગાથા ૧ પછી દુહા ઉમેરો—**

"દુહા–નંદન વરૂણતણાં ઘણાં, ખીજયાં રાવણ ધામ; હનુવંતે તે અંગજ બાંધીયા, વિદ્યાને બલેં તામ ॥ ૧ ॥ હનુમંત ઉપર વરૂણજી, આવ્યા હુઈ વિકરાલ; રાવણ ધાયો રોષ કરી, પવન જીતે તલકાલ ॥ ૨ ॥ ઢાલ–"

**પૃષ્ઠ ૩૨ના દુહા ત્રણને બદલે ૬ આ પ્રમાણે—**

"દુહા–પુત્રી સ્વરૂપ અનંગતણી, અનંગકુસુમા નામ; હનુમંતને વિવાહી સહી, રાવણ જાણી સકામ ॥ ૧ ॥ પદ્મશૂરકી પુત્રિકા, વાનરપતિની જોય; નલરાજા હરિમાલિની, પરણાવી તિહાં હોય ॥ ૨ ॥ અનેરી અનેરાં વિદ્યાધરેં, પુત્રી એક હજાર; પરણાવી હનુમંતને, ધર્મે સદા જયકાર ॥ ૩ ॥ રાવણનો આદર લહી, પરણી નાર ઉમેદ; હનુમંત આવ્યો નિજ ઘરે, માતપિતા આનંદ ॥ ૪ ॥ અબ મિથિલા નગરી ભલી, હરિવંશી રાજાન; વાસવકેતુ સોહામણાં, વિપુલા નાર સુજાણ ॥ ૫ ॥ તેજ પ્રતાપેં આગલો, જનકનામ જગ જોય; પ્રજાનાં પાલક ભણી, જનકસરીખાં હોય ॥ ૬ ॥ ઢાળ–"

**પૃષ્ઠ ૩૩ ગાથા ૩ પછી ૨ દુહા ઉમેરો—**

"દુહા–વિષય વિટંબણ બૂરી, જિમ તાલપુટકો વિષ; ભોગવતાં સુખ માનીયે, પછી ઉપજેં દુઃખ ॥ ૧ ॥ અનુમતિ ઘો સંયમ ગ્રહું, મ કરો કોઈ ઢીલ; સંજમ સુધું આદરી, પામું શિવપુર લીલ ॥ ૨ ॥ ઢાલ–"

**પૃ ૩૩ ઢાલ ગાથા ૪ પછી બીજી ૫ ગાથા આપ્રમાણે ઉમેરો**

" વિલંબ સ્વામીજી તે કરે, જેહને મરણશું હોવે મિત્રાચાર તો, વિલંબ સ્વામીજી હું કેમ કરૂં ? મરણ કટક આયો ઘરબાર તો ॥ કર્મ વિલંબ સ્વામીજી હો જે કરે, મરણ આવે કહો કિહાં જાએ નાસ તો ?; રાખણહારો કો નહિ, મરણતણો મુને નહિ વિશ્વાસ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ વાત સુણો રાજા મન લીયો, ઇંદ્રીનાં વિષય નર્કે લઈ જાય જી; છેદન ભેદન દુખ સહે, જે રહે માયામાં લપટાય; જીવ ન લહે સુખ શાશ્વતાં, મનુષ્ય જન્મ તાસ અલેખો જાય તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ અંજના કહે સુણો સ્વામીજી, માતપિતા સુત વહૂનાર, તે સહુ ગગનધનુષ આકાર તો; એક ખણમેં વિણસેં સહી, હસ્તી રથપાલાજી કેકાંણ, આભિપટલસમ જાણજો, જનમે

સો મરેંજી પ્રમાણ તો ...તો૦ સતી રે૦ ॥ ૭ ॥ જ્ઞાની કહે તિમ જાણો વિચાર, આયુ ગલે જબ ગ્રહેજી કાલ; હંસને શરણું જી કો નહિ, બ્રહ્મા ઇંદ્ર રક્ષા કરે પણ, જમ ન છોડે નિશ્ચૈ જી ખાય; જીવ તો બહુ લાલચ કરે, બાંધ્યા કર્મ તિહાં ચલી જાય તો....તો૦ સતી રે૦ ॥ ૮ ॥ અંજના અધિક વૈરાગીયા, પાપનો મૂલ સંપદા જાણ, સદા હો દાતાર છે દુઃખની; માત પિતા ત્રીયા મોહને પાશ, બાંધ્યા હો જીવ છૂટે નહિ, ભાઈ ધન મુનિવર તે ગયા વનવાસ....સતી રે૦ ॥ ૯ ॥ આજ નાહે જાણું જી આ વાર, લીજે જી સંયમ તપ અતિસાર, મુક્તિને સબલી હી જાણવી, ક્રોધ માયા લોભ તે માનજી; સંગ્રહે જીવ ચેતે નહિ, પાવેજી સદા અશુભનો વાંન તો.... તો૦ સતી રે૦ ॥ ૧૦ ॥ વચન સુણી રાય રંઝીયો૦

## પૃ. ૩૩ ગાથા ૮ પછી ૨ દુહા ઉમેરો

" દૂહા—પંચ સમિતિ ત્રણ ગુપ્તિ લે, ચાર મહાવ્રતધાર; વ્રત શીલાદિ શુદ્ધ ધરે, વસંત માલા છે લાર ॥ ૧ ॥ હનુવંત આંસું તવ કરે, (ઝરે) શોક કરે અનરાય; માત પિતા બેહું મલી, તે તપવનમાં જાય ॥ ૧ ॥ ઢાલ—"

## હસ્તલિખિત પ્રતના આધારે મહત્ત્વનું શુદ્ધીકરણ

| પૃષ્ઠ પંક્તિ | મુદ્રિત પાઠ | હ. લિ. પ્રતનો પાઠ |
|---|---|---|
| ૨–૯–૧૦ | ત્યાં રાવણુ જગપાલ તો | ત્યાં શવલ જગમાલ તો |
| ૨–૨૭ | ભરયૌવન સુવિલાસ | હરખ્યો અતિ ઉલ્લાસ |
| ૪–૩ | ધનુષ્ય ચઢાવીને | જેણે ધનુષ્ય ચઢાવીને |
| ૪–૧૫ | આવ્યો સામેચે એ | સ્હામો આવીયો એ |
| ૪–૨૧ | બંધન શાળામાં | કે વધશાળા |
| ૪–૨૭ | તાજા તુરંગમ | તેજી તુરંગમ |
| ૫–૬ | મારી જીવન | મારાં જીવને |
| ૬–૯ | નાહનેહ નીપટ નહિ. | નિઃસનેહી નીપટહી |
| ૬–૨૫ | કરાવી ભીંત તો | કરવી છે ઉંચી રે ભીત તો |

| પૃષ્ઠ પંકિત | મુદ્રિતપાઠ | હ. લિખતનો પાઠ |
|---|---|---|
| ૬–૨૬ | લીયાં | કર્યાં |
| ૭–૨ | અન્ય આભૂષણ મોકલ્યા ચીર તો | મુજને ભૂષણ મ મોકલો વીર તો |
| ૭–૧૯ | મારગમાં ઉભી | મારગમાં ઉભા રહો |
| ૭–૨૪ | કરી સંચર્યો, | દલ સંચર્યો. |
| ૭–૨૭–૨૮ | ચિત્ર તો, પૂતલી લખી રે રંભા જિસી, ચતુર ચિતારાનું જાચું એ નામ તો, | ચિત્રામ તો॥ પૂતલી આલેખીરે રંભા જિસી, એહ ચીતારાને આપું રે ગામ તો |
| ૮–૧૩ | ઓછંગે, અઢાર, અલગી | ઓઢંગે, કાંય, આઘી |
| ૮–૧૪ | નગર થકી | નગરથકી દલ સંચર્યા, મારગ |
| ૮–૧૭ | નારીતણું | જુઓ નારીતણું |
| ૮–૧૯ | એવડો કાંઇ આણો હિયડે ભર્મ | તુમ હિયડે કાં આણો ભર્મ |
| ૮–૨૬ | હમારા મિત્ત | હમારી વાત |

૮–દૂહો બીજો–ખોટું કારજ કીયું ઘણું, મેં સંતાપી નિજ નારઃ વચન અતુલ કહ્યા અતિ, અબ કેમ પહોંચે સાર ॥ ૨ ॥ એ પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૯–૫ | મહોલમાં | મહેલમાં |
| ૯–૧૯ | રે લગી | તું નિરમલી |
| ૧૩–૫ | નિર્મલી તો | નિર્મલી થાય તો |
| ૧૩–૨૩ | જિહાં | તિહાં |
| ૧૪–૧૧ | મૂલ દૂષણ માહરૂં નહિ, | દોષ નહિ કોઇ માહરો, |

૧૪–૧૩ મી લીટી આ પ્રમાણે–'રાજા વચન ઉથાપ્યાં થકાં, રૂંઠે રાણી રાય."

| | | |
|---|---|---|
| ૧૫–૨૪ | રાજી થયો, તોરણ બાંધો તો | મન રીઝીયો, દાખવો સાથતો |
| ૧૫–૨૫ | તેડાવ્યા સાથ મહેન્દ્રનાથતો | તેડાવો રાય પ્રહલાદનોસાથ તો |
| ૧૬–૪ | આણી પમાય તો, | આપણી માય તો, |
| ૧૬–૧૦ | કોટવાલી કરી નિરખીયું, | કોટિ વાલી જોવે કામિની. |
| ૧૭–૨૫ | તમતણાં વીરનું ફેડશે ઠામ તો. | તો અમને પણ કાઢશે તુમ તણો વીર તો, |

| પૃષ્ઠ પંક્તિ | મુદ્રિત પાઠ | હ.લિ. પ્રતનો પાઠ |
|---|---|---|
| ૧૮-૨ | દેખાડયાં | દીધાં |
| ૧૯-૧૧ | એહવા રાયને ઉપજ્યો ખ્યાલ તો | એ કિશ્યો રાયને ઉપજ્યો ખ્યાલ તો. |
| ૨૦-૫ | કોઇ રાખશે વીર તો | કોઈ ઘર રાખશે વીર તો |
| ૨૦-૧૦ | નગર નરનારી | નગરની નારી |

૨૧-૧૦ થી ૧૬ આ પ્રમાણે-'પહેલે રે ભવ ખમાવતી, અહોનિશ કરતી હો જિનતણી સેવ, સિંહરથ પુત્ર તે તુમ્હ તણો, જાય પાડોસિણ અપહર્યો દેવ; તેર ઘડી લગે ટલવળી, જિનતણે વિરહે અન્યાય કરી એમ તો ॥ જિહાં લગે દેવ દેખું નહિ, તિહાં લગે અન્નપાણી તણો મુજ નીમ તો.... તો૦ સતિ રે૦ ॥ ૨ ॥ સાધુજીને તુમ્હે પૂછીયો તે થકી, ત્હારે મન વસીયો વૈરાગ તો ॥ આપી દેવને પાયે નમ્યા;'

| | | |
|---|---|---|
| ૨૧-૧૯ | તિહાથકી ચવી તમે સુરથયા, સ્વર્ગથકી હુઆ રાજકુમારી તો ॥ | સિંહરથ પુત્ર તે તપ કરી, તારી કુખે લીધો અવતાર તો ॥ |
| ૨૨-૧૨ | કેસરી છેદ્યો | નખે કરી કેસરી છેદ્યો |
| ૨૨-૧૩-૧૬ | તજી, * મામોજી | તણે * મામો ઈહાં |
| ૨૩ ૬-૧૧ | જાણે કે * નયણે | જાણે કરમાંહે*તિવારે નયણે |
| ૨૫-૨૩ | થયોજી મુઝ તો | હુવો ઘણો ઝુઝ તો |
| ૨૫-૨૬ | તો પરતણા શિર વહે, | પરતણા સંથવે, |
| ૨૬-૯ | મનમાંહે માટે ઉપની છે રીશ તો ॥ | મારા મનતણી ઉતરત રીશ તો ॥ |
| ૨૬-૧૬ | અતિદુઃખ રાયને સાંભરે, | અતિદુઃખભર્યા ને ઉભાખડાં, |
| ૨૭-૮-૧૨ | પાય નમે * કુંવરી | પાય પડે * કુંવર |
| ૨૮-૨૫ | સતીને મં | મેં તુમને |
| ૨૮-૨૬ | મેં બહુ વગોવણ તુજ કરી, સાસુ કહે ખમજો મારો અપરાધ તો. | વહુને વગોવી હું શ્યું કરૂં, કર્મ તો અમતણાં જોય તો. |

| પૃષ્ઠ પંક્તિ | મુદ્રિત પાઠ | હ.લિ. પ્રતનો પાઠ |
|---|---|---|
| ૨૯-૪ | હું વન ગઇ * હર્ષવચન | હું તો વનગઇ * હર્ષવદન. |
| ૨૯-૧૫-૧૬ | સાથ તો * છાય તો | આથ તો * ઠાય તો |
| ૩૦ ૭ | પ્રતિસૂર્યને પવનજી, નૃપટ બોલ્યા તેણીવાર. | પ્રતિસુર્યને પવનનૃપ, બોલાવ્યા તેણીવાર. |
| ૩૦-૮ | નિઃખેદે | નિષેધે. |
| ૩૦-૧૧ | હનુમંત હઠ કરી ચાલીયો, | હનુમંત ચાલ્યો હો કટકમેં |
| ૩૦-૧૩ | મામાએ આવી છોડાવીયાં, | મનવેઆ આવીને લાજીયો. |
| ૩૦-૧૪ | પ્રમાણ તો. | પ્રણામ તો. |
| ૩૦ ૧૮ | જોધપુરે જઈ કીધુ મેહેલાણ તો ॥ | મેઘપુરી પડી હલકારે રેટેલ તો ॥ |
| ૩૦-૨૬-૨૭ | બજરંગી * કોણ પિતા તુમ કુંવરજી | હનુમંતને * કોણ પિતા છે તુમ તણા, |
| ૩૦-૨૮-૨૯ | નો છેલ્લો દુહો આ પ્રમાણે વંશ વિદ્યાધર દીપતો, પિતા પવન અંજના માતઃ બાલકવેશ છે હમતણો, પણ દેખો માહરા હાથ. ॥ ૨ ॥ | |
| ૩૧ ૩ | જો મુજ આવ્યો વરૂણને, | જો મુખ આયો રાજા વરૂણને |
| ૩૧-૫-૧૦ | આવ્યા * રણમાય તો | આવોને * રથમાંય તો |
| ૩૨ ૩ | મોટપ આણી મનાવિયાં, | મોટાં રાય આણી મનાવીયાં, |
| ૩૨-૮-૨૧ | પિયુ * હવે દાનપુણ્ય | પ્રિયા * પાપ પ્રલયગત. |
| ૩૩-૪ | પવનજી વળતા રે ઈમ કહે. | પવન જયતિવારેહોચમકીયો. |
| ૩૩-૧૫ | ધરી રહ્યો. | રૂંધી રહ્યો, |
| ૩૪-૧ | બાંહે સોનાતણી પહેરી છે ચૂડી તો ॥ | બાંહુતણી તિહાં પરિહરી ચૂડી તો ॥ |

૪૨-૧૪ ગાથા ૧૦૨ પછી આટલું ઉમેરો.

'તપગચ્છનાયક પૂનમચંદ, સિરિ સોમ સુંદરસૂરીંદ, તસુ અન્વયે સોહે ગુરૂચંદ, શ્રી લક્ષ્મીસાગરસૂરિંદ ॥ ૩ ॥ સોમદેવ સૂરિ સોમસમાન, સૂરિ સોમ જે સૂરિ યુગ પ્રધાન; તપગચ્છ-નાયક નયણાનંદ, શ્રીગુરૂ સુમતિસાધુ સૂરિંદ ॥ ૪ ॥ શ્રીઇંદ્ર-નંદિસૂરીશ્વર ગણધાર, કરી અભિનવ ગોયમ અવતાર; તપગચ્છ ઉદયો અભિનવ ભાણ, શ્રી રાજપ્રિય સૂરિ સુજાણ ॥ ૫ ॥ ”

# મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ

### દોહા

શિયલ સમોવડ કોઇ નહિ, શિયલ સબલ આધાર;
શિવસુખ પામે શિયલશું, પામે ભવનો પાર ॥ ૧ ॥
જીવ જગતમાં ઉદ્ધર્યા, જેહનું અવિચલ નામ;
શીયલવતી અંજનાતણો, રાસ ભણું અભિરામ ॥ ૨ ॥

## ઢાળ પહેલી

તો જી હો પહેલેને કડવે હો પાય નમું, ભવદુઃખભંજન જે ભગવંત તો ॥ કર્મ કાયાતણાં કાપશું, પરભવ પાપનો આણશું અંત તો ॥ રાસ ભણું સતી અંજના, દાન દયાગુણ શીયલ સંતોષ તો ॥ વિરહિણી વલી રે વૈરાગિણી, સંયમ સાધીને ગઈ સુરલોક તો.... તો જી હો સતી રે શિરોમણી અંજના ॥ ૧ ॥ તો જીહો સતી રે શિરોમણી ગાઈશું, ઉપની વંશ વિદ્યાધર માંય તો ॥ નામે હો નવનિધિ સંપજે, એનું ભજન કરતાં ભવદુઃખ જાય તો.... તો. સતીરે. ॥ ૨ ॥ બ્રાહ્મી ને સુંદરી વંદીયે, રાજા હો ઋષભતણે ઘરે ધુય તો ॥ બાલપણે તપ વન ગઈ, કામભોગ ન વાંછ્યા જેહ તો ॥ સતી રે વંદુ સુલોચના, મેઘ સેનાપતિને ઘેર નાર તો ॥ અંજના સતી રે સીતા વળી, તારા ન ચૂકી રે શીલ લગાર તો....તો. સતી રે. ॥ ૩ ॥ તો. પાંચસે કિસન (કૃષ્ણ) કુમારિકા, ઈણ બાલ કુમારીને લાગું જી પાય તો ॥ જાદવ જાન જાણી કરી, દ્વારિકા દાહ દેખી તપવન જાય તો ॥ હરિતણી અંગના વંદીયે, જેણે રાગ છોડી મન ધરીયો વૈરાગ તો ॥ રાજીમતી પાય પૂજીયે, જેણે ઘોર સંસારનો કીધો છે ત્યાગ તો....તો૦ સતીરે૦ ॥૪॥ ચંદનબાલા હો ચિરંજીવો, જેણે આહાર દીધો મહાવીર તો ॥

બાલકુમારી રે સાધવી, અનશન સાધી પામી ભવતીર તો ॥ દમયંતીએ બહુ દુઃખ સહ્યાં, સતીય પણે રહી તે વનમાંય તો ॥ માતા મદાલસા વંદીયે, તે તો કુટુંબ તારી કરી શિવપુર જાય તો....તો૦ સતીરે૦ ॥૫॥ મયણરેહા રતિસુંદરી, જેણે નયણ કાઢી દીયાં રાખ્યું છે શીલ તો ॥ છપ્પન્ન સહસ સાથે તપોવન ગઇ, મ્હેલી મંદોદરી લંકાની લીલ તો ॥ શીલ ઉપદેશ શાસ્ત્રેં કરી, (હવે) જુઈ જુઈ કથા છે એમ અનેક તો ॥ તેહ વાંદ્રં સરવે રૂડી સાધવી, અંજનાના ગુણ કેટલાક કહીશ તો....તો૦ સતી રે૦ ॥૬॥ વંશ વડો રે રલીયામણો, રાજ કરે ત્યાં રાવણ જગપાલ તો ॥ અંજનાના ગુણ સાંભલીએ, કથા ઉપરે અતિઘણો ખ્યાલ તો ॥ ચિત્ત વસી રંક રાયને, તેવારેં સભામાં પૂછે વારોવાર તો ॥ કવિજન રાસ પ્રકાશજો, અક્ષર આણજો અતિ-ઘણાં સાર તો....તો૦ સતી રે૦ ॥૭॥ મહેન્દ્રપુરી રે જગ જાણીયે, રાજા હો મહેન્દ્ર વસે તિણ ઠામ તો ॥ તસ પટરાણી છે રૂયડી, મનોવેગા છે તસતણું નામ તો ॥ પુત્ર ॥૨ યના નિર્મલા, રૂપે તે રૂડા ને દર્શને કામ તો ॥ કેડેથી જાઈ એક કુંઅરી, અંજના સુંદરી તેહતણું નામ તો....તો૦ સતી રે૦ ॥૮॥ બાપને વહાલી રે બાલિકા, માયને જીવથકી ઘણું હેત તો ॥ સો બંધવ વચ્ચે એક બેનડી, લાડકી નાનડી ગુણતણી ગેહ તો ॥ સર્વ વિદ્યા ભણી સુંદરી, ચાલે જેમ ગજગતિ ગેહ તો ॥ અંજના સહુને સોહામણી, દિનદિન વાધે જાણે ચંપકવેલ તો....તો૦ સતી રે૦ ॥૯॥

### દોહા

ભરજોવનમાં તે થઈ, કુંવરી ચતુર સુજાણ;
જૈન માર્ગમાં દીપતી, બોલે મધુરી વાણ ॥ ૧ ॥
એકસમે શણગાર કરી, પોહતી પિતાની પાસ;
પુત્રી દેખી રાજવી, ભરયૌવન સુવિલાસ ॥ ૨ ॥
એ બેટી મુઝ વલ્લહી, કેહને પરણાવું જોય;
ઘર વર સરખું જો મળે, તો જગમાં જશ હોય ॥ ૩ ॥

# ઢાળ બીજી

તો જીહો રાયે પ્રધાન તેડાવીયા, અંજના વરતણો કરે રે વિચાર તો ॥ એક કહે રાવણને દીજીયે, બીજો કહે દીજીયે મેઘકુમાર તો ॥ વર છે હો પ્રભુજી રૂઅડો, જોબનભર તે સાધશે જોગ તો ॥ વર્ષ અઢારમે તપ કરી, વર્ષ છવીશમાં પામશે મોક્ષ તો ॥ તેવારેં કન્યાને સુખ નહીં, શરીરે ઉપજે અતિઘણું દુઃખ તો....તો. સતીરે. ॥ ૧ ॥ રતનપુરીતણો રાજીયો, રાય પ્રહ્લાદ વિદ્યાધર જાણ તો ॥ તસ ઘર પુત્ર છે દીપતો, પવનજી લગ્ન કીધું રે પ્રમાણ તો ॥ અંજનાના ગુણ સાંભલી, દેશ વિદેશે વાધી છે વિખ્યાત તો ॥ પવનજી મિત્રને ઈમ કહે, આપણે રૂપ જોવું જઇ ભલી ભાત તો....તો. સતી રે. ॥ ૨ ॥ પવનજી લાગ્યો રે નીરખવા, પુરોહિત નીચી ધાલી રહ્યો દ્રષ્ટ તો ॥ નીરખતાં તૃપ્તિ પામે નહીં, નારી ન દીઠી ભૂતલ હેઠ તો ॥ દરિસણે જાણું રે દેવાંગના, બોલતાં બોલે છે સુલલિત વાણ તો ॥ ચંપકવરણી હો સુંદરી, એહનાં નયન જાણે મૃગતણાં બાણ તો....તો. સતીરે. ॥ ૩ ॥ બેઠી સિંહાસને અંજના, બિહું પાસેં સોહે સખીતણાં વૃંદ તો ॥ વસ્ત્ર આભરણ અંગે ધર્યાં, તારામાં શોભે જિમ પૂનમચંદ તો ॥ વસંતમાલા એમ ઉચ્ચરે, બાઇ ! યોગ્ય જોડું મળ્યું એણે સંસાર તો ॥ જેહવા હો પવનજી જાણીયે, તેહવી હો પામી છે અંજનાનાર તો.... તો. સતીરે. ॥ ૪ ॥ બીજી સહિયર એમ ઉચ્ચરે, બાઈ ! પહેલો વર મન ચિંતવ્યો જે હતો ॥ તેવો હો પવનજી વર નહીં, વર્ષ અઢારમાં તપ કરશે તેહ તો ॥ પાંચ ઇંદ્રિય તિહાં ઝીપશે, વર્ષ છવ્વીશમાં પામશે મોક્ષ તો ॥ તેણે કરી વિવાહ વર્જીયો, કન્યાને હોવે વરતણું દુઃખ તો....તો. સતીરે. ॥ ૫ ॥ અંજના આનંદે એમ ઉચ્ચરે, બાઇ ! ધન ધન તે નરનો અવતાર તો ॥ કર્મ કાયાતણાં કાપશે, વ્હેલો પામશે ભવતણો પાર તો ॥

પાય વંદું તે પૂજ્યનાં, બે કર જોડીને નામું છું શીશ તો ॥ પવનજી કોપે રે ધડહડયો, મનમાં આણી છે અતિ ઘણી રીશ તો....તો. સતીરે. ॥ ૬ ॥ પવનજી કોપેરે પરજલ્યો, ધનુષ્ય ચઢાવીને સાધ્યું છે બાણ તો ॥ મારા રે અવગુણ બોલતી, પરપુરૂષનાં કરે વખાણ તો ॥ મંત્રીએ આવીને બાંહે ધર્યો, જો રે નારીને નર નવિ ઘાલે રે ઘાય તો ॥ પાયે લાગે કરી પ્રીછવ્યો, ઓરણે ઘાલીને માર્ગે લેઇ જાય તો....તો. સતી રે. ॥ ૭ ॥ પવનજી મનમાંહિ ચીંતવે, એવી રૂપે રૂડીને દર્શને કાલ તો ॥ મનમાંહે મેલી રે પાપિણી, એહનું ચિત્ત ચોખું નહિ કર્મચંડાલ તો ॥ પુરુષ પરાયાશું મન રમે, પવનજી ચિંતે એસો રે ઉપાય તો ॥ મ્હેલું તો એહને રે વર ઘણા, પરણીને પરિહરૂં એ સમ ન કોઇ દાય તો....તો૦ સતીરે. ॥ ૮ ॥ લગનતણો દિન આવીયો, ઢોલ દદામા ને ધુરે નિશાણ તો ॥ રાય રાણા હો સરવે મિલ્યા, હવે વ્યાપ્યું તિમિરને આથમ્યો ભાણ તો ॥ મહેન્દ્રરાય આવ્યો સામૈયે એ, પવનજી દેખીને આનંદ થાય તો ॥ ધવલ મંગલ ગાવે ગોરડી, હવે અંજનાનો વર જોવાને જાય તો....તો. સતીરે. ॥ ૯ ॥ તોરણે વરરાય આવીયો, અંજના ઉપરે અતિશય અભાવ તો ॥ સાંભળતાં શિશ ચટકો ચઢે, નામ લેતાં હુડહુડે તાવ તો ॥ ધવલમંગલ ગાવે ગોરડી, પોખણાં સાસુ કરે બહુ ભાવ તો ॥ વરને વિમાસણ અતિ ઘણી, જાણે બંધનશાળામાં લેઈ જાય તો....તો. સતી રે. ॥ ૧૦ ॥ રૂપાતણો રે મંડપ રચ્યો, સોનાના કલશ સોનાતણી વેલ તો ॥ સોવન પાટ મોતી જડયા, અંજના પવનજી બેઠાં બહુ હેલ તો ॥ હાથમેલો તિહાં સંચરે, નયણે નિહાલે વિદ્યાધરી નાર તો ॥ અંતરપટ પાછો કરી, જાણીયે કરમાંહે ગ્રહ્યો રે અંગાર તો..તો. સતીરે. ॥ ૧૧ ॥ પરણી પસટી ઉતર્યા, કરે પહેરામણી અંજનાનો તાત તો ॥ ગજ રથ આપ્યા રે અતિ ઘણાં, તાજા તુરંગમ દેશ વિખ્યાત તો ॥ ધન કંચન મોતીરે આપીયાં, આપી છે

રયણતણી બહુ કોડ તો ॥ વસંતમાલા રે આદેં કરી, પાંચશે સાહેલી પૂઠેં છે જોડ તો... તો૦ સતી રે૦ ॥ ૧૨ ॥ રતનપુરી-માંહે સંચરીયા, સાહમો હો આવ્યો છે રાય પ્રલ્હાદ તો ॥ અંજના પાય પૂજી કરી, સકલ મનોરથ મુઝ ફળ્યાં આજ તો ॥ સાસુનાં પાય તિણ પૂજીયા, આપ્યાં છે આભરણ રયણ અમૂલ્ય તો ॥ પાંચશે ગામ રાયે દીયાં, એ વહૂઅર મારી જીવન તુલ્ય તો... તો૦ સતી રે૦ ॥ ૧૩ ॥

દૂહા

**પરણી મેલી પદ્મિણી, મૂકી મહેલ મોઝાર;**
**અહિની કાંચલીની પરેં, ફરી ન પૂછી સાર ॥ ૧ ॥**
**અંતર હેત હુવે નહિં, તો નયણાં નેહ ન હોય;**
**નેહવિહુણી તેહની, વાત ગમે નહિં કોય ॥ ૨ ॥**

## ઢાળ ત્રીજી

મહોટાં રે મંદિર માળીયાં, આપી વહુને હો એમ કહે રાય તો ॥ કુલવહૂ લીલા ઈહાં કરો, સુખ સંયોગ વિલસો ઇણે ઠાય તો ॥ પવનજી સાર પૂછે નહિ, અંજના આર્ત્તિ હૈયે ન સમાય તો ॥ કહોને કારણ કિશ્યું બ્હેનડી ! સૂધ ન સાર કીધી અમતણી નાહ તો.... તો૦ સતી રે૦ ॥ ૧ ॥ પીયરથી આવી સુખડી, વસંતમાલા કર મોકલી સોય તો ॥ લઇ કરી સ્વામી આગલ ધરી, ગાવંત ગાંધર્વને દીધી છે તેહ તો ॥ વસ્ત્ર આભરણ જે મોકલ્યાં, જાણું માહરા સ્વામીને શોભશે અંગ તો ॥ વસ્ત્ર ફાડીને કટકા કરી, આભરણ લેઈ આપ્યા છે માતંગ તો.... તો૦ સતી રે૦ ॥ ૨ ॥ વસંતમાલા રે વિલખી થઈ, આવીને અંજનાને કહી છે વાત તો ॥ જે વસ્તુ સ્વામીને મોકલી, આપણા ઉપર કિશ્યો અભાવ તો ॥ અંજનાને આંખે આંસું ઝરે, શું ચુકી છે ભક્તિ અનેક તો ॥ એ નર દીસે છે નિરમલો, કાંઈક આપણાં કર્મ વિશેક તો.... તો૦ સતી રે૦ ॥૩॥

દોહા

બોલ કુબોલ ન વીસરે, શલ્યસમા સાલંત;
ખિણ એક રતિ નવિ ઉપજે, આરતિ ઘણી આણંત ॥ ૧ ॥
નજર ન મેલે નાહલો, ઉપજે અતિ ઉચ્ચાટ;
આવટણું લાગે ઘણું, વિરહ જ વાંકી વાટ ॥ ૨ ॥
માતપિતાની લાડકી, સાસુ સસરા શુભ દિઠ;
કંતમાયા વિણ કામિની, ઓછો દેખે નીટ ॥ ૩ ॥
પવનજીની પદમણી, પરમ મહા સુખકાર;
નાહનેહ નીપટ નહિ, મેલી માથે ભાર ॥ ૪ ॥
પ્રીતમ મન મેલ્યો પખે, આદર ન કરે ઔર;
દોષ ગાઢોરી દાખવે, સાસુ સસરા જોર ॥ ૫ ॥
આદર વિણ દિન અંજના, કાઢે કરી ઘણો કલેશ;
માતપિતા મન મૂંઝવે, વિણ અપરાધ વિશેષ ॥ ૬ ॥
દિન પલટયો પલટયા સ્વજન, ભાંગી હૈયાંની હામ;
જેના કરતી ઉબરા, તે નવિ લેવે નામ ॥ ૭ ॥
પ્રીતમ વિણ વિલખી ફરે, જલ વિણ નાગરવેલ;
વણઝારાની પોઠ જ્યું, ગયો ધુંખંતી મેલ ॥ ૮ ॥
બોલે અંજના સુંદરી, નાગરિ ચતુર સુજાણ;
પ્રીતમ વિણ વિલખી ફરે, ગુણ વિણ વાલી કબાણ ॥ ૯ ॥

## ઢાલ ચોથી

અંજના બેઠીરે માલીયે, પવનજી તુરિય ખેલાવન જાય તો ॥ આવતો જાવતો નિરખતી, તેમ તેમ હરખ વાધે હૈયામાંય તો ॥ પવનજી કોપેરે પરજલ્યો, અંજના આણે છે અતિ ઘણી પ્રીત તો ॥ જાણે રે નારી નીહાલશે, તેવારેં ગોખ આડી કરાવી ભીંત તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ પાંચસેં ગામ પોતે લીયાં, રાય રાણી બેઉ વરજે છે પુત્ર તો ॥ અંજનાસતી રે સુલક્ષણી, એ વહુને સોંપીયેં નિજઘર સૂત્ર તો ॥ મોટા રે કુલતણી ઉપની, રાજા હો મહેન્દ્રતણી બહુ લાજ તો ॥ અંજના આદર કીજીએ, એમ કહે કેતુમતીને રાય પ્રહ્લાદ તો....તો૦

સતી રે૦ ॥ ૨ ॥ આણાં ઘણાં પાછાં વાળીયાં, એણે રે આણે આવ્યો વડવીર તો ॥ અંજના કહે રે નવિ આવિયે, અન્ય આભૂષણ મોકલ્યાં ચીર તો ॥ સ્વામી રે મન માન્યા નહિ, હું તો પીયરેં આવીને શું કરૂં વાત તો ॥ બંધવ પાછો વાળીયો, માતપિતા દુઃખ ધરે દિનરાત તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ બાર વરસ વચ્ચે વહી ગયાં, ઇણ કથા ઉપર એટલો સંબંધ તો ॥ રાવણ વરુણ બેહુ કટક કરી, માંહોમાંહે ઉપન્યો છે અતિ ઘણો દ્વંદ્વ તો ॥ ગજ રથ ઘોડાં પાખર્યાં, પાળા ને બખ્તર શોભે શરીર તો ॥ શૂરા ને સુભટ શણગારીયા, હુવે જોતર્યાં રથ વાજે રણભેર તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ તેડું વિદ્યાધરને મોકલ્યુ, એક તેડું આવ્યું રાય પ્રલ્હાદ તો ॥ જેટલે રાય સાંનિધ્ય કરે, પવનજી કહે સ્વામી ! અમતણું કામ તો ॥ આયુધશાલામાંહે સંચર્યો, કરમાંહે ધનુષ્ય લીધાં જઇ બાણ તો ॥ તમે ઘર બેઠાં લીલા કરો, પુત્ર જાયાતણું એ છે પ્રમાણ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ પવનજી ચાલ્યા રે કટકમાં, સ્વામીએ કીધી ન અમતણી સાર તો ॥ દુર થકી પાયે લાગીશું, ભાવ કુભાવ જોશું એકવાર તો ॥ વસંતમાલા મારી બેનડી, શુદ્ધ શીખ દીયે મુઝ હેવ તો ॥ દહીંનો રે ડબ્બો ભરી કરી, મારગમાં ઊભી અંજના હેવ તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ કનક-કચોલું રે દહીંએ ભર્યું, શુકનમિષે મહી લેઈ જાય તો ॥ કટકે જાતાં પિયુ વાંદશે, ત્યારે નમન કરી લાગીશ પાય તો ॥ જાણશે અંજનાને આદરી, રાજભવનમાં દેખશે લોક તો ॥ જ્યાં લગે સ્વામી આવે નહિ, ત્યાં લગેં મનમાંહે કરૂં રે સંતોષ તો....તો૦ સતીરે૦ ॥ ૭ ॥ ગયંદ બેસી કરી સંચર્યો, માતપિતાને નામીયું શીશ તો ॥ સજ્જન સહુને સંતોષીયાં, અંજના ઉપરે અતિ ઘણી રીસ તો ॥ દૂર થકીરે દૃષ્ટિએ પડી, ચતુર ચીતારાનું જુએ ચિત્ર તો ॥ પૂતલી લખી રે રંભા જિસી, ચતુર ચીતારાનું જાચું એ નામ તો....તો૦ સતી રે૦ ॥ ૮ ॥

મંત્રી કહે નહિં એ પૂતલી, ભીંત ઓછંગે છે અંજના નાર તો ॥ સાંભળી રાય રાતો થયો, માર્ગ જાતાં રહામી મળી અઠાર તો ॥ દૂર ઠેલી તે અલગી પડી, મારગ મેલીને ચાલ્યો છે સાથ તો ॥ વસંતમાલા મોડે કરકડા, બાઇ ! મૂરખ દીસે છે તમતણો નાથ તો .. તો૦ સતી રે૦ ॥ ૯ ॥ બાંહ સાહીને બેઠી કરી, ઓરડે ઘાલીને ઘરમાંહિ તો ॥ કટક ચાલ્યું હો રાવણ તણું, છીંકતા ચાલ્યો છે મારો નાહ તો ॥ જીવને જોખમ અતિ, ઘણું પહોંચ્યું છે મારે અતિઘણું પાપ તો ॥ ઘેલી રે ગાળ ન દીજિયે, કટકે ચાલતાં કેમ દીનો છે શાપ તો ?.... તો૦ સતી રે૦ ॥ ૧૦ ॥ અંજના કહે સુણ સુંદરી, દુઃખમાંહે મુઝ ઉપન્યું આજ તો ॥ પાણીથી કરી પાતળી, સસરા વચ્ચે મારી નિગમી લાજ તો ॥ સાસુને મુખ કેમ દાખવું, ઘર બેસી જિનતણું નામ જપીશ તો ॥ ચારિત્ર મનમાંહે ચિંતવુ, અવસર જાણીને સંયમ લેઇશ તો....તો૦ સતી રે૦ ॥ ૧૧ ॥ નગરથકી દૂર દીધું મેલાણ તો, ચકવો ને ચકવી ત્યાં ટલવલે, વ્યાપ્યું તિમિરને આથમ્યો ભાણ તો ॥ પવનજી મંત્રીને ઈમ કહે, નારીતણું નહિ લીજીયે નામ તો ॥ પુરૂષ પરાયાશું મન રમે, એને ચકવીની પરેં મૂકી મેં ગામ તો....તો૦ સતી રે૦ ॥૧૨॥ મંત્રી કહે સુણો વિનતિ, એવડો કાંઇ આણો હૈયડે ભર્મ તો ॥ મહાસતીમાંહે રે મૂલગી, અહોનિશ સેવતી જિનતણો ધર્મ તો ॥ પુરૂષ પરાયો વાંછે નહિ, વચન વરાંસે કાંઇ કરો રીશ તો ॥ શીયલ સરોવરે ઝીલતી, એણે મોક્ષગામી જાણી નામ્યું શીશ તો....તો૦ સતી રે૦ ॥ ૧૩ ॥

## દોહા

**વચન સુણી મંત્રીતણાં, કોમલ ભયો નિજ ચિત્ત;**
**પવનજી મંત્રીને કહે, સુણો હમારા મિત્ત ॥ ૧ ॥**
**ખોટું કારજ એ મેં કર્યું, સંતાપી નિજ નાર;**
**વચનવરાંસે દુહવી, કરવો કવણ વિચાર? ॥ ૨ ॥**

**મુઝ મનમેં પ્યારી વસે, જાણું મલીયે જાય;**
**લોકે લાજ રહે નહિ, મનહી મનમેં મૂંઝાય ॥ ૩ ॥**

## ઢાળ પાંચમી

પવનજી મિત્રને પ્રીચ્છવે, કટકે ચાલું તો નારી માર્યાનું પાપ તો ॥ પાછા વલું તો પ્રજા હસે, મહેલમાં લાજશે મુજતણો બાપ તો ॥ મિત્ર કહે છાનારે જાઈ શું, તેડી સેનાપતિને દીધી છે શીખ તો ॥ જાત્રા કરી અમે આવીશું, ત્યાં લગે કટકની કરજો પ્રેખ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ પ્રચ્છન્નગતેં ત્યાં આવીયા, આવીને અંજનાના ઠોકયાં કમાડ તો ॥ વસંતમાલા ભોગલ દેઈ કરી, વચન ઉતાવલા બોલતી ગાળ તો ॥ શૂરા રે પુરૂષ કટકે ગયા, લંપટ લોક રહ્યા છે રખવાળ તો ॥ વ્હાણે હું રાયને વીનવી, તેહતણી રે કઢાવીશ ખાલ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ પુરોહિત મંત્રી ઈમ ઉચ્ચરે, બાઇ ! એ છે રાય પ્રલ્હાદના નંદ તો ॥ અંજના કેરો રે શિરધણી, વંશવિદ્યાધર ઉપન્યો ચંદ તો ॥ વસંતમાલા આવી એ ળખ્યો, નયણે નીહાલે તો આપણો સ્વામ તો ॥ સતી રે સામાયિકે જ્યાં લગે, ત્યાં લગે રાય રહો ઈણ ઠામ તો....તો૦ સતી રે....૦ ॥ ૩ ॥ ધર્મક્રિયા કરી અંજના, આવીને પવનજી બોલે છે મર્મ તો ॥ મહાસતીમાંહે રે મૂલગી, અહોનિશ સેવતી જિનતણો ધર્મ તો ॥ વચન વરાંસે મેં દૂહવી, મેં તુને કીધો અભાવ અગાધ તો ॥ હાથ જોડીને નીચો નમ્યો, ખમો ખમો અંજના ! મારો અપરાધ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ અંજના આવીને પાયે નમે, એહવા હલકાં કાં બોલો ઉચ્ચાર તો ॥ જેવી રે પગતણી મોજડી, તેહવી હોવે રે પુરુષતણી નાર તો ॥ હાથ જોડીને આગલ રહી, વચન સોહામણાં બોલે છે દીન તો ॥ પ્રાપ્તિ વિના કેમ પામીયે, એણે પત્થર ફોડીને કીધો છે મીણ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ ત્રણ દિવસ તેહને ઘરે રહ્યા, ખટરસ ભોજન પીરસે પકવાન્ન તો ॥ વીંઝણે વાયુ બેઠી કરે,

બીડાં વાળી વાળી આપે છે પાન તો ॥ નાટક નાચીને રીઝવે, વીણા વજાઇ ગાવે જિન ગીત તો ॥ પવનજી આનંદ પામી રહ્યા, અંજનાએ હર્યું છે રાયતણું ચિત્ત તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ પ્રચ્છન્નગતેં જિમ તુમે આવીયા, રાયરાણીને કરજો જાણ તો ॥ આશા પહોંચે સહુ અમતણી, મ્હાનું આભરણ દીધું સહી નાણ તો ॥ વસંતમાલા રે તેડી કરી, અંજના મારે ચિંતામણિરત્ન તો ॥ દાંતને જીભ શી ભલાવવી, રાતદિવસ એહનું કરજો જતન્ન તો....તો૦ સતી રે૦ ॥ ૭ ॥ વસંતમાલા રે બોલાવીને, રાજા હો પવનજી કીધો જુહાર તો ॥ ધણ કંચણ મોતી રે આપીયાં, હવે કુંચીસહિત આપ્યા છે ભંડાર તો ॥ પુરોહિત મંત્રીને એમ કહે, રણમાંહે રાજાની રાખજો દેહ તો ॥ વ્હેલા તે ઘેર પધારજો, વાટ જોવું જાણે શ્રાવણ મેહ તો....તો૦ સતી રે૦ ॥ ૮ ॥ આશીષ દીએ અંજના ચાલીએ, રણમાં જઈ દેખાડજો ભુજ તો ॥ પુત્ર સો આવશે વરુણના, તે આગલ રખે દેખાડો પૂંઠ તો ॥ દુર્જન કટક છે વરૂણનું, લોહતણાં ત્યાં પડશે અંગાર તો ॥ સહિયર વચન એહવાં કહ્યાં, મરણ ભલું પણ નહિં ભલી હાર તો....તો૦ સતી રે૦ ॥ ૯ ॥ દૂહો—રાય પરાયા ગોરમેં, મત આમો રાજકુમાર, લંછન લાગે દો કુલે, મરવું એક જ વાર ॥ ૧ ॥ પોલથકી રે પાછી વળી, નયણે વછૂટી છે જલતણી ધાર તો ॥ કઠિન વચન કહ્યાં કંતને, મુખ ઢાંકી રૂવે છે વારોવાર તો ॥ વસંતમાલા આવી ધીરજ દીએ, બાઇ ! હમણાં આવ્યો સામાયિક કાળ તો ॥ પદમિણી પડિક્કમણું કરો, ચઉદે નિયમની કરો શુદ્ધ નિહાલ તો....તો૦ સતી રે૦ ॥ ૧૦ ॥ શુદ્ધ સામાયિક ઉચ્ચરે, કરે ધ્યાન્ ધર્મનું ઘડી દોઇ ચાર તો ॥ પાંચે પર્વી તપ ઉચ્ચરે, બારે હો વ્રત પઢયાં તિણ ધાર તો ॥ સાંજે બેસીને સજ્ઝાય કરે, ભાવના બાર ચિંતવે મનમાંય તો ॥ પાછલી રાતેં તો પઢે ગુણે, એણી પેરે અંજનાના દિન જાય તો....તો૦ સતી રે૦ ॥૧૧॥

### દોહા

સેનાએ કરી પરિવર્યાં, લંકાનયરી જાય;
ભૂપ ભલીપરેં ભેટીયા, અતિ રલીયાયત થાય ॥ ૧ ॥
રાવણનો આદેશ લઇ, શુભવેળા સુવિચાર;
વરુણ ઉપર તત્ક્ષણ ચઢયો, દલ સબલ અનુસાર ॥ ૨ ॥
હવે તે અંજનાસુંદરી, ગર્ભ રહ્યો તે રાત;
ગુપ્તપણાનું કામ છે, કોઇ ન જાણે વાત ॥ ૩ ॥
ગર્ભતણે શુભલક્ષણે, ગર્ભ જણાયો જામ;
કેતુમતી સાસુ કહે, કેવું કર્યું એ કામ? ॥ ૪ ॥
પવનજી તો પરદેશમેં, વહૂએ વધાર્યું પેટ;
હું જાણતી એમજ હોશે, સોહી હોયું નેટ ॥ ૫ ॥

## ઢાળ છઠ્ઠી

ઉદર આધાન જાણી કરી, બિહુજણે માંડી છે દાનની શાલ તો ॥ સાધ વેલા નિત્ય સાચવે, દુઃખિયાં દોહિલાની કરે છે સંભાળ તો ॥ નિત્ય પાત્રને પોષતી, શેરીયેં શેરીયેં માંડયો સત્રાગાર તો ॥ ભાવભલે મનેં ઉલટે, દિન દિન દીસે છે ચડતો પ્રતાપ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ રાણીજી રાયને વિનવે, સાંભલો સ્વામી મુજ વિનતિ આજ તો ॥ અંજના કરે રે ઉડાવણા, ધૂર લગેં ધણીએ ન કીધી સાર તો ॥ ઘર ફોડીને વિત્ત વાવરે, કટકે જાતાં એનું મરડયું છે માન તો ॥ ઘરે જાઇ કરી નહિ પ્રીછવું, નહિ તો કરશું એહનું અપમાન તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ શીખ માગી રે સ્વામી કને, પાલખીયે બેઠી આરોગે છે પાન તો ॥ આગલ પાત્ર નચાવતી, જાચક જોઇ જોઈ આપે છે દાન તો ॥ સાથે રે સહીયર અતિ ઘણી, સરલે સાદેં ગાંધર્વ ગીત ગાય તો ॥ આગેં થકી જણ મોકલ્યો, હવે સાસૂ વહુતણે ઘેર જાય તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ શેરીએ શેરીએ સુરતરૂ પાથર્યાં, આંગણે પટોલાં ને પાથર્યાં પાટ તો ॥ ફૂલના પગર ઉપર ધર્યાં, જાણે સાસુજી આવશે એણી વાટ તો ॥ સ્હામી આવીને પાયે નમી, દરિસણ દીઠે દારિદ્રા જાય

તો ॥ વેણીના વાળ છોડી કરી, તેણે લૂએ છે સાસુના પાય તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ પાલખી આગેં પાલી ચલે, સાસુની ભક્તિ કરે મન થીર તો ॥ સુવર્ણપાટ બેસાડીયાં, ચરણ પખાલીને પીયે છે નીર તો ॥ પાય પૂજી દીયે પ્રદક્ષિણા, સાસરે પીયરે મુજ વાધી છે લાજ તો ॥ સકલ મનોરથ મુઝ ફળ્યા, માણસમાંહે મોટી કરી છે આજ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ વહુજીના દેહ દેખી કરી, કેતુમતીરાણીએ મન ધરી રીશ તો ॥ અંગનાં ચિન્હ ફરી ગયાં, કહે વહૂ તારૂં રૂપ કેવું આ દીસ તો ॥ મોટા રે કુલતણી ઊપની, વંશ વિદ્યાધર જ્યોતિ છે નાર તો ॥ સાચો અક્ષર મુજને કહે, તાહરે ઉદરે આધાનકે વિકાર તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ આભરણ મેલી પાયે નમી, કુમર તુમારાએ મુજ કીધી છે સાર તો ॥ વિરહિણી જાણી પાછા વળ્યા, મુજ ઘર આવીયા રયણી મોઝાર તો ॥ ત્રણ દિવસ મુજ ઘર રહ્યા, તુમ પુત્રથી મુઝ પુગી છે આશ તો ॥ જેમ આવ્યા તેમ પાછા વળ્યા, તેણે કરી માહરે છે સાતમો માસ તો....તો૦ સતી રે૦ ॥ ૭ ॥

### દોહા

**જૂઠ મ બોલતું પાપિણી, મ્હોટે કુલે કુનાર;**
**એહ અનર્થ જ તેં કર્યો, તેણે તુજને ધિક્કાર ॥ ૧ ॥**
**અકાર્ય મોટું તે કર્યું, લોપી કુળની લાજ;**
**તું કુલ ખંપણી ઉપની, પ્રત્યક્ષ દીઠી આજ ॥ ૨ ॥**
**તારૂં મુખ દીઠાંથકાં, લાગે અમને પાપ;**
**ઉલટાં કર્મ સમાચર્યાં, ઉપજાવ્યો સંતાપ ॥ ૩ ॥**
**વાત સુણી સાસુતણી, મૂર્ચ્છાણી તવ નાર;**
**ઓછે જળ જિમ માછલી, ધરતી દુઃખ અપાર ॥ ૪ ॥**
**સુણ સાસૂ મુઝ વિનતિ, મેં નવિ કીધું કુકર્મ;**
**આ સહિનાણી જોઈ લ્યો, રાખો મારી શર્મ ॥ ૫ ॥**

## ઢાળ સાતમી

વહૂનાં રે વચન કાને સૂણી, કેતુમતી મન ધરિયો રે રોષ તો ॥ પરણીને તુજને હો પરિહરી, તુજ મુજ પુત્રને કિશ્યો રે સંતોષ તો ॥ આજલગી રે અલખામણી, ચોર્યો આભરણ શું નિર્મલી તો ॥ વંઠયું રે દુધ શું કીજીયે, સહીયર સાથે તું પીયર જાય તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥

**દોહા**

**પીયર જા રે પાપિણી, નહિં રાખું એક રાત;**
**દુર જા તું દેશાંતરે, જેમ હી વિગલે વાત ॥ ૧ ॥**
**ફાટયું દુધ શા કામનું, વિણઠા માનતો ત્યાગ;**
**કરવો સહી ઉતાવલા, ન ગણવું સગપણ લાગ ॥ ૨ ॥**
**કંચનતણી છુરી હોય, પણ પેટે મારી ન જાય;**
**મેં તો તુજને પરિહરી, જોઈ અવગુણ સમુદાય ॥ ૩ ॥**

## ઢાલ આઠમી

સાસૂનાં વચન કાને સુણી, અંજના ઉપર પડયો ઘણો દાહ તો ॥ બાઈજી ! પુત્ર તમારો પાછો વળે, ત્યાં લગે મને રાખો ઘરમાંહ તો ॥ સાસૂ ને સસરા હો તમ તણી, અહિંયા રહીને એઠજ ખાઉં તો ॥ ચરણ કમલને ગ્રહી રહું, કલંક લઇ કિમ પીયર જાઉં તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ કેતુમતી રાણીજી હઠ ચડી, પગે કરી ક્રોધશું ઠેલીયું શીશ તો ॥ અંગ મોડીને ઉભી થઈ, થરથર ધ્રુજે મનમાં ઘણી રીશ તો ॥ આંખ થકી રે અલગી કરો, જિહાં લગે મારા નગરની સીમ તો ॥ જિહાં લગે અંજના ઈહાં રહે, જિહાં લગે અન્નપાણીતણું નીમ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ વસંતમાલાને ઝાલી કરી, બાંધી છે બંધને દીધો છે માર તો ॥ ચોર્યાં આભરણ મારા પુત્રનાં, ચોર દેખાડો કાં મારશું ઠાર તો ॥ તેર ઘડી રે ટેરી રહી, વાગે છે તાજણાને છુટે છે શેડ તો ॥ વલતી હો સહી-

ચર ઈમ કહે, ચોર તો પવનજી સહી હતો તેહ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ કાલો રે રથ અણાવીયો, કાળા તુરંગમ જોડયા છે રે હોય તો ॥ કાળાં રે વસ્ત્ર પહેરાવીયાં, કાળી ધોંસરી દીધી છે સોય તો ॥ કાળી રે મસ્તકે રાખડી, કાળા હો બાજુબંધ બાંધ્યા છે હોય તો ॥ અંજના પીયરે હો ચાલીયાં, જો જો ભાઇ! કર્મતણાં ફલ એહ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ જુહાર કરી રથ સંચર્યો, સહીયરશું બેઠી છે અંજનાદેવી તો ॥ પવનવેગે રથ ચાલીયો, બાપની ભૂમિકા આવી તતખેવ તો ॥ દૂરથી ધવલઘર દેખીયાં, સારથિ બોલ્યો છે તતખેવ તો ॥ પેટ ફોડીને પત્થરા ભરૂં, મેં વનમાં મેલું છું અંજના દેવ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥

દોહા

**મૂલ દૂષણ માહરૂં નહિ, જોર ન મુઝ કાંઈ માય !;**
**કથન કહ્યું નૃપકામિની ક્રોધ થકી વિલસાય ॥ ૧ ॥**
**પગે લાગી પાછો વળ્યો, દીન વચન મુખ વેણ;**
**દિન આથમીયો એટલે, થઈ અંધારી રેણ ॥ ૨ ॥**
**દૂષણ કો કોનું નહિં, સંચ્યાં કર્મજ સોય;**
**બંધ શુભાશુભ આપણાં, અબ રોયાં શું હોય ? ॥ ૩ ॥**

## ઢાલ નવમી

સાંજ પડી દિન આથમ્યો, રયણી બીહામણી ઘોર અંધાર તો ॥ નામ જપું રે જગનાથનું, એણી વેલા મુજને એહ આધાર તો ॥ હાથો રે હાથ સુઝે નહિ, કેમ કરી નિર્ગમશું દુઃખભરી રાત તો ॥ શુદ્ધ સામાયિક ઉચ્ચરે, એટલે સુરજ ઉગ્યો થયો પ્રભાત તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ અંજના કહે સુણ સુંદરી, બાઈ મારે હૈયડે ઘણો રે સંતાપ તો ॥ કુડાં રે કલંક ચઢાવીયાં, મુખ કેમ દાખવું અમતણે બાપ તો? ॥ માતા હો મન કેમ મેલશે, ભાઈ–ભોજાઈશું કેમ વધશે નેહ તો ॥ જિહાં લગે સ્વામી આવે નહિ, તિહાં લગે કિમ કરી નિર્ગમશું દીહ તો?....તો૦ સતી ॥ ૨ ॥ વસંતમાલા વલતી કહે, જિહાં લગે નિર્મલ ઉજવલ

આપ તો ॥ તિહાં લગે સજ્જન સોહામણા, હર્ષે બોલાવશે તમતણો બાપ તો ॥ માતા રે મનોરથ પૂરશે, ભાઇ-ભોજાઈ મલશે ભર ઉમંગ તો ॥ જ્યાં લગે પવનજી આવ્યા નહી, ત્યાં લગે પિયર પોષજો અંગ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥

**દોહા**

**અનુક્રમે વાટે ચાલતાં, ચરણ થયા ચચચોલ;**
**મન સંકોચતી પદ્મિણી, આવી નગરની પોલ ॥ ૧ ॥**
**નગરમાંહે પેઠી તિહાં, લજ્જા અતિહી મન્ન;**
**શેરી મારગ સંચરી, કંપિત ડોલે તન્ન ॥ ૨ ॥**
**મનમાં શોચે પગ પગે, કેમ કરી દાખું મુખ;**
**કાળો વેશ ન શોભતો, દીઠે આવે દુઃખ ॥ ૩ ॥**
**પીયરની આશા ઘણી, પુત્રીને તો હોય;**
**જો તે મન ખંચી રહે, ઓછો જોવે સોચ ॥ ૪ ॥**
**વસંતમાલા ધીરજ દીયે, આણે મન વિશ્વાસ;**
**ચાલી આવે શહેરમાં, આણી પીયરની આશ ॥ ૫ ॥**

## ઢાળ દશમી

નગરમાંહે શેરીયેં સંચર્યા, આડો ઘુંઘટ ને નીચી છે દ્રષ્ટિ તો ॥ હંસ મયગલ ગતિએ ચાલતી, નગરતણાં સહુ જુએ છે શેઠ તો ॥ રાજ વિછોઇ કોઇ કામિની, નાથવિહૂણી દીસે નિટોલ તો ॥ પાછલ પ્રજા હો પરવરી, એણીપરેં પહોંચી છે બાપની પોલ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ પોળીયો ઉભી રાખી પૂછવા ગયો, મહેલમાં જઈને વીનવ્યો રાય તો ॥ હાથ જોડીને નીચે નમ્યો, બાહિર આવી છે અંજના ધીય તો ॥ સાંભળી રાય રાજી થયો, નગર શણગારો ને તોરણ બાંધો તો ॥ સાહમી રે મેલો જી પાલખી, તેડાવ્યો સાથ મહેંદ્રનાથ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ કાનમાં જઈ કરી વિનતિ, અંજના સાસરે પરિહરી જેહ તો ॥ સાંભળી રાય ઝાંખો થયો, મૂર્ચ્છા આવીને હૂઓ રે અચેત તો ॥ બાંહે સાહીને બેઠો કર્યો, નિર્મલ વંશે

કીધો અનાચાર તો ॥ મત્સર ચઢાવી રાય બોલીયો, પાપિણી પરિહરો પોલની બહાર તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ પોલીએ આવીને ઉઠાડીયાં, બાઈ તને રૂઠયો વિદ્યાધર રાય તો ॥ બાંહે ઝાલીને બેઠી કરી, મનમાંય ચિંતવે આણી પમાય તો ॥ અંજના માર્ગે સંચર્યાં, શરીર સૂનું થયું શુદ્ધિ ન સાર તો ॥ આઘા ને પગ પાછા પડે, એણીપરે પહોંચી છે માતને દ્વાર તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ મંદિરમાંહિ માતા રમે, સુવર્ણ હિંડોલે હિંચે છે ખાટ તો ॥ ઘુમરી ઘાલે રે કામિની, માણેક મોતી હીરે જડયા પાટ તો ॥ ફુલનો પરિમલ મહમહે, ચંદન ઘસી ઘસી ચર્ચે છે અંગ તો ॥ કોટવાલી કરી નીરખીયું, આંગણે દીઠી છે અંજના ચંગ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ હોઠ સૂકાં રે ખડી પડે, જીભ સૂકી નહીં તાલવે નીર તો ॥ એણીપરે આસતી બાલિકા, ઢીંચણ પગતણે ફાટયું છે ચીર તો ॥ કાલો રે વેશ શોભે નહિ, નયણે ઝરે જાણે મોતીના વૃંદ તો ॥ મુખ કરમાયું રે કામિની, જાણે રાહુ ગ્રહ્યો જિમ ચંદ તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ મંદિરમાંહે માતા ગઈ, સરલે સાંદે હો રોવે છે માય તો ॥ હું કાં ન સરજી રે વાંઝણી, એણે કલંક ચઢાવ્યું છે મ્હારા કુલમાંય તો ॥ રાયને મુખ કેમ દાખવું, લઈ કટારીને વીંધશું કુખ તો ॥ જેણે કુખે અંજના ઉપની, મારા કુલને લગાડયો એણે દોષ તો..તો૦ સતી રે૦ ॥ ॥ રાણીનું રૂદન સુણી કરી, ચાર ચેટી મલી આવે છે પાસ તો ॥ આદરવિહૂણી કેમ ઉભી રહી ?, તું કાં રે ઉભી છે અંજના નાર તો ? ॥ સસરા ને સાસુ લજાવીયાં, લજવ્યાં પીયર ને માય મોશલ તો ॥ વંશવિગોવણી ઉપની, બાઇ ! તારૂં મુખ દેખતાં લાગે છે આલ તો....તો૦ સતીરે૦ ॥૮॥

**દોહા**

**ચેટી ચાર મલી કરી, આવી અંજના પાસ;**
**વચન અતુલ કહ્યાં અતિ, બોલે સઘલી દાસ ॥ ૧ ॥**

લાજવિહૂણી પાપિણી, કીધો ઉજવલ હીણ;
કુલને કલંક ચઢાવીયું, બોલે એવા વેણ ॥ ૨ ॥
જાતિ લજાવી માયની, કુલ લજાવ્યું તાત;
કુલ ખંપણી તું ઉપની, હવે તું પરહી જાત ॥ ૩ ॥
વલતી આવી ગોરડી, જેમ તેમ બોલણહાર;
મુખ નવિ દેખું તાહરૂં તુજને પડો ધિક્કાર ॥ ૪ ॥

## ઢાળ અગ્યારમી

વસંતમાલા રે વલતી ઈમ કહે, એવા કાંઇ બોલો છો હલકાં રે બોલ તો ॥ જેવારેં પવનજી આવશે, સાસરે પીયરેં મુખ પડશે ધૂલ તો ॥ સંજમ સાધી હો તપ કરે, હજીય લગે છે ગર્ભનો પાશ તો ॥ કાયા હો કામિની નવિ ધરે, હજીય છે પવનજી પુરુષની આશ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ વલતી હો બેહુજણી સંચરી, જયેષ્ઠ ભાઈતણે ઘેર જાય તો ॥ બાંધવ ઘરમાં બેસી રહ્યો, આંગણે આવી છે તે તણી નાર્ય તો ॥ આવી ભોજાઈ સામી મલી, મનવિહૂણી તેણે આપી છે બાંહ તો ॥ અંગુલી દશ દાંતે ધરે, ભાભી અન્ન દીઠે થયા દિન દશ તો.... તો૦ સતી રે૦ ॥ ૨ ॥ એમ અંજના ઘરોઘર હિંડતી, પગ કુંકુમવરણ કમલસમ દેહ તો ॥ ખૂંચે તે કાંટા ને કાંકરા, તેણે રંગે ભૂમિ રાતી થઇ તેહ તો॥ દીનવચન મુખે બોલતી, નયણે ઝરે જાણે શ્રાવણ મેહ તો ॥ ભૂખ તૃષાએ કરી વ્યાકુલી, ભાભી દીઠાં હુવાં વરસ દસ હોય તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ વલતી ભોજાઈ ઇમ કહે, સામી રહી રહી બોલે છે બોલ તો ॥ ધૂર થકી રે ડાહ્યા હતા, એહવું કાં કર્મ કર્યું નિટોલ તો ॥ અમે અબલા રે શું કીજીયેં, આંગણે આવો રખે ઘરમાંય તો ॥ અમ ઘેર આવ્યાં જો જાણશે, તમતણા વીરનું ફેડશે ઠામ તો.... તો૦ સતી રે૦ ॥ ૪ ॥ આશ મૂકીને ઉભી થઈ, બંધવ બીજા-તણે ઘેર જાય તો ॥ પાછલી રાતેં પહેરો જેમ ફરે, ઘેર ઘેર હીંડે છે અંજના ધાય તો ॥ બંધવ કેણે નહિ પૂછીયું, સજ્જન

કોણે નવિ કીધી છે સાર તો ॥ દીઠી રે અંજના જાવતી, પુરોહિત પ્રધાને દેખાડયાં છે બાર તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ આંગણે રમતી રે બાલિકા, મેડીએં ચડી ચડી જુવે છે લોક તો ॥ જિહાં જિહાં અંજના સંચરે, તિહાં તિહાં ઉપજે અતિઘણો શોક તો ॥ કૂડાં રે વચણ કાને સુણી, જાણે વાગે છે ખડ્ગની ધાર તો ॥ દુઃખમાં દુઃખ સાલે ઘણું, કહે કવિ જેહની વઠી છે વ્હાર તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ અંજના તરસે રે ટલવલે, જલ લેઇ આવ્યો કોઈ બ્રાહ્મણ વીર તો ॥ પદ્મિણી પાણી રે વાવરો, શીતલ ભરીયું છે આમાં નીર તો ॥ પાણી હો બાંધવ ! શું કરૂં ?, નગરમાંહે હું તો નહિ પીઉં નીર તો ॥ પોલ બાહિર પાણી વાપરૂં, પોલમાંહે મારા બાપની આણ તો....તો૦ સતી રે૦ ॥ ૭ ॥

## દોહા

**સજ્જન નેહ આણે નહિ, બોલે મસકું મોસ;**
**સજ્જન આદર નવિ દીયે, મનમાં ન આવે રોષ ॥ ૧ ॥**
**પાણી સાથ જિમ માછલી, સાચો સ્નેહ સુજાણ;**
**જો કીજે જલથી જુજુઆં, તો ક્ષણમાં છંડે પ્રાણ ॥ ૨ ॥**
**ડુંગર કેરાં વોકળાં, ઓછાતણો સનેહ;**
**વ્હેતાં વ્હેતાં ઉતાવળાં, ઝટ દેખાડે છેહ ॥ ૩ ॥**
**માતા પીયર સજ્જના, ધરતાં બહુલી પ્રીત;**
**છેડે છેહ બતાવીયો, ઓછાંકી એ રીત ॥ ૪ ॥**
**સજ્જન કીજે આંબસે, અવગુણ ગુણ કરી લેત;**
**ઓ તત્ક્ષણ પત્થર હણે, ઓ તત્ક્ષણ ફલ દેત ॥ ૫ ॥**
**સજ્જન ઐસાં કીજિયે, જૈસાં ચોલ મજીઠ;**
**આપ રંગે પર રંગવે દીઠી કરે આદિઠ ॥ ૬ ॥**
**આંબા જંબૂ કરમદાં ચોથા કહીયે બોર;**
**ઉપર નરમ દીસે ઘણાં માંહિ કઠીન ને કઠોર ॥ ૭ ॥**
**આણ દેવરાવી નગરને, સુણ લો જોશી વીર !;**
**નીર મલે જો શહેરમાં, હું નવિ પીઉં નીર ॥ ૮ ॥**

# ઢાળ બારમી

નગર બાહિર જલ વાપરૂં, વસંતમાલા વનમાં મુનિ લેઇ જાય તો ઉજવલ અટવી રે આગલે, ઉંચા રે પર્વત વિષમ ઘણાય તો ॥ સૂરજકિરણ નવિ સંચરે, જેણે વન તરૂવર છાંય અપાર તો ॥ માણસ મુખ દીસે નહિ, તેણે વને બાઈ ! મને લેઇ સંચાર તો.... તો૦ સતી રે૦ ॥ ૧ ॥ આશા મેલી રે પીયરતણી, સિંહપરેં મન કીધું છે ધીર તો ॥ શૂરા ક્ષત્રી જિમ રણ ચઢે, શરીર સંભાળીને સાચવ્યાં ચીર તો ॥ ઉજ્જડ વનમાંહે સંચર્યાં, દીઠાં છે પર્વત અચલ ઉત્તુંગ તો ॥ સ્કંધે ચઢાવી રે કામિની, લઈ ચઢી તેણે પર્વત શૃંગ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ અંજના વનમાંહે સંચર્યાં, લોક પીયરને દે છે ગાલ તો ॥ નગરનાં લોક ઝૂરે ઘણાં, એહવો રાયને ઉપજ્યો ખ્યાલ તો ॥ આણ દેવરાવી રે ઘરઘરેં, એહવું કર્મ ન કરે ચંડાલ તો ॥ પેટની પુત્રીને પરહરી, વનમાંહે કાઢી છે અંજના નાર તો૦ સતી રે૦ ॥ ૩ ॥ માતાએ સાહેલી મોકલી, જઇ જુઓ અંજના રહી કોણ ઠામ તો ? ॥ સાહેલી કહે તે તો વન ગઈ, હા ! હા ! દૈવે શું કીધું એ કામ તો ? ॥ માહરી રે કુખે એ ઉપની, બાલપણે બેટી પર અતિ ઘણો રાગ તો ॥ વનમાંહે વાઘ વિદારશે, રાત દિવસ બળે પેટમાં આગ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥

**દોહા**

**વનમાંહે ગઈ અંજના, એહ વચન સુણી માય;**
**કુમરી માહરી લાડકી, વસી જઇ વનમાંય ॥ ૧ ॥**
**મનવેગા મન ચિંતવે, કરે આરતિ બહુ શોક;**
**ઇહ લોકે નિંદા હુઇ, વીણસાડયો પરલોક ॥ ૨ ॥**
**નારીતણી મતિ પાછલી, ન કર્યો કોઈ વિચાર;**
**કામ પડયો બગડયાથકાં, શોચ કરે રે અપાર ॥ ૩ ॥**

## ઢાળ તેરમી

જીહો નિત્ય ભોજન કરતી બાપપેં, ભાઈ ભોજાઇને ન આપતી ભાગ તો ॥ ઊત્સંગે રમતી રે અમતણા તે કેમ સહેશે લૂહુજાલ અંગ તો ? ॥ અન્નપાણી કિમ પામશે ?, મેં જાણ્યું કોઇ રાખશે વીર તો ॥ માતા મૂર્ચ્છાવશ થઈ, શરીર સંભાલીને સાચવ્યાં ચીર તો....તો૦ રે૦ ॥ ૧ ॥ રાજા આવી રાણીને પ્રીછવે, રાજા સંબંધ ન જાણ્યો રે ભેદ તો ॥ કટકથી પવનજી આવશે, નાસિકા કર્ણતણો કરશે છેદ તો ॥ કેમ કરી લોકને પ્રીછવું, કેમ કરી રાખશું દેશની કાર તો ॥ જો ઘર આણું રે અંજના, નગર નરનારી હિંડે અનાચાર તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ વસંતમાલા ઇમ ઉચ્ચરે, બાઈ ! તારો બાપ છે કર્મ ચંડાલ તો ॥ મૂર્ખ માતા રે તુમતણી, બંધવે કીધું છે કર્મ વિકરાલ તો ॥ આંગણે રાખી ન અધઘડી, કલંક ચઢાવીને દીધું છે આલ તો ॥ વસંતમાલા વળી ઇમ કહે, બાઇ ! તારૂં પીયર પડયું રસાતાલ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ અંજના કહે બાપ મારો નિર્મલો, એણે કોઇને નવિ દીધું આળ તો ॥ માતા છે માહરી મહાસતી, પતિવ્રતાધર્મતણી પ્રતિપાલ તો ॥ બંધવ ભકતો છે બાપનાં, એમને કોઈને નવ દીજિયેં દોષ તો ॥ પૂરવેં પુણ્ય કીધાં નહિ, એ સહુ આપણાં કર્મનો દોષ તો..તો૦ સતી રે૦ ॥ ૪ ॥ ગિરિગુફા સતી રે નીહાલતી, તિહાં દીઠા છે મુનિવર ધ્યાને ધીર તો ॥ પંચ મહાવ્રત પાળતાં, તપ જપ સંયમ સોહે શરીર તો ॥ અવધિજ્ઞાને કરી આગલા, જઈ કરી અંજના વાંદ્યા છે ચરણ તો ॥ અત્તિ દુઃખમાંહે આનંદ હૂઓ, ભવોભવ હોજો રે તમતણું શરણ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥

### દોહા

**દેઈ પ્રદક્ષિણા ભાવશું, વંદન વિધિશું કરંત;**
**સુખે બેઠાં પૂછે સતી, અધિકો હર્ષ ધરંત ॥ ૧ ॥**

પૂછે ચારણ ઋષિ ભણી, વસંતતિલકા નામ;
કોણ કરમના દોષથી, સાચું જૂઠું સ્વામ ॥ ૨ ॥
ઋષિ ભાખે શુભ ભાવશું, કર્મકથા નહિ પાર;
થોડામાં ભાખું ઘણું, સુણજો એહ વિચાર ॥ ૩ ॥

## ઢાળ ચૌદમી

ધ્યાન દીપાવી ઋષિ બોલીયા, સુખી છો અંજના! મહેન્દ્રની ધૂય તો ॥ સુખે સ્વામીજી તમને લહ્યા, સાસરે મુઝ દીધો છે છેહ તો ॥ કોણ કર્મે સ્વામી હું રડવડી, કોણ કર્મે મારી તૂટી છે આશ તો ? ॥ કોણે કર્મે માતાએ પરીહરી, કોણ કર્મે મારો વનમાંહે વાસ તો ?....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ ઋષિ કહે તમે સાંભળો, શોકયતણે ભવે કીધું છે કર્મ તો ॥ તું હતી ધર્મની દ્વેષિણી,અહોનિશ કરતી જિનધર્મનો દ્વેષ તો ॥ સાધુતણો ઓઘો ચોરીયો, તેર ઘડી રાખ્યો પાડોસણે એમ તો ॥ જિહાં લગે સાધુ વહોરે નહિ, તિહાં લગે અન્નપાણીતણો મુઝ નીમ તો.... તો સતી રે૦ ॥૨॥ સાધવી આવી તમને કહે, ત્હારે મન વસીયો વૈરાગ તો ॥ આપી ઓઘો ને પાયે નમ્યા, માંહોમાંહે ઉપન્યો ધર્મનો રાગ તો ॥ સંયમ સાધીને તપ કર્યું, આલોયણા વિણ હૂવો એટલો ફેર તો ॥ કીધા રે કર્મ નવિ છૂટીએ, તેર ઘડીનાં હુવાં વર્ષ તેર તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ તિહાંથકી ચવી તમે સુર થયા, સ્વર્ગથકી હુઆ રાજકુમારી તો ॥ સાથે પાડોસણ દુઃખ સહે, કૂખે તમારે છે પુણ્યવંત જીવ તો ॥ શૂરવીર સોહમણો, આગલ હોશે તે ધર્મ આધાર તો ॥ પવનજી વરૂણશું રણ ભીડે, ઘર આવી કુશલે મલશે અનુહાર તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ એટલું કહી ઋષિ સંચર્યા, એટલે ગાજ્યો ગુફામાંહે સિંહ તો ॥ ત્રાસ પામ્યાં સરવે સાવજાં, જાણે કે આષાઢો ગાજ્યો છે મેહ તો ॥ અંજના કહે અલગી રહે, વસંતમાલા કહે મરણ દીયો માય તો ॥ જાણશે પિયુ પરદેશે ગયા, એ સંદેહ ટાલજો અમતણો જાય તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ વસંતમાલા રે વૃક્ષે ચઢી,

અંજના આસન દ્રઢ કરી ઠાય તો ।। નામ જપે જગદીશનું, જાણે કે ધ્યાને ચઢયો મુનિરાય તો ।। ચિહું ગતિ જીવ ખમાવતી, ચારે હો શરણાં ચિંતવે મનમાંય તો ।। કેશરી રૂઠો રે શું કરે, મુજતણો ધર્મ ન લઈ શકે કાંઇ તો....તો૦ સતી રે૦ ।। ૬ ।। વસંતમાલા વૃક્ષે ટલવલે, ધાઓ અંજના છે નિરાધાર તો ।। બૂમ પાડેને બરેકાં કરે, ધાઓ શીયલતણા પ્રતિપાલ તો ।। કુંવરીને વાઘ વિદ્દારશે, ધાઓ ધાઓ વનતણા વનપાલ તો ।। ધાઓ ધાઓ સજ્જન જે હુવે, ધાઓ ધાઓ જિનધર્મતણા રખવાલ તો....તો૦ સતી રે૦ ।। ૭ ।। તેણે વંને વ્યંતર યક્ષ રહે, બાર જોજન તણા રખવાલા તો ।। યક્ષિણી યક્ષને એમ કહે, આપણે શરણે આવી છે બે બાલા તો ।। શાર્દૂલરૂપ યક્ષે કરી, કેસરી છેદ્યો છે દેહ તો ।। શાદૂલે સિંહ પરાભવ્યો, દોડીને કાઢયો છે વન તજી છેહ તો....તો૦ સતી રે૦ ।। ૮ ।। દેવતા સહાય શીલે હુએ, આનંદે શીયલતણા ગુણ ગાય તો ।। નારી સર્વમાંહે નિર્મલી, બેકર જોડી દેવ લાગ્યો છે પાય તો ।। શીયલે હો શિવસુખ સંપજે, શીયલથી મળશે તમારો કંત તો ।। શીયલે હો મામોજી આવશે, તિહાં લગે નારી રહો નિશ્ચિંત તો....તો૦ સતી રે૦ ।। ૯ ।। દેવતાસહાય શીયલે હૂઆ, વનમાંહે અબલા રહે અબીહ તો ।। વનફલ વાવરી વન રહે, જિનતણા ધર્મની લોપે ન લીહ તો ।। અખંડપણે વ્રત બારહ ધરે, ધુર લગેં ધર્મની સકલ સુજાણ તો ।। શુદ્ધ સામાયિક ઉચ્ચરે, અવિચલ દાન દયા ગુણખાણ તો....તો૦ સતી રે૦ ।। ૧૦ ।। ચૈત્રમાસ વદિ અષ્ટમી, પુષ્યનક્ષત્ર ને સોમવાર તો ।। પાછલો પહોર છે રયણીનો, અંજના જાયો છે હનુમંતકુમાર તો ।। જાણે કે સૂરજ પ્રગટીયો, સ્વર્ગથી સુર કરે જયજયકાર તો ।। રાક્ષસરોલણ ઉપન્યો, રામનો સેવક ધર્મનો ધાર તો....તો૦ સતી રે૦ ।।૧૧।। સહીયરે પુત્ર પખાલીયો, નીઝરણામાંહે પખાલીયાં ચીર તો ।। પુત્ર પોઢાડયો રે પાથરે, સીતાનો વારુ હનુમંત તો ।। નીરખતાં

તૃપ્તિ પામે નહી, માંહોમાંહે બેહુ સખી એમ કરે વાત તો ॥ જન્મમહોત્સવ કુણ કરે, કટકે ચાલ્યો કુંવરનો તાત તો....તો૦ સતી રે૦ ॥ ૧૨ ॥ ચાંદની રાત પુનમતણી, અંજના બેઠી છે પુત્ર કર ધરંત તો ॥ ચંચલ ચપલ સોહામણો, અતિર-લીયામણો બહુ ગુણવંત તો ॥ હર્ષે બોલાવે રે માવડી, કુંવરતણો છે લઘુવેષ તો ॥ તારાને તાકે રે બાલુડો, જાણે કે ચાંદલો ઝડપીને લેશે તો....તો૦ સતી રે૦ ॥૧૩॥ મામો અંજનાનો તિણ સમે, શૂરસેન રાજા છે તેહનું નામ તો ॥ યાત્રા કરીને પાછો વળ્યો, આવી વિમાન થંભ્યું તેણે ઠામ તો ॥ વનમાંહે દીઠી બે બાલિકા, અચરિજ પામીને મોકલી નાર તો ॥ મામીએ અંજનાને ઓલખી, નયણે વછૂટી જલતણી ધાર તો....તો૦ સતી રે૦ ॥ ૧૪ ॥ કોટે વલગી રે બેહુ આરડે, એટલે મામોજી આવ્યા તતખેવ તો ॥ આવી ભાણેજી સાથે મળ્યો, અતિદુઃખ આણે છે અંજનાદેવ તો ॥ કંઠથકી રે છૂટે નહિ, બાલકની પરેં ધરી રહી સાસ તો ॥ ખોળે બેસાડીને ધીરવે, બાઇ હમણાં પુરૂં તારા મનની આશ તો....તો૦ સતી રે૦ ॥ ૧૫ ॥ બાંહ ટૂટી જબ બાપની, આણ દેવડાવી ઠામોઠામ તો ॥ ત્યારે ઉઠી અમે વનમાં ગયા, ત્યારે મૂઇ કે જીવતી ન લીધી સાર તો ॥ પૂરવે પ્રીતિ હતી ઘણી, ભાઇ ભોજાઇ કેણે ન કીધી સાર તો ॥ મામાજી પાય પહોતે ઘણો, કરૂણા ન આવી કોઇને ન લગાર તો....તો૦ સતી રે૦ ॥ ૧૬ ॥ વિમાન બેસાડીને સંચર્યા, ઝુમખાં અંજનાને ઉત્સેંગે હનુમાનકુમાર તો ॥ દીઠાં જબ મોતીનાં ઉચ્છલી ચંચલ દીધી છે ફાલ તો ॥ ત્રોડીને ભૂમિ પડયો, અંજના મૂર્ચ્છિત શુદ્ધ નહિ સાર તો ॥ મામોજી પુત્ર લેઈ પાછો વળ્યો, આપ્યો અંજનાને તેણીવાર તો....તો૦ સતી રે૦ ॥ ૧૭ ॥ બાંહે સાહીને બેઠી કરી, પુત્રપરીક્ષા ને મહિમા તું જોય તો ॥ દેશ વિદેશે હો હું ભમ્યો, એહવો સબલો ન દીઠો રે કોય તો ॥ સઘલે શરીરે પ્રાયે ભલો, કારણિક પુરૂષ કોઈ

અવતર્યો શૂર તો ।। ડાલ ભાંગી રે મહાવૃક્ષની, પત્થર ભાંગીને કીધો ચકચૂર તો....તો૦ સતી રે૦ ।। ૧૮ ।।

**દોહા**

**પૂર્ણ પરાક્રમી પ્રગટીયો, કપિકુલરાખણ મામ;**
**દ્યુતિએ શશિસમ દીપતો, થયો વજ્રાંગી નામ ।। ૧ ।।**

## ઢાળ પન્નરમી

હનુ પાટણમાંહે સંચર્યા, તરિયાં તોરણ બાંધ્યા છે બાર તો ।। યાચક દાન દેવરાવીયાં, જન્મમહોત્સવ કીધો છે સાર તો ।। સોવનપાટ બેસારીયા, ભુવને પધરાવ્યા ઉત્તમ દ્વાર તો ।। પાંચે મળીને પ્રકાશીયો, હણ્યો પાષાણ ભણી હનુમંતકુમાર તો.... તો૦ સતી રે૦ ।। ૧ ।।

**દોહા**

**સુતનો મુખને નીરખતી, ફરી ફરી અતિઅડોલ;**
**સાલસરીખાં સા લહે, જે શીર ચઢયા કુબોલ ।। ૧ ।।**
**તે દિન ક્યારે આવશે, ઘરે આવશે ભરતાર;**
**લોકમાંહે મને ઉજળી, કબ કરશે કીરતાર ? ।। ૨ ।।**

## ઢાળ સોળમી

અંજના હનુમંત તિહાં રહે, પવનજી કટકે પહોતા છે સનૂર તો ।। જઈ કરી રાવણને મળ્યાં, ઝાલ્યું બીડું ને ચાલ્યો છે શૂર તો ।। સાથે હો સેના તે અતિ ઘણી, મેઘપૂરી જઈ કરીયું મેલાણ તો ।। બાંધ્યા ખર-દૂષણ છોડાવજો, તિહાં મનાવજો મારી આણ તો ।। વરૂણ રાજા ત્તિહાં આવીયો, ચઉરંગ સેનાને દલબલ પૂર તો....તો૦ સતી રે૦ ।। ૧ ।। મેઘપુરી દલ સંચર્યું, સામા હો વરસે છે બાણના મેહ તો ।। પવનજી પાય ન ઓત્તરે, માંહોમાંહે સુભટ ઝુઝે છે તેહ તો ।। વરસ દિવસ ઝગડો હુઓ, માંહોમાંહે બેહુ જણે કીધો છે મેલ તો ।। બાંધ્યા હો ખર દૂષણ છોડવ્યા, તિહાં રે મનાવી

રાવણતણી આણ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ કટક આવ્યું લંકાભણી, રાજા હો રાવણ કીધો જુહાર તો ॥ વસ્ત્ર ને વાઘા બહુ આપીયા, શોભતાં આપ્યાં શરીરે શણગાર તો ॥ માસ બે ચાર રાખી કરી, મહેલમાં આઘે તેડયો વિદ્યાધર સાથ તો ॥ જયારે તેડાવું ત્યારે આવજો, તુમે વહેલાં વિદ્યાધરનાથ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ કટકથી કુંવરજી આવીયા, માતપિતાતણે લાગ્યો છે પાય તો ॥ જેટલે માતા ભોજન કરે, તેટલે અંજનાને ઘેર જાય તો ॥ સૂનાં રે મંદિર દેખીયાં, સૂનાં રે મંદિર કલકલે કાગ તો ॥ પૂરવ વાત કાને સૂણી, તેટલે પવનજીને શીર ચઢી આગ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ દેડેથી માતા ટલવળે, આવીને પવનજીની ઝાલી છે આંહિ તો ॥ પાછા વલો પુત્ર ભોજન કરો, પીયરેથી વહૂને તેડાવીશું આંહિ તો ॥ ધરણી સામું રે દેખી રહ્યો, બોલે ન ચાલે ન લીએ માયનું નામ તો ॥ માતાજી ખોળાં રે પાથરે, બાંહિ નાખી ચાલ્યો મહેન્દ્રને ગામ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥ માતા રોવે મુખ ઢાંકીને, મેં તો વાત વિમાસી ન કીધું કામ તો ॥ દલ ભણી જન મોકલ્યો નહિ, તિહાં લગે વહૂને ન રાખી રે ઠામ તો ॥ પાછલી બુદ્ધિ નારી તણી, વાતે વિચારી ન કીધું રે જતન્ન તો ॥ કેતુમતી કરે ઝુરણાં, રાંકને હાથથી ગયું રે રતન્ન તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ પવનજી મંત્રીને એમ કહે, રાય રાણીને કેમ કરૂં રે પ્રણામ તો ? ॥ માતાએ સ્ત્રીને પરિહરી, સાસરા વચ્ચે મારી નિર્ગમી મામ તો ॥ વરસ દિવસ ઝઘડો હુઓ, રાજા હો વરૂણશું થયોજી મુઝ તો ॥ બાંધ્યા ખરદૂષણ છોડાવીયાં, તેહતણી તે આગલ કેમ કરશું ગુજજ તો....તો૦ સતી રે૦ ॥ ૭ ॥ મંત્રી કહે સતી નિર્મલી, અવગુણ આપણા ઘર છે સોય તો ॥ ગુણ તો ॥ પરતણા શિર વહે, એહવી નારી નવ દીઠી કોય તો ॥ પહેલા રે મંદિર કિમ જાઇએ, આગલથકી કહેવરાવો જુહાર તો ॥ પવનજી

આણે રે આવીયો, અંજના પીયરે પડયો રે પોકાર તો.... તો૦ સતી રે૦ ॥ ૮ ॥ મિત્રનાં વચન સુણી કરી, પવનજી ચાલ્યા છે મોટે મંડાણ તો ॥ મિત્ર પ્રધાન સાથે લીયા, નગરને ગોંદરે દીધુ છે મેલાણ તો ॥ પવનજીએ દૂત જ મોકલ્યો, આગલથકી રે કહેજો જુહાર તો ॥ પવનજી આણે રે આવીયો, મહેન્દ્રરાજા સુણી કરે રે વિચાર તો....તો૦ સતી રે૦ ॥ ૯ ॥ મહેન્દ્ર કહે હું મહાપાપીયો, મેં તો કર્મ કસાઈનું કીધુંએ જાણ તો ॥ હાજીયાં લોક મહારે છે ઘણા, ડાહ્યો નર નહિ કોઈ દીઠો પ્રમાણ તો ॥ શીખની વાત ન કેણે કહી, મનમાંહે મારે ઉપની છે રીશ તો ॥ નરકનિયાણું મેં બાંધીયું, કેમ કરી કર્મ છૂટીશ જગદીશ તો ?....તો૦ સતી રે૦ ॥ ૧૦ ॥ પવનજી આણે રે આવીયાં, સાંભળી માતને ઉદરે પડી ફાલ તો ॥ પેટ ફૂટે હોય હાથ શું, ઉદર ઓધાન તું કિહાં ગઈ બાલ તો ? ॥ ઉભાં થકાં શિર આફલે, જાણે બલભર્યાં લાગે છે બાણ તો ॥ માતા રે મનમાંહે ચિંતવે, કેમ દેખાડું જમાઈને મુખ તો ?.... તો૦ સતી રે૦ ॥ ૧૧ ॥ સેના મેલી કરી સંચર્યાં, સસરા જમાઇની સાહમા રે જાય તો ॥ અતિદુઃખ રાયને સાંભરે, મનમાંહે પુત્રીનો અતિ ઘણો દાહ તો ॥ પુરોહિત પવનજી આવીયા, કાલુંમુખ કરી મળીયો નરેશ તો ॥ પવનજી ઈહાં પધારીયા, મહેન્દ્ર કહે હું કેવો ઉત્તર દઇશ તો....તો૦ સતી રે૦ ॥ ૧૨ ॥ નગરમાંહિ પધરાવીયાં, મર્દ્દનીયા મર્દે છે તેલ ચંપેલ તો ॥ નિર્મલ નીરે અંઘોલીયા, બેસણે બેઠા છે બે જણા બેલ તો ॥ વિધવિધ ભોજન પીરસીયાં, થાલ પીરસી કરી મૂકયો છે પાટ તો ॥ પવનજી હાથ ખેંચી રહ્યો, ચઉદિશે જુએ છે અંજનાની વાટ તો....તો૦ સતી રે૦ ॥ ૧૩ ॥ અંજના જોઈ દીકરી, પુત્ર જાયો હોત તો વધામણી ખાય તો ॥ વસંતમાલા નવિ દેખીએ, તે પણ કિહાં રહી છે છૂપાય તો ? ॥ સાસૂને ઘેર પડયું પીટણું, માંહોમાંહે બે જણા ઇમ કરે વાત તો ॥

અંજના સાસુએ દુહવી, પીયરે આવી કીધો આપઘાત તો.... તો૦ સતી રે૦ ॥ ૧૪ ॥ સાળાતણી સુતા ન્હાન, ઉત્સંગે બેસાડી બાલ તો ॥ કહે તારી ફુઈ રે શું કરે ?, તેવારે રૂદન કરી બોલી તતકાલ તો ॥ માતપિતાએ એણે બંધવે, પાપીએ કીધું છે કર્મ ચંડાલ તો ॥ આંગણે ન રાખીરે અધઘડી, કલંક ચઢાવીને દીધું છે આલ તો....તો૦ સતી રે૦ ॥ ૧૫ ॥ બાલિકા વચન સૂણી કરી, માથાપર ફેરવી નાંખ્યો છે થાલ તો ॥ મહેન્દ્રરાય આવી પાય નમે, પુરોહિત કહે તું તો કર્મ ચંડાલ તો ॥ ઉઠો સ્વામી ! શું બેસી રહ્યા ?, મૂઈ કે જીવતીની કીજીએ ખોજ તો ॥ સાસૂ રે આવી આડી ફરી, તુમ મુખ દીઠાં મુજ લાગે છે લાજ તો....તો૦ સતી રે૦ ॥ ૧૬ ॥ વનમાંહે કુંવરી ટળવળે, કિહાં ગઇ દાન દયાતણી વેલ તો ॥ કિહાં ગઈ ધર્મની ધૂંસરી, કિહાં ગઈ શીયલ સંતોષની વેલ તો ? ॥ આવોને નારી આગલ રહો, જેમ જોઉં તુમતણાં મુખનું સ્વરૂપ તો ॥ કટકેથી કુશલે હું આવીયો, એમ કહી રૂદન કરે બહુ ભૂપ તો....તો૦ સતી રે૦ ॥ ૧૭ ॥ મહેન્દ્રરાજા તિહાં આવીયો, નારીસહિત આવ્યો રાય પ્રલ્હાદ તો ॥ આવી પવનજીને બાંહે ધરી, કાં રે કાયર તેં મૂકયો આલ તો ॥ કર્મશું બલીયો રે કોઈ નહિ, પેટ વલૂરતી આવી અંજનાની માય તો ॥ રાજા વરૂણશું રણ ભડયો, અતિ દુઃખ કરતાં રે ઉપરે ધાય તો....તો૦ સતી રે૦ ॥ ૧૮ ॥ અનેક વિમાન લંબાવીયાંએ, પલાણ્યા કેઈ કરે તુરંગ અસવાર તો ॥ કેટલાક નર પાલા ફરે, સાંઢીયાં દોડાવ્યાં દિશોદિશ ઠાર તો ॥ એ સતી દીસે તો જીવવું, નહિંતર ખડગ મારી કરૂં કાળ તો ॥ દેશ વિદેશે જોવતાં, અંજના ઉમટી છે માય મોસાલ તો....તો૦ સતી રે૦ ॥ ૧૯ ॥ આગળથી પવનજી ચાલીયાં, પૂઠેથી આવ્યો છે સઘળો સાથ તો ॥ આવતો સહિયરે ઓળખ્યો, એ કહીએ સ્વામિની તુમતણો નાથ તો ॥ અંજના આવી હો પાયે નમી,

ખોળે બેસાર્યો છે હનુ રે કુમાર તો ॥ ક્ષણ એક પુત્ર સામું જુએ, ક્ષણ એક જુએ છે અંજનાનાર તો ॥ પવનજી આનંદ પામી રહ્યા, ભાઇ એહવાં સુખ નહિ રે સંસાર તો....તો૦ સતી રે૦ ॥ ૨૦ ॥ વસંતમાલા રે પાયે નમી, હુંડલે ઘાલ લહી હૈયા મઝાર તો ॥ કહે બાઈ! તમે દુઃખ કેમ સહ્યાં ?, કેમ કરી સહ્યો મારી માયનો માર તો ? ॥ કેમ કરી વનફલ વીણીયાં, કેમ પર્વત રહ્યાં નિરધાર તો ? ॥ અંજનાએ કેમ પુત્ર જનમીયો, કેમ કરી દુઃખભરી નિર્ગમ્યો કાલ તો ?....તો૦ સતી રે૦ ॥ ૨૧ ॥ જ્યારે સ્વામી ! તમે સૈન્યે ગયા, ત્યારે સાસરે પીયરે દીધો છે છેહ તો ॥ ત્યારે ઉઠી અમે વન ગયા, વનફલ વાવરી રાખ્યો છે દેહ તો ॥ વનમાંહે મુનિવર ભેટીયાં, દેવતાએ કીધી છે અમતણી સાર તો ॥ રાત્રિ દિવસ ધર્મ ધ્યાવતાં, અંજના ગુણતણો નવિ લહું પાર તો....તો૦ સતી રે૦ ॥૨૨॥

**દોહા**

**સાચી ઉતરી તે સતી, ભલે આવ્યો ભરતાર;**
**કલંક ટળ્યું કામિનીતણું, ભલો જ નીકળ્યો તાર ॥૧॥**

## ઢાળ ૧૭મી

ધન્ય મુખ દીઠું હો તુમતણું, બેહુ સખી બોલે છે મધુરી વાણ તો ॥ કેમ કરી સેનામાંહે સંચર્યાં, કેમ કરી ઝીલ્યાં રાજા વરૂણનાં બાણ તો ? ॥ બાંધ્યા ખરદૂષણ છોડાવીયાં, સામા હો સુભટના સહ્યાં ઘણાં ઘાય તો ॥ જુઝ કરી અતિ ઉગર્યાં, અતિસુખ ઉલટ અંગ ન માય તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ અંજના સ્હામી રે સંચરી, જઈ કરી સસરાને લાગી રે પાય તો ॥ સસરાને આંખે આંસુ ઝરે, તને વહૂ ! કહું કે માહરી માય તો ॥ સતીને મેં કલંક ચઢાવીયું, પછી સાસૂને જઇ લાગી છે પાય તો ॥ મેં બહુ વગોવણ તુઝ કરી, સાસૂ કહે ખમજો મારો અપરાધ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ માત-પિતા

આવીને મળ્યાં, ભાઇ–ભોજાઇ અતિઘણો નેહ તો ॥ પીયરીયાં મુખ ઢાંકી રૂવે, વસ્ત્ર પાછાં કરી નીરખે છે દેહ તો ॥ આવોને બાઇ ! સઘલી મળી, મનમાંહે માહરી મત આણો લાજ તો ॥ કર્મે મ્હારે હું વન ગઇ, હર્ષ વચન થઇ સહુ બોલાવો આજ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥

દોહા

**દાદા દાદી દેખી પોતરો, હનુમંત નિજ કુલહીર;**
**એ સહી હોશે એહવા, વંશ વિદ્યાધરવીર ॥ ૧ ॥**
**ભકિતયુકિત બહુ ભાવશું, મામે કરી મનુહાર;**
**સજ્જન સહુ સંતોષીયાં, પવનજીને અતિ પ્યાર ॥ ૨ ॥**
**પાંચ–સાત દિન પ્રીતિથી, રહ્યા ઘણે રસરંગ;**
**શીખ માગી પહોંચ્યા સહુ, નિજ નિજ ઘર ઉછરંગ॥ ૩ ॥**

## ઢાળ ૧૮મી

હનુ રે પાટણથકી સંચર્યા, અંજનાને આપી છે અતિ ઘણી સાથ તો ॥ મામોજી આવ્યો વલાવણે, રત્નપુરીલગે આવ્યો સહુ સાથ તો ॥ પ્રજા રે હો પરવરી, હવે પધરાવ્યા લઇ ઉત્તમ છાય તો ॥ પવનજી પાટે બેલાડીને રાય રાણી બેહુ તપોવન જાય તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ પવનજી પટે બેસાડીયાં, અંજના રાય બેઉ અતિ અભિરામ તો ॥ હનુમંત-કુંવર વિદ્યા ભણે, વાનરવિદ્યા પામ્યા છે ભલી ભાત તો ॥ બીજી હો વિદ્યા અતિ ભણ્યો, દેશવિદેશે વધી છે વિખ્યાત તો ॥ પવનજી પૃથ્વી રે ભોગવે, વસંતમાલા જે પૂછી કરે છે વાત તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ વરુણ લંકેસર ઉપન્યો, વરૂણ બેઠો વજડાવે વાજિંત્ર તો ॥ પુત્ર સો દેખીરે આપણા, પરતણી સેના ન આવે રે ચિત્ત તો ॥ લંકાભણી જન મોકલ્યો, જોતાં રે જુઝ કરવાતણો ભાવ તો ॥ બીજા સુભટ બહુ મોકલે, એકવાર મુખ જોવાને આવ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ રાવણે સેના મેલી ઘણી, એક તેડયું મોકલ્યું પવનજી રાય તો ॥

હનુમંત કહે અમે જાઇશું, તાત કહે તારી લઘુવર કાય તો ॥ અંજનાએ હૈડું આલોચીયું, મનમાંહે ઉપન્યો અતિ ઘણો શોચ તો ॥ રાજા જાય તો રણ રહે, કુંવર મારો નહિ વરુણની તોલ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥

દોહા

**વરૂણ પ્રત્યેં રાવણ વળી, મેલે કટક અપાર;**
**પ્રતિસૂર્ય ને પવનજી, નૃપટ બોલ્યા તેણી વાર ॥ ૧ ॥**
**દોઈ ભૂપતિ ચાલતા, નિઃખેદે હનુમાન;**
**ચાલ્યો આડંબર ઘણે, તવ રીજીયો રાજન ॥ ૨ ॥**

## ઢાળ ૧૯મી

હનુમંત હઠ કરી ચાલીયો, મહેન્દ્રપુરી જઇ દીધું મેહેલાણ તો ॥ ત્રણ પહોર દલ આફળ્યું, બંધણે બાંધ્યા છે માયને બાપ તો ॥ મામાએ આવી છોડાવીયાં, છોડી બંધનને કર્યો છે પ્રમાણ તો ॥ મારી માતાને વેળા પડી, તેવારે કેણે નવ દીધું ઠામ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ હનુમંત ચાલ્યો લંકાભણી, સાહમો આવ્યો છે રાવણ ભૂભાણ તો ॥ ઝાલી બીડુંને પાછો વળ્યો, જોધપુરે જઇ કીધું મેહેલાણ તો ॥ સ્હામા હો સુભટ તે આવીયા, ખેંચે છે ધનુષ્ય ને મૂકે છે બાણ તો ॥ રોષભર્યાં રણ આફલે, એવા સુભટ પાડે રણમાં જાણ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ રાવણસેના દેખી કરી, પુત્ર સો વરૂણના રણ ચઢયા સોય તો ॥ આગના ઉડેરે અંગારીયાં, લોહના બાણ તિહાં આફલે હોય તો ॥ જાલશું જાલ બાંધી લડે, ધનુષ્ય દીસે જાણે કુંડલાકાર તો ॥ રાવણ સેના નાસી ગઇ, આગલ ઉભો છે હનુ રે કુમાર તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥

દોહા

**બજરંગી વરુણસુત કહે, બાલક તારો વેશ;**
**કોણ પિતા તુમ કુંવરજી, કોણ તમારો દેશ ॥ ૧ ॥**
**વદે તેજેં કરી દીપતો, પવનકપિ મુજ નામ;**
**લઘુવેશે હું નાનડો, દેખો મારાં કામ ॥ ૨ ॥**

# ઢાળ ૨૦મી

માતા રે વેરણ તુમ તણી, બાપને અલખામણો નાનડો બાલ તો ॥ જો મુજ આવ્યો વરૂણને, ઈણ દિન ખુટયો છે તુમતણો કાલ તો ॥ વળતું હનુમંત બોલીયો, બંધવ સો મલી આવ્યા સાથ તો ॥ બોલ સહી કરી માનજો, જાણશું રણમાંહે વાવરશો હાથ તો...તો૦ સતી રે૦ ॥ ૧ ॥ વાનરી વિદ્યા સાધી કરી, વાનરરૂપ કીધું તેણીવાર તો ॥ હાક કરી દલ હરાવીયું, જોજન બાર લગે વાજે ધુકાર તો ॥ હાકે સહુ સેના થરહરે, વૃક્ષ ઉખેડીને નાંખે છે ઘાય તો ॥ પૂંઠે ફરી કર્યા એકઠા, વરૂણના પુત્ર બાંધી નાખ્યાં રણમાંય તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ વરૂણરાય તિહાં આવીયો, આવીને હનુમંતને દીધી છે હાક તો ॥ વાનરી વિદ્યા મેલી કરી, મૂલગે રૂપે રહ્યો રણમાંય તો ॥ હોય ચઢયો કર વાવરે, લાગઠ બાણ મૂકે તતકાલ તો ॥ વરુણ રાજાએ વિમાસીયું, એ બાલક દીસે છે જુઝની જાળ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ રથથકી રાજા રે ઉતર્યો, આવીને હનુમંતને દીધી છે બાથ તો ॥ વેણીના વાળ તે કર ગ્રહ્યા, મૂઠીના પ્રહાર વાજે છે હાથ તો ॥ ચપલ ચપેટા રે વાવરે, કેડેથી આવીયો રાવણ ધાઈ તો ॥ આવી હનુમંતને ઉપર કર્યા, બાંધી વરૂણને નાખ્યો રથમાંહિ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ બંધન છોડયાં હો વરૂણનાં, આવીને રાવણને કીધો જુહાર તો ॥ વળતો વરૂણરાય બોલીયો, મારૂં શિશ નમે જગદાધાર તો ॥ સંયમ લેવા હો સંચર્યો, આપણા ધર્મતણું કરે કાજ તો ॥ સેના હો વરૂણ વખાણીયો, તેહના પુત્રને બેસાર્યો રાજ તો....તો૦ સતી રે૦ ॥ ૫ ॥

**દોહા**

**જીત્યો વરુણ વિશેષથી, નૃપને કરે જુહાર;**
**થાપ્યો સ્થાનક તેહનેં, અબ નહિ ખૂનસ લગાર ॥ ૧ ॥**
**વરૂણઘરે છે કન્યકા, સત્યવતી તસ નામ;**
**પરણાવી હનુમંતને, જાણી વર અભિરામ ॥ ૨ ॥**

## ઢાળ ૨૧મી

રાવણે હનુમંત પ્રશંસીયો, શૂરપણેથી હો લઘુવર કાય તો ॥ મોટપ આણી મનાવિયા, પરાક્રમ દેખીને કર્યો પસાય તો ॥ કાનનાં કુંડલ આપીયાં, વળી આપ્યાં છે અતિ ઘણાં વેશ તો ॥ દીધી છે ભાણેજી આપણી, પરણ્યો છે પદ્મિણાને આપ્યાં છે દેશ તો....તો૦ સતી રે૦ ॥ ૧ ॥ વળી રે વરી વિદ્યાધરી, સહસ કન્યા વરી હનુમંત વીર તો ॥ બેટી પરણી છે સુગ્રીવતણી, તેહ પિયુ ઉપરે અતિઘણો રાગ તો ॥ સસરાને ઘેર કારણ પડયું, માંહે ઉપન્યો અતિઘણો ધંધ તો ॥ સુગ્રીવ હનુમંત રામની, એ કથા ચાલશે રામાયણ મધ્ય તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥

**દોહા**

**પુત્રી સ્વરૂપ અનંગતણી, અનંગકુસુમા નામ;**
**હનુમંતને વિવાહે સહી, રાવણુ જાણી સકામ ॥ ૧ ॥**
**અન્નેરી વિદ્યાધરી, પુત્રી એક હજાર;**
**પરણાવી હનુમંતને, ધર્મ સદા જયકાર ॥ ૨ ॥**
**રાવણુનો આદેશ લઇ, પરણી નાર ઉમેદ;**
**હનુમંત આવ્યો નિજ ઘરે, માતપિતા આનંદ ॥ ૩ ॥**

## ઢાળ ૨૨મી

પવનજી પૃથ્વી રે ભોગવે, બેઠા સિંહાસન છત્ર ધરંત તો ॥ હનુમંત કુંવર છે દીપતો, જે ભણી દૂર્જન દૂર નાસંત તો ॥ પરજા સહુ સુખ ભોગવે, હવે દાન પુણ્ય ધર્મની વાટ તો ॥ યાચકને દાન દેવાડીયાં, એણીપરે પવનજી ભોગવે પાટ તો.... તો૦ સતી રે૦ ॥ ૧ ॥ મૃગમદ ચંદન મહેકતા, સુગંધ અતિશય ચરચે છે અંગ તો ॥ નિત્ય નાટક નિરખીયાં, ફૂલ ને પાન તંબોલનો રંગ તો; સહસ વહૂઅર રે સેવા કરે, પાંચ ઇંદ્રિયતણા ભોગવે ભોગ તો ॥ અંજના મનમાંહે ચીંતવે, ધન્ય તે નર શિર વહે જોગ તો....તો૦ સતી રે૦ ॥ ૨ ॥ પાછલો પહોર છે રયણીનો, ધર્મચિંતા કરે અંજનાદેવ તો ॥ ચારિત્ર મનમાંહે

ચિંતવે, પવનજીને પાયે લાગી તતખેવ તો ॥ જન્મ મરણ દુઃખ દોહિલાં, રોગ વિયોગ સંસાર કલેશ તો ॥ વિષયનાં સુખ પૂરાં હુઆં, શિખ દ્યો સ્વામી હું સંયમ લઇશ તો....તો૦ સતી રે૦ ॥ ૩ ॥ પવનજી વળતા રે ઈમ કહે, ઘેર બેઠાં દેવી કરજો ધર્મ તો ॥ હજી ય બાલપણું ન્હાનડા, સંયમ લેજો હો ચોથે આશ્રમ તો ॥ તુમ સાથે અમે પણ આવશું, દાન દેતાતણી કરજો હો ચાલ તો ॥ અંજના થઈ રે ઉતાવળી, વિલંબ શું કરો થોડો રહ્યો કાળ તો....તો૦ સતી રે૦ ॥ ૪ ॥ વિલંબ સ્વામીજી તે કરે, જેહને મરણતણા નહિં ત્રાસ તો ॥ વિલંબ સ્વામીજી હું કેમ કરૂં, મરણ આયા કીંહા જાયશું નાસ તો? ॥ કર્મ ક્રિયા વિણ નવિરળે, તે ભણી લેશું સંજમભાર તો ॥ કાચી રે કાયા કારમી, વિણસંતા નવિ લાગે હો વાર તો.... તો૦ સતી રે૦ ॥ ૫ ॥ વચન સુણી રાય રીઝીયો, મનસંવેગ ને આણ્યો વૈરાગ તો ॥ હનુમંતકુંવર તેડાવીયો, તેહને માય ઉપર ઘણો રાગ તો ॥ માતાનાં ચરણ ધરી રહ્યો, અંજના ઉપરે અતિઘણો મોહ તો ॥ સહુસ વહૂ રે સેવા કરે, પુત્ર ન છોડે માતતણો મોહ તો....તો૦ સતી રે૦ ॥ ૬ ॥ પુત્રને માતા રે પ્રીછીયો, અથિર આઉષાનો નથી વિશ્વાસ તો ॥ ધન કણ જોબન કારમું, મૂરખ જે જાણે આણે રે આશા તો ॥ માત પિતા પરિવાર નેં, મારૂં કરે સહુ કોય તો ॥ બાઉલા જે નર બાપડા, અંતકાળે કેમ કરશે સોય તો....તો૦ સતી રે૦ ॥ ૭ ॥ તિલક કરીને ત્યાંથી સંચર્યાં, અંજના રાય ખમાવતી સોય તો ॥ છેહડો છોડી કરી સંચર્યાં, હુમ તમ લેવું દેવું નહિ કોય તો ॥ રાય ખમાવી સંયમ લીયો, તપ કરી પામશે શિવપુર ઠામ તો ॥ અંજના ગુરૂણીપાસે ગઈ, વસંતમાલા પણ સાથે થઇ તામ તો....તો૦ સતી રે૦ ॥ ૮ ॥ કાનના કુંડલ પરિહર્યાં, નાસિકા નકવેશર હાર તો ॥ કેડતણી કટિ-મેખલા, ચૂઆ ચંદન ને સર્વ શણગાર તો ॥ પગતણાં ઝાંઝર

પરિહર્યાં, બાંહે સોનાતણી પ્હેરી છે ચૂડિ તો ॥ લોચ કરી ત્યાંથી ચાલીયાં, કર્મતણી બહુ તોડે છે કોડિ તો....તો૦ સતી રે૦ ॥ ૯ ॥ ખોળે ઘાલી સુત સંચર્યો, અંજના આભરણ શિરતણા વાળ તો ॥ ઘરે જઇ કરી પૂજશું, એમ કરી નિર્ગમશું આપણો કાલ તો ॥ અતિદુઃખ આણી ઝૂરે ઘણું, માતપિતા-તણી પરહરી આશ તો ॥ બેટી સુગ્રીવની ઈમ કહે, કેસરી કિમ રહે બાંધ્યા પાસ તો?....તો૦ સતી રે૦ ॥ ૧૦ ॥ માસ માસ કરે પારણું, શરીર સૂકાણું ને કીધું નિષ્કામ તો ॥ શીત શીયાળાની શિર વહે, જયેષ્ઠના તાવડા શિરપડે તામ તો ॥ હાડ ને નસ દીસે જુજવાં, (પાઠાંતર) દ્વાદશ માસ તે તપ કરે, સમસ્ત જીવતણી પ્રતિપાલ તો ॥ માંસ ને લોહી સૂકી ગયાં, લીલરી ચરમ દીસે નસાજાલ તો....તો૦ સતી રે૦ ॥ ૧૧ ॥ પૃથ્વી પૂંજી કરે સાથરો, અનશન લીધું છે અંજનામાય તો ॥ ચઉગતિ જીવ ખમાવતી, ચારે હો શરણાં ચિંતે મનમાંય તો ॥ નારીનું લિંગ છેદી કરી, આગલ પામશે પુરૂષનો વેષ તો ॥ દીક્ષા લઇ મુગતે રે જાયશે, એમ કહે શીયલ ગ્રંથ ઉપદેશ તો....તો૦ સતી રે૦ ॥ ૧૨ ॥ શીયલ સંતોષગુણે આગલી, દાન દયા ઉપશમની ખાણ તો ॥ સંયમ સાધીને સુર થયા, રાસ સતી અંજના જાણ તો ॥ વંશે વિદ્યાધર ઉપની, નામે હો નવ નિધિ સંપજે તેહ તો ॥ દર્શન દેખી પાતક ટળે, એનું ભજન કરતાં ભવદુઃખ છેહ તો....તો૦ સતી રે૦ ॥૧૩॥ અધિકું ઓછું જે મેં કહ્યું, મિચ્છામિદુક્કડં હોજો મુજ તેહ તો ॥ શીયલ તણા ગુણ વર્ણવ્યા, સતી સાધવી અંજના જેહ તો ॥ એહ સંબંધ પૂરો થયો, આગલ ચાલશે સીતાં આખ્યાય તો ॥ વિરહિણી વળી રે વૈરાગિણી, રામની ભાર્યા જગતૂત્રયની માય તો....તો૦ સતી રે૦ ॥ ૧૪ ॥

**ઇતિશ્રી અંજનાસુંદરીસતીનો રાસ સમાપ્ત**

# ॥ શ્રી ગૌતમ પૃચ્છાની ચોપાઇ ॥

દોહા

સકલ મનોરથ પૂરવે, ચોવીસમો જિનચંદ;
સોવનવાન સોહે સદા, પેખે પરમાનંદ ॥ ૧ ॥
સમવસરણ દેવે મલી, રચીયું ઉત્તમ ઠામ;
પદ્માસન પૂરી કરી, બેઠા ત્રિભુવન સ્વામ ॥ ૨ ॥
બેઠા મુનિવર કેવલી, ગણહર વર અગિઆર;
સુરનર કિન્નર માનવી, બેઠી પર્ષદા બાર ॥ ૩ ॥
તવ ગોયમ મન ચિંતવે, જીવિતનો એ સાર;
જે કાંઈ આપણુ થકી, કીજે પર ઉપકાર ॥ ૪ ॥
ગોયમ હીયડે જાણતો, આણી પર ઉપકાર;
સભા સહુકો સાંભળે, પૂછે ઈસ્યો વિચાર ॥ ૫ ॥

## ઢાળ ચોપાઇ

પહેલા વીર જિણેસર પાય, પ્રણમી ગોયમ ગણહર રાય; કર જોડીને આગલ રહે, સુલલિત ભાષા એણીપરે કહે ॥ ૬ ॥તું પાર જિન ભક્તિ મુક્તિ દાતાર, તુજ ગુણ કોઈ ન પામે; મેં ભેટયો ત્રિભુવનનો દેવ પુણ્ય પાપ ફલ પૂછું હેવ ॥ ૭ ॥ વલતું બોલે વીર જીણંદ, ગોયમ તું આણે આણંદ; પૂછે પૃચ્છા જે તુજ ગમે, તસ હું ઉત્તર આપીશ તિમે ॥ ૮ ॥ આગે મયગલ ને મદ ભર્યો, એક પંચાયણ ને પાખર્યો; આગે ગોયમનું જગ વાન, લાધું વીર તણું વણી નામ ॥ ૯ ॥ ભવિયણ ભાવ ભલેરો ધરી, અંગતણી આલસ પરહરી; સુણજો હર્ષ હિયે ઉલ્લસી, ગોયમપૃચ્છા પૂછે કિસી ॥ ૧૦ ॥ ભગવન! જીવ નરક શેં જાય, તેહજ અમર ભુવન સુર થાય; તિરિય માંહે તે દુઃખ કેમ સહે, કિશે કર્મે માનવભવ લહે? ॥ ૧૧ ॥ તેહિ જ પુરૂષ પણે સંસાર, કીશે કર્મે તે થાયે નાર; કહો

જિનવર પૂરો મનરલી, તેહ જ કિશે નપુંક વલી ? ॥ ૧૨ ॥ થોડું આયુ હોય તેહ તણું, કિશે કર્મે હોયે તે ઘણું; ભોગ રતિ શે નવિ ભોગવે, તેહિ જ ભોગ ભલા ભોગવે ॥ ૧૩ ॥ કિશે કર્મે સોભાગી હોય, કિશે કર્મે દુર્ભાગી જોય; તેહિ જ બુદ્ધિ તણો ભંડાર, કિશે કર્મે નવિ બુદ્ધિ લગાર ? ॥ ૧૪ ॥ તેહિ જ પંડિતમાંહે પ્રધાન, શે કર્મે થાયે અજ્ઞાન; ભીરૂ ધીરૂ કોણ કર્મે સોય, વિદ્યા સફલ નિઃફલ કેમ હોય ? ॥ ૧૫ ॥ નાસે ધન વાધે થિર થાય, જન્મ્યા પુત્ર ન જીવે કાંય; પ્રૌઢા પુત્ર ઘણા શે સ્વામિ, બહિરપણું શ્યે કર્મે વિરામ ? ॥ ૧૬ ॥ જાત્યંધો નર શેં અવતરે, કે કર્મે ભોજન નવિ જરે; કિશે કર્મે કોઢી કૂબડો, દાસપણું પામે બાપડો ? ॥ ૧૭ ॥ કિશે કર્મે દ્રારિદ્રી જંત, કિશે કર્મે તેહજ ધનવંત; રોગે પીડયો પાડે રીવ, રોગ રહિત શે થાયે જીવ ? ॥ ૧૮ ॥ ગોયમ પૂછે કહો જિનવીર, શે કર્મે હોયે હીન શરીર; તસુ પરભવ શું પડીયો ચૂંક, જે એણે ભવે થાયે તે મૂક ? ॥ ૧૯ ॥ કિશે કર્મે ઠૂઠો પાંગલો, કિશે કર્મે રૂપે આગલો; વિકટ કર્મનું કહો સ્વરૂપ, તેહિ જ નર કેમ થાયે કુરૂપ ? ॥ ૨૦ ॥ કિશે કર્મે વેદના અનંત, વેદન વિણ કેમ થાયે જંત; છાંડી તન પંચેન્દ્રિયતણું, કેમ પામે એકેન્દ્રિયપણું ? ॥ ૨૧ ॥ શી પરે થાયે થિર સંસાર, કેમ પામે વહેલો ભવપાર?; શે સંસાર સાહેલો તરી, પુણ્યવંત પામે શિવપુરી ? ॥ ૨૨ ॥

**દોહા**

**જીવ સવે જગતી તાણાં, તું તસ બંધુ સમાન;**
**ભાવ મનોગત સવિ લહે, હોય અનંતું જ્ઞાન ॥ ૨૩ ॥**
**પુહવી પદારથ જે અછે, તે દેખે મુનિ દેવ;**
**કૃપા કરી ભગવન્ કહો, કર્મ ફલાફલ હેવ ॥ ૨૪ ॥**
**ગુણ ગિરુઓ ગણધર ભલો, હર્ષે જોડી હાથ;**
**સફલ કરો મુજ વિનતિ, જંતસ ભણી જગનાથ ॥ ૨૫ ॥**

ગોયમ ગણુહર ચિન્તવ્યો, એણીપરે વીરજીણંદ;
નમે નિરંતર પય કમલ, જેહના ચોસઠ ઈંદ ॥ ૨૬ ॥
વીતરાગ વલતું વદે વાણી સરસ અપાર;
સુણ ગોયમ! ગણધાર તું, પૂછ્યાં તણો વિચાર ॥ ૨૭ ॥

## ઢાળ ચોપાઈ

ગોયમ પૃચ્છા પૂછી રહે; વલતું વીર જિનેસર કહે; સાવધાન સવિ પર્ષદ હુઇ, નિસુણે નિજ ભાષા જૂજૂઈ ॥ ૨૮ ॥ વરસે સ્વામિ વચન વિલાસ, પોહોંચે ભવિયણ જન મન આશ; આષાઢો સાસાઢો મેહ, કરી ગાજીને આવ્યો એહ ॥ ૨૯ ॥ તેણે અવસર નાઠી તૃષ ભૂખ, નાઠાં દુરિય સરીરમાં દુઃખ; મધુરી વાણી સુણી જબ કાન મધુરપણું નેહિ કેહને માન ॥ ૩૦ ॥ સરસ કવણ કહીએ સુખડી, જેણે ખાધે ભાંગે ભૂખડી; જિનવર વાણી નિસુણી જામ, તે વિપરીત વખાણે તામ ॥ ૩૧ ॥ જે શેલડી સરસ રસ ઘડી, તે પણ કહેને ચિત્તે નવિ ચડી, ભાતિ અને ઉભાતિ દેખવે, ગોલ ખાંડ ખારી લેખવે ॥ ૩૨ ॥ સુધા સુધા સવિ કહે મન થાય, સાકર કાંકર સમ તોલાય; નીલી દ્રાખ ન ગમે સરાખ, એકજ મીઠી જિનની ભાખ ॥ ૩૩ ॥ ઈસી વાણી જિન મુખે ઉચ્ચરી, ગોયમ બોલાવ્યો હિત કરી; એકજ જીવ લહે દુઃખ ઘણાં, સુણ ગોયમ કારણ તેહ તણાં ॥૩૪॥ જીવ વિણાસે જંપે અલી, જે નર પરધન ચોરે વલી; પરનારી શું રંગે રમે, પાપ પરિગ્રહ જાજો ગમે ॥ ૩૫ ॥ રાત્રિ દિવસ રીશે ધડહડે, અભિમાને માનવને નડે; ક્રોશ તણો આણે આકાર, નીચા નમણા નહિં લગાર ॥ ૩૬ ॥ મુખ મીઠો મન માયા કરે, કહો તે કિમ ભવસાગર તરે ?; હિયડે નિઠુરો વયણ કઠોર, પાપી પાપ કરે અતિ ઘોર ॥ ૩૭ ॥ જોવે છિદ્ર કુમતિનો ધણી મનમાં મૂર્છા ધરે અતિ ઘણી; જે અધમાધમ વિણ અપરાધ, ગોઠે બેઠો નિંદે સાધ ॥ ૩૮ ॥ જે માનવને એહવો ઢાળ, પ્રાયે દીયે અણહુંતા આલ; એવી મતિ જસ પોતે છતી,

ગુણ કીધો નવિ જાણે રતિ ॥ ૩૯ ॥ વીર ભણે સુણ ગોયમ ! વાત, ઇસ્યાં કર્મ જે કરે નિધાત; દોહિલા દુઃખમાંહે તડફડે, તે નર મરી નરકે રડવડે ॥ ૪૦ ॥ તપ સંયમ દાને ચોશાલ, ભાવે ભદ્રિક અને દયાલ; શીષે વહે સદ્‌ગુરૂની આણ, તે નર પામે અમર વિમાન ॥ ૪૧ ॥ માનવ સરસી માંડે પ્રીત, કાજ આપણું ચાલે ચિત્ત; વાંછિત કાજ સર્યું તતકાલ, વેહેલી પ્રીતિ કરે વિસરાલ ॥ ૪૨ ॥ જોતાં દરસણ કૂર અપાર, કોઇ ન પામે મનનો પાર; કીધાં કર્મ જીવ શું કરે, તિહાંથી મરી તિરિય અવતરે ॥ ૪૩ ॥ સરલ ચિત્ર સુકુમાલ અપાર, ક્રોધ લોભ મન નહીય લગાર; જીવ તણી નિત્ય જયણા કરે, સાતે ક્ષેત્રે ધન વાવરે ॥ ૪૪ ॥ વોહોરે વિણજે ન્યાયે કરી, મૂકે પોતું પુણ્યે ભરી; સાધુ તણાં પાય સેવે ઘણું, લહે જીવ તે માનવપણું ॥ ૪૫ ॥ સંતોષી વિનયે ગુણ વહે, સરલ ચિત્ત શીલે દ્રઢ રહે; સત્ય વચન જે બોલે નાર, થાયે પુરૂષ મરી સંસાર ॥ ૪૬ ॥ ચપલપણે ધૂત્તારે લોક, મૂરખ પાતક બાંધે ફોક; કૂડ કપટ માયાએ બહુ, સગાં સણીજાં વંચે સહુ ॥૪૭॥ મન વિશ્વાસ નહી કેહ તણો, વીર ભણે ગોયમ ! તુમે સુણો; એહવાં કર્મ કરે નર જેહ, પરભવ મહિલા થાયે તેહ ॥ ૪૮ ॥ માનવ તુરી સમારે ઢોર, વીંધે નાક પરોવે દોર; ગલ કંબલ છેદે અજ્ઞાન, કૌતુક કારણ કાપે કાન ॥ ૪૯ ॥ ઈસ્યાં કર્મ જે કરે નવિન, સવિહુ માણસમાંહે હીન, નવિ નારી તે નહિ નરમાંય, ગોયમ સોય નપુંસક થાય ॥ ૫૦ ॥ જીવ વિણાસે નિઠુરજપણે, જે પરલોક ન માને ગણે; ચિત્તમાંહે જસ ઘણો કલેશ, તે નર આયુ લહે લવલેશ ॥ ૫૧ ॥ રાખે જીવદયા નર થઇ, અભયદાન ઉપર મતિ રહી; જાજું આયુ લહે નર તેહ, ગોયમ ! એ તું મ ધર સંદેહ ॥ ૫૨ ॥ છતું અન્ન દેવા માંડે વ્યાપ, દેઇને મને કરે સંતાપ; મુજને પડિયો વરાંસો ઘણો, આપ્યો અર્થ શોક આપણો ॥ ૫૩ ॥ આપણને મતિ દેવા

ટલી, બીજા દેતાં વારે વલી; ગોયમ ! એહવે કર્મે જોય, ભોગ રહિત ભવ પૂરે સોય ॥ ૫૪ ॥ વારૂ વસ્ત્ર પાટો પાટલાં, ભાત પાત્ર ને પાણી ભલાં; રૂષિને દે હિયડે ગહ ગહી, પરભવ ભોગ લહે તે સહી ॥ ૫૫ ॥ ગુરૂ ગિરૂઆ તીર્થંકર સાધ, તેહનો જે ન કરે અપરાધ; વિનય વહે મૂકી અભિમાન, દર્શન જેહનું સોમ સમાન ॥ ૫૬ ॥ વાણી અમીય સમાણી ઝરે, વિરૂઆં વચન સદા પરિહરે; વીર વદે ગોયમ ! ગુણવંત !, તે પરભવે સોભાગી હુંત ॥ ૫૭ ॥ ગુણ,વિણ ગર્વ ઘણો મન ધરે, તપસીની જે નિંદા કરે; માની ધર્મવિડંબક હોય, પરભવ નર દુર્ભાગી સોય ॥ ૫૮ ॥ પઢે ગુણે ચિંતે સુવિશેષ, અવર ભણી વલી દિયે ઉપદેશ: સદ્ગુરૂ ભક્તિ કરે મન શુદ્ધ, પરભવ પામે ચોખી બુદ્ધ ॥ ૫૯ ॥ તપસી જ્ઞાનવંત ગુણવંત, તાસ અવજ્ઞા કરી હસંત; એ અજાણ મુખ એણી પરેં કહે, તે નર મરીને બુદ્ધિ નવિ લહે ॥ ૬૦ ॥ માય તાય સેવે મન ખરે, અવર વડાને આદર કરે; ધર્માધર્મ વિગત જુજુઇ, પૂછે સાવધાન જે હુઇ ॥ ૬૧ ॥ આરાધે જિનવરનાં વયણ, જેણે ઉઘડે હૈયાનાં નયણ; દેવ અને ગુરૂના ગુણ ગાય, મરી પુરૂષ તે પંડિત થાય ॥ ૬૨ ॥ મન માને તેમ જીવ વિણાસ, ખાઓ પીઓ ને કરો વિલાસ; પઢે ગુણે ધર્મે શું હોય ?, તો એમ ચિંતવતો મૂરખ હોય ॥ ૬૩ ॥ કૂકડ તિત્તર લાવાં ચડાં, સૂઅર હિરણ રોઝ બાપડાં; વન ભમતાં જે આણે ધરી, બીકણ હોયે સદા તે મરી ॥ ૬૪ ॥ જીવ સવિ ઉપર હિત સદા, ભય ન કરે ન કરાવે કદા; પીઠ પરાઈ વર્જે જેહ, ગોયમ ! ધીર હોવે નર તેહ ॥ ૬૫ ॥ લીયે વારુ વિદ્યા વિજ્ઞાન, કુડો વિનય કરે અજ્ઞાન; વિદ્યા ગુરૂને અપમાને બહુ, તેહનું ભણ્યું નિઃફલ હોયે સહુ ॥ ૬૬ ॥ વિદ્યા ગુરૂની ભક્તિએ ભર્યો, માને વિનય ગુણે પરિવર્યો; એણી પરે જે જે વિદ્યા ભણી, સઘલી સફલ હોવે તેહ તણી ॥ ૬૭ ॥ દેઇ દાન હીયે ન સમાઈ, મન ચિંતે મેં દીધું કાંઈ; તસ ઘર લક્ષ્મી

વહેલી મળે, ગણ્યા દિવસમાંહે પણ ટલે ॥ ૬૮ ॥ થોડે ધને નિત્ય વાધે વ્યાહ, દીયે દેવરાવે જે પર પ્રાહ; પૂણ્ય થકી પરભવ રંગરોલ, તસુ ઘર કમલા કરે કલ્લોલ ॥ ૬૯ ॥ જે જેહને મનગમતું હોય, ભાવ સહિત રૂષિને સોય; દેઈ મન ઉચ્ચાટ ન જાસ, તસ ઘર લક્ષ્મી રહે થિરવાસ ॥ ૭૦ ॥ પશુ પંખી માણુસનાં બાલ, જે પાપી પીડે વિકરાલ, તસ ઘર છોરું ન હોયે શિરે, જો હોયે તો નિશ્ચય મરે ॥ ૭૧ ॥ જેહ તણે મન દયા પ્રધાન, ગોયમ તસ ઘર બહુ સંતાન; અણ સાંભળ્યું સુણ્યું કહે જેહ, પરભવ બહેરો થાયે તેહ ॥ ૭૨ ॥ અણ દીઠાંને દીઠું ભણે, ધર્મ ઉવેખે મૂરખપણે, કર્મ તણી ગતિ વિષમી જોય, તે પરભવ જાત્યંધો હોય ॥ ૭૩ ॥ નિખર અન્ન ને વિરુઉં વારિ, સાધુને દીયે જે નર નારી, મન જાણી કૃપણાઈ કરે, પરભવ તસ ભોજન નવિ જરે ॥ ૭૪ ॥ પાડે મધ જે દવ દીયે વેડ, તેહની દૈવ કરે શી કેડ ?; પાપતણી મન નાણે શંક, જે નર જીવ પ્રત્યે દીયે અંક ॥ ૭૫ ॥ બાલાં કુલાં નીલા હરી, ખાતે ખૂંટે લીલા કરી; કીધાં કર્મ જીવ શું કરે, મરી પુરૂષ કોઢી અવતરે ॥ ૭૬ ॥ ઉંટ બળદ ભેસાં છાલકાં, ભારે પીડે લોભી થકાં; ઈમ પાપે પૂઃયે ઘડો, તે પરભવ થાયે કુબડો ॥ ૭૭ ॥ જાતિ મદે મદમાતો ફિરે, જીવ તણો જે વિક્રય કરે, જે કૃતંન અવગુણ આવાસ, તે નર પરભવ થાયે દાસ ॥ ૭૮ ॥ વિનય હીન વર્જિત, દાન તણાં ગુણ ચારિત્ર નહિય પવિત્ર; મનસાદિક જે નવિ સંવરે, એ નર દારીદ્રી અવતરે ॥ ૭૯ ॥ વિનયવંત દાને ઉલ્લસે, ચારિત્રના ગુણ વાસે વસે; લોકમાંયે તસ કીર્તિ ઘણી, મહોટી ઋદ્ધિ તણો તે ધણી ॥ ૮૦ ॥ વિશ્વાસી પાડે સંતાપ, સૂધે મન ન આલોવે પાપ, ગોયમ ઇસે કર્મે મન નડે, તે નર રોગે પીડયો રડે ॥ ૮૧ ॥ વિશ્વાસી રાખે હિત કરી, આલોયણ આલોએ ખરી; પરભવ તસુ મહિમા એ વડો, રોગ ન આવે ઘર ઢુંકડો ॥ ૮૨ ॥

કરે જે લઘુ લાઘવ કેટલા, હું જાણું નર નહી તે ભલા; કુડે બોલે કરે કુંસાટ, અધિક લઇને આપે ઘાટ ॥ ૮૩ ॥ પ્રત્યક્ષ પુરૂષ ન બીહે પાપ, વલી વશંસે પાડે માપ; લોભે લેવા હિંડે બહુ, નખર ક્રિયાણું વેચે સહુ ॥ ૮૪ ॥ જેહ તણે મન અતિ અભિમાન, માને અવરને તૃણ સમાન; લેઈ આપતા કરે જે ખાંચ, મુખ બોલતાં નહિ ખલ ખાંચ ॥ ૮૫ ॥ પાપ બહુલ માંડે વિવસાય, ઈસ્યા અવર જે કરે ઉપાય; તે નર પરભવ દુઃખિયો હીન, સઘલા અંગ હુવે તસુ હીન ॥ ૮૬ ॥ સંયમ સહિત ગુણે ગંહ ગહે, જે સુસધુ શીલે દ્રઢ રહે; તાસ પૂંઠ કરવે પડવડો, તે પરભવ થાયે બોબડો ॥ ૮૭ ॥ જેહને ધર્મ તણી નહી ધાંખ, છેદે પંખી જાતિની પાંખ; તેહનું જબ આઉખું પતે, થાયે ઠૂંઠો ભવ આવતે ॥ ૮૮ ॥ દયા રહિત કહે દિન રાત, પશુ કુમારા પ્રત્યે કુજાતિ; ગાયે ઘાય કરે ગલગલો, પરભવ તે થાયે પાંગુલો ॥ ૮૯ ॥ સરલ સ્વભાવ ધર્મ અહિ-ઠાણ, જીવ જતન જે કરે સુજાણ; જિન ગુરૂ પાય ભક્તો નિત્ય હોય, રૂપે મદન સરીખો સોય ॥ ૯૦ ॥ મન વાંકડો કરે નિત્ય પાપ, હોંશે જીવ વિરાધે આપ; જેહને દેવ ગુરુશું ખેશ, રૂપ ન પામે તે લવલેશ ॥ ૯૧ ॥ યંત્ર તંત્ર ને નાડી દોર, ખરગે કુંતે કરી કઠોર; જે પાપી પીડે પર જંત, તે પામે વંદના અનંત ॥ ૯૨ ॥ પ્રાણી સંકટ પડયો અચિંત, બંધન મરણે થયો ભયભીત; દયા કરી મૂકાવે કોય, તસુ શિર વેદન નિખર ન હોય ॥ ૯૩ ॥ હિયડે નેહને નિવિડ પરિણામ, અતિ અરપાન મહાભય જામ; કર્મ અશાતા વેદની ઘણું, તવ પામે એકેન્દ્રિય પણું ॥ ૯૪ ॥ પુણ્ય પાપ પરલોક ન આજ, ત્રિભુવન કો નથી રૂષિરાજ; જે નર માને ઇસ્યો વિચાર, ગોયમ ! તેહને થિર સંસાર ॥ ૯૫ ॥ પુણ્ય પાપ છે લોક મઝાર, છે જિન સેવિત સુગુરૂ નર નાર; મહિ મંડલ મુનિવર છે સહી, માને તે સંસારી નહી ॥ ૯૬ ॥ નિર્મળ જ્ઞાન અછે

ચારિત્ર, દર્શન ભૂષિત દેહ પવિત્ર; તે નર મરી તરી સંસાર, થાયે શિવપુર તણો શિણગાર ॥ ૯૭ ॥

**દોહા**

**જે જે ગોયમ પૂછિયું, વીર જિણેસર પાસ;**
**તે કહિયું ત્રિભુવન ગુરે, ગિરુઆ વચન વિલાસ ॥ ૯૮ ॥**
**ભવિક લોક તુમે સાંભળી, વાણી બહુત વિચાર;**
**પુણ્ય પાપફલ પ્રગટને, પ્રીછો હૃદય મઝાર ॥ ૯૯ ॥**
**પૃચ્છા ઉત્તર બેહુ મલી, અડચાલીશ પ્રમાણ;**
**અરથ બહુલ તુમે જાણજો, જગ જયવંતા જાણ ॥૧૦૦॥**
**પઢયા ગુણ્યા પ્રીછયા તણો કવિ કહે એહ જ મર્મ;**
**દયા સહિત આદર કરી, કીજે જિનવર ધર્મ ॥૧૦૧॥**

## ચોપાઈ

વીર વિમલ કેવલનું ગેહ, ભાંજ્યાં ભવિકતણાં સંદેહ; હરખ્યો તવ ગોયમ ગણધાર, સભા સહુ જંપે જયકાર ॥૧૦૨॥ સમયરત્ન જયવંત મુણીશ, એમ જંપે જગ તેહનો શિષ્ય; સુણજો વર્ણવર્ણ અઢાર, છતિસારૂ કરજો ઉપકાર ॥ ૧૦૩ ॥ લહે અરથ ગોયમ ગણધાર, તો પણ આણી પર ઉપકાર; વીર કન્હે બહુ પૃચ્છા કીધ, ભવિક પ્રત્યે પ્રતિબોધ જ દીધ ॥ ૧૦૪ ॥ એમ જાણી કવિ કરે વિચાર, જુઓ એહ સંસાર અસાર; પુત્ર કલત્ર પ્રૌઢાં ઘરબાર, રહેશે સોવન ધન શણગાર ॥ ૧૦૫ ॥ જાતાં જીવ ન લાગે વાર, કાયા કુટી કીજે છાર; જનમતણું એહિ જ ફલ સાર, કીજે કાંઈ પર ઉપગાર ॥૧૦૬॥ હિયડે અવર મ ધરજો ભર્મ, તે ઉપકાર કહીજે ધર્મ; પુણ્ય પાપ સાથે આવશે, સહુ આપણે કાજ લાગશે ॥૧૦૭॥ કવિ કહે હું શું બોલું બહું ?, જિનવર તો જાણે છે સહુ; પુણ્યકાજ કરશો એક સસા, શિવસુખ લહેશો વીશે વસા ॥૧૦૮॥ શ્રીમુખ ગૌતમ પૃચ્છા કરે, વીર સરીખા સંશય હરે; બેહુની વાણી અમૃત સમાન, અમૃત વાણી એહનું અભિધાન ॥૧૦૯॥

એહ ચોપાઈ રચી ચૌશાલ, કોણ સંવત ને કેહો કાલ; વરસ માસ કહિશું દિન વાર, જોઇ લેજો જાણ વિચાર ॥ ૧૧૦ ॥ પહેલી તિથિની સંખ્યા આણ, સંવત જાણો એણે અહિનાણ, આણ વેદ જો વાંચો વામ, જાણો (૧૫૪૫) વરસ તણું તે નામ ॥ ૧૧૧ ॥ વાસુપૂજય જિનવર જે નમો, ચૈત્રથકી માસ જ તે તમો; અજૂઆલી અગીયારસ સાર, તિહાં સુરગુરૂ ગિરૂઉ ગુરૂવાર ॥ ૧૧૨ ॥ દુહા સવે આણું ચોપાઈ. એક જપમાલા પૂરી થઈ; ઉપર અધિકો પાઠ વખાણ, તે સંખ્યાના મણિયાં જાણ ॥ ૧૧૩ ॥ એમ ગણતા જે આવે હોય, સહસ લાખની સંખ્યા હોય; એક રહે સવિહુ કોનો વતું, તે ઉપર ફરકે ફૂમતું ॥ ૧૧૪ ॥ આ જપમાલી એક ગુણ વહે, એહના ગુણ કોઈ પાર ન લહે; પગ પગ બિંદુ હુયે વલી તિહાં, ગણતા છિદ્ર નહી વલી જિહાં ॥ ૧૧૫ ॥ જોતાં ગુણ દીસે અતિ ઘણાં, વારૂ વર્ણ અછે તેહ તણાં; પઢતાં ગુણતાં સુણતાં સાર, સવિહું ઉપર સુખ દાતાર ॥ ૧૧૬ ॥ માનવ મન માયા પરિહરો, મેલી કાયા નિર્મલ કરો; આ જપમાલી હીયડે ધરો, મુકિત વધુ જિમ લીલાએ વરો ॥ ૧૧૭ ॥ ધ્યાન ધરીને આપ ઉદ્ધરો, કુડી કુબુદ્ધિ તે પરિહરો; મોહ મૂકો નાણો અભિમાન, એક મના ધ્યાઓ ધર્મ ધ્યાન ॥ આશ અભ્યાખ્યાન પરિહરો, રયણી ભોજન તે મત કરો; ॥ ૧૧૮ ॥ શ્રી સમકિતશુ બારે વ્રત, ભાગ્યવંત પાલે એ ચિત્ત; અનીત અનાગત ને વર્તમાન, એ ત્રણ કાલ કરે જીન ધ્યાન ॥૧૧૯॥ કીધાં કર્મ જો છૂટે તોય, દાન શીલ તપ મતિ જો હોય; મન શુદ્ધિ વિણ સહુ એ આલ, જેમ જો જાણો હોય ઈન્દ્રજાલ ॥ ૧૨૦ ॥ કર્મ કરે જીવ કાયા સહે, હીયે વિચારી જોઇ તે લહે; એક મના સમરો નવકાર પૂરવ ચૌદ માંહે જે સાર ॥ ૧૨૧ ॥ એ સંસાર અસારહ અછે, વિગતે જાણશો તુમે પછે; આ જપમાલી હિયડે ધરો, મુકિત વધુ જેમ લીલાએ વરો ॥ ૧૨૨ ॥ જપમાલીનું

સંખ્યા કહી, કો જાણે કો જાણે નહી; કવિ કહે કુણહી મ કરશો રીશ, સર્વે મળીને હોયે એકવીશ ॥ ૧૨૩ ॥ અણ-જાણતા કહ્યું હોય અલિ, ઓછું ખમજો વળી, મુનિ લાવણ્ય સમય કહે ઈશ્યું ધન્ય, મન જે જિન વચને વસ્યું ॥ ૧૨૪ ॥

॥ ઇતિશ્રી ગૌતમ પૃચ્છા ચોપાઈ સંપૂર્ણ ॥

# કર્મવિપાક અથવા જંબૂ પૃચ્છાનો રાસ

દોહા

**સકલ પદારથ સર્વદા, પ્રણમું શ્યામલ પાસ;**
**નમીયે તેહને ઉઠી નિત્ય, પરમાનંદ પ્રકાશ ॥ ૧ ॥**
**ગોયમ ગણહર પય નમી, કર્મ વિપાક વિધિ જોય;**
**ફલ ભાખું કૃત કર્મનાં, સાંભળજો સહુ કોય ॥ ૨ ॥**
**સોહમ સ્વામી, સમોસર્યા, ચંપાનગરી માંહે;**
**જંબૂ પ્રભુ પ્રણમી કરી પૂછે પ્રશ્ન ઉત્સાહે ॥ ૩ ॥**
**કહો ભગવન્ ધનવંત સુખી, શે કર્મે જીવ થાય;**
**દ્રારિદ્રી નિર્ધન દુઃખીયા, કુણ કર્મે કહેવાય ? ॥ ૪ ॥**
**વલતું બોલે કેવલી, સુણ જંબૂ સુવિચાર;**
**ભલા પ્રશ્ન તેં પૂછીયાં, ભવિક જીવ હિતકાર ॥ ૫ ॥**

## ઢાળ પહેલી દેશી ચોપાઈની

સાધુ ભણિ હીયે બહુમાન, પહેલે ભવે જેણે દીધું દાન; રૂદ્ધિ વૃદ્ધિ તે પામે ઘણી, આશા પૂરે સવિ મન તણી ॥ ૧ ॥ દાન ન દીધું જેણે નરે, તે પરઘર માંગતા ફરે; માગંતા પણ ન દીયે કોય, અદત્ત તણાં ફલ એહવાં હોય ॥ ૨ ॥ કિણ કર્મે અતિ ખીણું અંગ, કિણ કર્મે પુષ્ટતા પ્રસંગ; ગોલી સરિખું મોટું પેટ, દુઃખ દેખંતા ચાલે નેટ ॥ ૩ ॥ છિદ્ર પારકાં જોતો ફરે, વિદાન પારકા હિયડે ધરે; નિંદા કરતા ન

લહે શંક, પરભવમાં તે થાયે રંક ॥ ૪ ॥ રાજાના ફાડયા ભંડાર, રત્ન તેહનાં ચોર્યાં સાર; થૂલદેહ તે કરણી તણું, ડીલે માંસ વધે અતિ ઘણું ॥ ૫ ॥ એક દીકરી આવી રહે, પુત્ર તણું નામજ નવિ લહે; કોણે કર્મે સીધાં વળી, વલતું બોલે એમ કેવલી ॥ ૬ ॥ વિપ્રજાતિ તવ ખેતી કરી, ગાય એક તે જાયે ચરી; ક્રોધે બ્રાહ્મણ મારી ગાય, તિણ પાપે એક પુત્રી-થાય ॥ ૭ ॥ એક પુરૂષ જે નારી વરે, તે સઘલી જાયે જમપૂરે; કોણ કર્મ પહોતે તેહને; હોવે ન નારી એક જેહને ॥ ૮ ॥ પૂરવ ભવ નારી અતિ ઘણી, વિણ અપરાધે તેને અવગણી; શસ્ત્રઘાત વિષઘાતે કરી, મારી પાપ બુદ્ધિ મન ધરી ॥ ૯ ॥ જેહ જીવને ઉપજે ભર્મ, તેહજ પોતે કહો કોણ કર્મ; ઉતમ જાતિ ધને ગર્વિયો, ભાંગ અફીણ સુરાપાન કિયો ॥ ૧૦ ॥ વિષમ જવર અતિ દાહ ઉપજે, તેહને કર્મ કહો કોણ ભજે ? પોઠી ગાડાં વાહે ઉંટ, ભરે ભાર અધિકી તસ પૂંઠ ॥ ૧૧ ॥ ઉનાલે અગ્નિ જવલે અતિ ઘણી, ધન લોભે થાયે તે ભણી; તાપે પીડયાં આર્તિ કરે, તૃષા કરી પશુ દુઃખિયાં મરે, એહ પાપ જાણો તસ શિરે ॥ ૧૨ ॥ ચાર પાંચ છ માસે ઝરે, અધિકો નારી ગર્ભ નહિ ધરે; કોણ કર્મ પોહોતે તેહને તે સંબંધ કહો હિતઘણે ॥ ૧૩ ॥ આહેડી વનમાંહે શોર, કરે પાપીયા પાપ અઘોર; પાડે હરિણને બહુલા ત્રાસ, ગર્ભપાત તિણે ગર્ભનો નાશ ॥ ૧૪ ॥ વિધવા બાલપણે જે થાય, તેહને પાપ કોણ કહેવાય ?; નિજ ભરતારને મારી હાથ, રમે રંગે બીજાની સાથ ॥ ૧૫ ॥ પુત્ર જનમ પામીને મરે, સંતતિ એક નહિ તસુ ધરે; કોણ કર્મ પૂરવ ભવ કર્યાં, તેણે સંતાન વિના અવતર્યા ॥ ૧૬ ॥ પહેલી ઢાળ એ પૂરી કરી, કર્મ વિપાક થકી ઉદ્ધરી; એહવાં કર્મ ટાલે નર નાર વીર સુખી થાયે સંસાર ॥ ૧૭ ॥

### દોહા

મૃગ વરાહ શંબર શશા, મહિષ છાગ બક મોર;
તીત્તર પોપટ ચરકલાં, હંસ કપોત ચકોર ॥ ૧ ॥
મારે એહવા જીવને, હાથ સરાસર નાડી;
મીનાદિક જલચર હણે, જાલે પાશમાં પાડી ॥ ૨ ॥
પશુ પંખી માણસ તણાં, જેહ વિણાસે બાલ;
નાશ કરે જુ શીખનો, તે વાંઝીયા સંભાળ ॥ ૩ ॥

## ઢાળ બીજી

### વાટ જોવંતા આવ્યાજી....એ રાગ.

પુત્ર પાંચ પ્રકારના કહિયેજી, શિષ્ય તુમે સાંભળો, જેહવાં કીધાં તેહવા ફલ લહિએ જી શિષ્ય પહેલો; થાપણ મોસો જાણોજી શિ૦, બીજો રણિયો પુત્ર વખાણોજી....શિષ્ય; ॥ ૧ ॥ ત્રીજો વૈરી પુત્ર ભણીજે જી....શિ૦ ચોથો ઉદાસીન ગણીજે જી....શિ૦ ॥ પુત્ર પાંચમો તે સુખકારી જી....શિ૦, તે જાણો તુમે નિરધારીજી....શિ૦ ॥ ૨ ॥ થાપણ મૂકી જાયે કેઇની, શિ૦, ઉલવીને રાખે સોઈજી....શિ૦ ॥ ધણી આવીને જબ માગેજી....શિ૦, કહે તાહરૂં કાંહિ ન લાગેજી....શિ૦ ॥ ૩ ॥ મેં હાથો હાથે દીધી જી....શિ૦, તુમે ઘરમેં મુકી સીધી જી.... શિ૦ ॥ તું ઠામ ભૂલ્યો છો ભાઇ જી....શિ૦, તાહરે મારે કોણ સગાઇ જી?....શિ૦ ॥ ૪ ॥ ક્રોધે તે અતિ ધડધડતાજી.... શિ૦, દરબારે જાય તે વઢતા જી....શિ૦ ॥ સાક્ષી વિણ કહે રાયજી....શિ૦, અમથી કાંઈ ન કહેવાય જી..શિ૦ ॥ ૫ ॥ પ્રાણાંત લગે દુઃખ વ્યાપે જી....શિ૦, તોહી લોભી પાછું નાપે જી....શિ૦ ॥ તે મરણ પામે તસુ દુઃખે જી....શિ૦, આવી ઉપજે તે કુખે જી....શિ૦ ॥ ૬ ॥ પહેલી અધરણી તે કીજે જી....શિ૦, દ્રવ્ય બહુલું તિહાં ખરચીજે જી....શિ૦ ॥ ઘર પુત્ર થઈ જબ આવે જી....શિ૦, તવ આશા પૂરી કહાવે જી....શિ૦ ॥ ૭ ॥ વધામણી દીધી જેણે જી....શિ૦, લખમી

પામી બહુ તેણે જી....શિ૦॥ જન્મોત્તરી જોષીએ કીધી જી....શિ૦, બખશીસ ઘણી તસ દીધી જી....શિ૦ ॥ ૮ ॥ રૂપવંત ઘણું ગુણવંતો જી....શિ૦॥ સઘલે લક્ષણે સંજુત્તો જી....શિ૦॥ ભાટક ભોજક ભાજક ભાંડ ભવાયા જી....શિ૦, ગીત ગાયે નાચે સવાયા જી....શિ૦ ॥ ૯ ॥ દાન દેઇ ઘણું સંતોષે જી....શિ૦, નિજ નાતિ કુટુંબ સહુ પોષે જી....શિ૦ ॥ પાન ફોફલ નાળીયેર દીધાં જી ...શિ૦ પહેરામણી કરી રાજી કીધાં જી....શિ૦ ॥૧૦॥ કુલવર્ધન નામ જ દીધું જી....શિ૦, જાણે કારજ માહરૂં સીધું જી....શિ૦ ॥ માથે નવરંગી ટોપી જી....શિ૦, જરફાગ ફિરંગી ઓપી જી....શિ૦ ॥ ૧૧ ॥ આંગલાં દરિયાઇ દીસે જી....શિ૦, આય બાપ તણાં મન હીસે જી....શિ૦ ॥ હાથ પગે સોનાની કડલી જી....શિ૦, અણિઆલી આંખડલી જી.... શિ૦ ॥ ૧૨ ॥ કાને મોતીની લાલડી સોહે જી....શિ૦, કેડે કંદોરો મન મોહે જી....શિ૦ ॥ પગે રાતી પગરખી ઘાલે જી....શિ૦, ઠમકંતો આંગણે ચાલે જી....શિ૦ ॥ ૧૩ ॥ જેમ રૂપ નંદનનું તો નિરખેજી....શિ૦, તેમ હિયડામાં ઘણું હરખે જી....શિ૦ ॥ મુજ ભાગ્યદશા સપરાણી જી....શિ૦, પુત્ર બોલે મધુરી વાણીજી....શિ૦ ॥ ૧૪ ॥ પાંચ વરસ લગે લાલે પાલે જી....શિ૦, પછી ભણવા મેલ્યો નિશાલે જી.... શિ૦ ॥ આપે નિશાલીયાને ખડીયા જી....શિ૦, સોના રૂપાના તે ઘડીયાજી....શિ૦ ॥ ૧૫ ॥ વતરણાં વીણા જવ ફૂલીજી.... શિ૦, આપે સુખડલી બહુ મુલી જી....શિ૦ ॥ ખીરોદક શણિયાં ચકમાં જી....શિ૦, પાંમરી પીતાંબર થકમાંજી....શિ૦ ॥ ૧૬ ॥ પંડિતને બહુ ધન આપે જી....શિ૦, જાણે કીર્તિ માહરી વ્યાપે જી....શિ૦ ॥ ભણી ગણિને થયો પ્રોઢો જી....શિ૦ સહુ કહે પીતાથી સ્હેઢો જી....શિ૦ ॥ ૧૭ ॥ માતા પણ વચન ન લોપે જી....શિ૦, કુવચન કહે તોહિ ન કોપે જી....શિ૦ ॥

એમ પ્રીતિ દેખાડે પૂરી જી....શિ૦, જો થાપણ હોવે અધૂરી જી....શિ૦ ॥ ૧૮ ॥ રોગ ઉપજે તેહને અંગે જી....શિ૦, વાત પિત્ત પ્રબલ કફ સંગેજી....શિ૦ ॥ તબ વૈદ્ય તેડે તસુ કાજે જી....શિ૦, ધન નહિં તો કાઢો વ્યાજે જી....શિ૦॥૧૯॥ ભુઆ ધૂણે ને કહે ભૂતો જી....શિ૦, ઉંજણી નાંખી અવધૂતો જી....શિ૦ ॥ દોરા મંત્રી બહુલા બાંધે જી....શિ૦, આયુ ત્રુટું કોઇ ન સાંધે જી.... શિ૦ ॥ ૨૦ ॥ આપે વલી ગોલી કવાથ જી...શિ૦, કરે કારજ સઘલાં સાથ જી....શિ૦ ॥ નિજ થાપણ સઘલી લેઈ જી....શિ૦, સુત પહોંચે પરભવ તેઇ જી...શિ૦ ॥ ૨૧ ॥ નંદન તું પ્રાણ આધાર જી...શિ૦, કાંઇ મેલી ગયો નિરાધાર જી....શિ૦ ॥ એમ કરે અનેક વિલાપ જી....શિ૦, ઉદય આવ્યાં જે કીધાં પાપજી....શિ૦ ॥ ૨૨ ॥ ઢાળ બીજી પૂરી કીધી જી....શિ૦, રાગ સોરઠ માંહે સીધી જી....શિ૦ ॥ એહવી કરણી જે ટાલે જી....શિ૦ **વીર** પાપપંક પખાલે જી.... શિ૦ ॥ ૨૩ ॥ (૪૮)

### દોહા

**રૂણ સંબંધે ઉપજે, પુત્ર કુપુત્ર કુમિત્ર;**
**પશુ બહિન ભાઇ વહુ, માત પિતા કુકલત્ર ॥ ૧ ॥**
**માથે રૂણ કોઈ મત કરો, રૂણ જુનું નવિ થાય;**
**પરભવ જીવ જાયે તિહાં, રૂણ જાણો દુઃખદાય ॥ ૨ ॥**

## ઢાળ ત્રીજી

રખે કોઈ રણ કરો એ આંકણી' સુણજો હવે આદર કરી રે, રણિયા સુતની વાત; રખે કોઇ રૂણ કરો, જે દિનથી તિરજાત, રખે૦ ॥ ૧ ॥ કોઈ ગુણ માને નહી, બોલે નિઠુરી વાણ રખે. ॥ મીઠું મીઠું સવિ ભખે રે, કોઈ ન માને આણ રખે૦ ॥ ૨ ॥ વસ્તુ ભલી જે ઘરે હોવે રે, તે ચોરી કરી લેય રખે૦; જો વારે માતા પિતા રે, તો ગાલી તસુ દેય રખે૦ ॥૩॥

રાછ પીછ જે ઘરતણાં રે, વેચી જાયે સોઈ રખે૦ ॥ ભાંજે હાંડલા કુંડલા રે, જો તેહને કહે કોઈ....રખે૦ ॥ ૪ ॥ એ બાલક કોઈ નવિ લહે રે, કરશે ઘર તણાં કામ; રખે૦ મા બાપ તેહનાં ઈમ કહે રે, મહોટો થાશે જામ રખે૦ ॥ ૫ ॥ સોલ વરસનો જબ થયો રે, પરણાવ્યો મનરંગ રખે૦ ॥ વિવાહે ધન ખરચી ઘણું રે, બહુઅર આણી ચંગ....રખે૦ ॥ ૬ ॥ માસ એક પરણ્યદ્દ થયો રે, માંડી તવ વઢવાડ રખે૦ ॥ સાસુ સસરો એમ કહે રે, આવી નડી કુહાડ રખે૦ ॥ ૭ ॥ ભંભેર્યો ભરતાર નેરે, સાસુ ભુંડી છે રાંડ રખે૦ ॥ ખાંડું પીસું જલ વહું રે, મુજને ભાંડે ભાંડ રખે૦ ॥ ૮ ॥ નારાયણ વશ નારીને રે, માણસનું શું જ્ઞાન રખે૦ ॥ અંત સમય સહુ એમ કહે રે, નારીનાં જુઓ પ્રાણ....રખે૦ ॥ ૯ ॥ વયણ સુણી નારી તણાં રે, કોપ્યો તે પરચંડ રખે૦ ॥ હણવા ઉઠે માય તાયને રે, લેઇ મૂશલને દંડ....રખે૦ ॥ ૧૦ ॥ માલ મંદિર એ માહરાં રે, એહમાં નથી તુમ લાગ, રખે૦ ॥ જાલી જંટીયાં મા બાપના રે, કાઢે તે નિર્ભાગ....રખે૦ ॥ ૧૧ ॥ એમ દુઃખ દેઈ તેહને રે, પામે મરણ અકાલ રે૦ ॥ મુંહ આગલ મૂકી જાય રે, વિધવા વહુનું સાલ રખે૦ ॥ ૧૨ ॥ પહેરી ઓઢી નવિ શકે રે, કાંઇ ન સૂજે કામ, રખે૦ ॥ લેણિયાત જો આવશે રે, કિંહાથી દેશું દામ? રખે૦ ॥૧૩॥ શંકાતો નિશિ દિન રહે રે, ઉઠી જાયે પરદેશ રખે૦ ॥ ઘરની નારી દુઃખ સહે રે, બાલી જોબન વેશ....રખે૦ ॥ ૧૪ ॥ ઇહ ભવ પરભવ રૂણ તણાં રે, જાણી દૂષણ ટાળ રખે૦ ॥ વીર મુનિ ત્રીજી કહે રે, ઝુંમખડાની ઢાલ....રખે૦ ॥ ૧૫ ॥ (૭૦)

### દોહા

**હસે રમે મીઠું ચવે, મોહે મન માય તાય;**
**વૈરી સુત તે જાણીએ, બાલ પણે મરી જાય ॥ ૧ ॥**
**વલી ઉપજે વલી વલી મરે, ગર્ભે આવ્યો સોય;**
**નાશ કરે ધન ધાન્યનો, એમ દુઃખદાયી હોય ॥ ૨ ॥**

જો કદાચ મહોટો થયો, ઘણો કરે હેરાન;
વિષ પ્રયોગ શસ્ત્રે હરે, માત પિતાનાં પ્રાણ ॥ ૩ ॥
સુખ દુઃખ કાંઇ નવિ કરે, નવિ આપે નવિ લેય;
રૂસે તૂસે જે નહી, ઉદાસીન ગણો તેય ॥ ૪ ॥
જાત માત્ર જે પ્રિય કરે, ક્રીડા કરતો રંગ;
યૌવન વય જે સુખ દીયે, ભકિત તણે પરસંગ ॥ ૫ ॥
સંતોષે માય બાપને, મીઠે વચને જેહ;
કથન કદા લોપે નહિ, સુત એ પંચમ ભેય ॥ ૬ ॥

## ઢાળ ચોથી

### રાગ - નેમીરાય તું ધન્ય ધન્ય અણગાર

જીહો કાલાં કાલાં જામઠાં, લાલા સઘણે ડીલે રે થાય; જીહો પૂછે જંબૂ સુધર્મને, લાલા કુણ કર્મે કહેવાય....કૃપાનિધિ મુજને ભાંખો તેહ, જેમ ભાંગે મન સંદેહ....કૃપા૦ ॥૧॥ જીહો સર્વ દિવસ મુનિને હણે લાલા, સતીને કરે સંતાપ, જીહો; તેણે પાપ કરી ઉપજે, લાલા કોઢ રોગનો વ્યાપ....કૃપા૦ ॥ ૨ ॥ જીહો કેણે કર્મે મુખ વાસના, લાલા દુર્ગંધ હોય અસરાલ; જીહો વંક વદન વલી આંગુલી, લાલા જે દીયે મુનિને ગાલ....કૃપા૦ ॥ ૩ ॥ જીહો રાતું અંગ રોમ ઉજજવલા, લાલા પાંપણ જેહની શ્વેત; જીહો પિંગલ નર તે ભાંખીયા, લાલા કવણ કર્મનો હેત....કૃપા૦ ॥ ૪ ॥ જીહો ચૈત્ય સુરજ સન્મુખ સદા, લાલા જે કરે લઘુ વડી નીત; જીહો તેણે પાપે કરી પ્રાણીયા, લાલા પિંગલ ધરજો ચિત્ત....કૃપા૦ ॥ ૫ ॥ જીહો ધોલો પીલો રાતલો, લાલા નાનાવિધ પરમેહ; જીહો કરણી તેહની કોણ લહે, લાલા ધાતુ ક્ષીણ હોય દેહ....કૃપા૦ ॥ ૬ ॥ જીહો સૂત્ર રજત કંચન ત્રાંબુ; લાલા હીરા વિદ્રુમ જેહ; જીહો ધાતુ સકલ ચોરી ગ્રહે, લાલા બહુ મૂત્રતા નિઃસંદેહ....કૃપા ॥૭॥ જીહો સૂકર કૂકર ગર્દભા, લાલા કૂકડ મહિષ માંજાર; જીહો કાક ઉલૂક અહિ વૃશ્ચિકા, લાલા કહો કોણ પાપ પ્રકાર....

કૃપા૦ ॥ ૮ ॥ જીહો દાન દયા તપ વ્રત નહી, લાલા યાત્રા ન પર ઉપકાર; જીહો રાત્રિ ભોજન જે કરે, લાલા તેહથી એ અવતાર....કૃપા૦ ॥ ૯ ॥ જીહો ચંડ કુશીલા કર્કશા, લાલા કલહ કરે દિનરાત; જીહો રૂપ કુરૂપ કાલી ઘણી, લાલા ભેંશલંકી સુવિખ્યાત....કૃપા૦॥૧૦॥ જીહો ઘૂકસ્વર ખર ગામિની,લાલા જીહો માથે બાબર વાળ; જીહો ક્રોધમુખી બડબડ કરે, લાલા દાંત જિસ્યા કોદાલિ....કૃપા૦ ॥ ૧૧ ॥ જીહો ચાટુ પાટુ પાઉલે, લાલા પતિને કરે પ્રહાર; જીહો એહવી નારી જેહને, લાલા કવણ કર્મ અધિકાર ?....કૃપા૦ ॥ ૧૨ ॥ જીહો નણંદ દેરાણી જેઠાણીયાં, લાલા સાસુ સસરો જેઠ; જીહો વડસાસૂ દેવર વહુ, લાલા કર્મ કરે નવિ વેઠ....કૃપા૦ ॥ ૧૩ ॥ જીહો જે જીનવર પૂજે નહિ, લાલા કરે આશાતન થૂલ; જીહો નિંદે જનને જે સદા, લાલા જાણે એ પાપનું મૂલ....કૃપા૦ ॥૧૪॥ જીહો પાંચ સાત પુત્રી હોવે, લાલા પુત્ર તણું નહિ નામ; જીહો તેહ તણાં પરકાશિયે, લાલા પૂરવભવનાં કામ....કૃપા૦ ॥ ૧૫ ॥ જીહો આહેડી ભવે જંગલે, લાલા રોકે જલનાં ઠામ; જીહો કૂપ નદી દ્રહ વાવડી, લાલા પશુ પંખી આવે જામ.... કૃપા૦ ॥ ૧૬ ॥ જીહો ઉનાળે અતિ આકરો, લાલા તડકે દાઝેરે દેહ; જીહો તરસ્યાં તે પાછાં વલે, લાલા પાપ ઘણુ તસુ હોય....કૃપા૦ ॥ ૧૭ ॥ જીહો આરંભ્યું નિષ્ફલ હોયે, લાલા સીઝે નહી કોઈ કાજ; જીહો વિઘન ઘણાં હોય તેહને, લાલા કોણ કર્મે મહારાજ?....કૃપા૦ ॥ ૧૮ ॥ જીહો માત પિતાને પીડવે, લાલા માને નહી ગુરૂ આણ; જીહો કારજ ગુરૂનું નવિ કરે, લાલા તેહનું એહ નિદાન....કૃપા૦ ॥ ૧૯ ॥ જીહો અણજાણ્યો ભય ઉપજે, લાલા સૂતાં બેઠાંરે આવ; જીહો અણદીઠું દીઠું કહે, લાલા તસુ ફલ મન સંભાવ....કૃપા૦ ॥૨૦॥ જીહો એ ઉપદેશ સોહામણો, લાલા સાંભળી ટાલોરે દોષ; જીહો ચોથી ઢાળ પૂરી થઈ, લાલા વીર કહો પુણ્ય પોષ....કૃપા૦ ॥૨૧॥ (૯૭)

### દોહા

ચાર પાંચ પુત્રી હુવે, તે સઘલી રંડાય;
પૂરવ ભવ તિણુ પ્રાણીએ કીધા કોણુ અન્યાય ? ॥ ૧ ॥
ચૈત્ય કૂપ સર વાવનાં, કરે વિઘન ધન ખાય;
ગ્રામાદિક બાલે વલી, જનમાંતર નર હોય ॥ ૨ ॥
મેદ વાય પીડા કરે, પાપ તેહનાં ભાખ;
મદ્ય માંસ જે નર ભખે, મરણાંત ફલ અભિલાખ ॥ ૩ ॥
કાને કાંઈ ન સાંભળે, કોણુ કર્યા કુકર્મ? ;
કહો પૂજ્ય ! જંબૂ ભણે, વલતું કહે સુધર્મ ॥ ૪ ॥
સાધુ વચન નવિ સાંભળે, સુણે નહી સિદ્ધાંત;
અણુ સાંભળ્યું કહે સાંભાળ્યું, બહેરો થાયે ઇમ ભ્રાંત ॥ ૫ ॥

## ઢાળ પાંચમી

### પૂણ્ય પ્રશંસિએ....એ દેશી

વાત ગુલ્મ હોય જેહને રે, પેટે થાયે રે પીડ; ખાધું ધાન્ય જરે નહી રે, કવણ કર્મની ભીડરે? ॥ ૧ ॥ કર્મકથા કહો....એ આંકણી ગણધર ગુણ ભંડાર રે....કર્મ૦, અમૃતવાણી વરસતારે, જગજીવન હિતકાર રે....કર્મ૦ ॥ ૨ ॥ કોઢ્યો વિણઠયો જે હોય રે, કોઇ ન વાંછે જાસ; તે વહેરાવે સાધુનેરે, એ ફલ જાણો તાસરે....કર્મ૦ ॥ ૩ ॥ ખયન વ્યાધિ તસ ઉપજે રે, રોગ સહુનો રે વાસ; રાત દિવસ ખૂંખૂં કરે રે, કફ તણો આવાસરે....કર્મ૦ ॥ ૪ ॥ હાડ તણો વિક્રય કરે રે, જે વળી વિષ વ્યાપાર; મધુ પાડે વનમાં જઇ રે, ક્ષયરોગી નિર્ધાર રે.... કર્મ૦ ॥ ૫ ॥ જન્મથકી જે આંધલો રે, પડલ પ્રવાલા છાય; નેત્ર રોગી બહુ જાતિના રે, કવણ કર્મ અંતરાય રે?....કર્મ૦ ॥ ૬ ॥ પરસ્ત્રી નીરખે રાગશું રે, પરનારીશું પ્રીત્ત; કાજ વિણાસે પારકું રે, આંખ તણી એ રીત....કર્મ૦ ॥ ૭ ॥ આધાશીશી અતિ ઘણું રે, માથે પીડ કરંત; ઉંચું જોઇ નવિ શકે રે, કોણ અશુભ આચરંત રે....કર્મ૦ ॥ ૮ ॥

અગ્નિ સાખે આદરે રે, શયમાં આયત કીન; ચિત્ત તાહરૂં ને માહરૂં રે, ભિન્ન ગણવા લયલીન રે....કર્મ૦ ॥ ૯ ॥ પરણી નારી પરીહરી રે, પરરમણીશું રંગ; ઘરનાવે જે આપણે રે, તિણ શિર દુઃખ પ્રસંગ રે....કર્મ૦ ॥ ૧૦ ॥ સૂયર સરખું જેહને રે, મુખડું હોયે અનિષ્ટ; તેણે શ્યાં પાપ સમાચર્યાં રે, તે ભાખો મુજ ઈષ્ટ રે....કર્મ૦ ॥ ૧૧ ॥ એક નર દાન બહુ વિધ દીયેરે, આપે ઉલટ આણી; નિંદે તેહને નિત્ય પ્રત્યે રે, ભુંડ મુખો તે જાણરે....કર્મ૦ ॥ ૧૨ ॥ ગર્ભે સાલ થઈ રહે રે, વાધે નહિ જે બાલ; પૂરવ ભવ તેણે આદર્યાં રે, કવણ કર્મ વિકરાલ રે?....કર્મ૦ ॥ ૧૩ ॥ જાત માત્ર તે બાલને રે, વિવાદની ધરે શંક; મારે પાડે ગર્ભને રે, તેહને સાલ નિઃશંક રે....કર્મ૦ ॥ ૧૪ ॥ સ્થાન ભ્રષ્ટ નર જે હુવે રે, પામે નહી કિહાં ઠામ; પાપ પ્રકૃતિ કોણ તેહને રે?, તે સંભળાવો સ્વામ રે....કર્મ૦ ॥ ૧૫ ॥ મારગ અથ જલ થાનકે રે, વૃક્ષ મહાફલ ભાર; પશુ પંખી પંથી જિહાંરે, લ્યે વિશરામ અપાર રે...કર્મ૦ ॥ ૧૬ ॥ કોપે એહવા વૃક્ષને રે, તેહને ઠામ ન હોય; જિહાં જાયે તિહાં દુઃખ સહેરે, બેસણ ન દિયે કોય રે....કર્મ૦ ॥ ૧૭ ॥ કોઢ રોગ ઘટ જેહને રે, ધોલું થાયે ગાત્ર; મોહોટા માણસ જેહશું રે, બોલે નહી ક્ષણમાત્ર રે....કર્મ૦ ॥ ૧૮ ॥ લોપે વૃત્તિ જે સાધુની રે, ગોવધ ચોરી જુઠ; કન્યા ધન જે વાવરે રે, કુલાં કુંપણ દુટ્ટ રે....કર્મ૦ ॥ ૧૯ ॥ ખુટે ખાંતે ખ્યાલશું રે, તે નર કોઢી રે થાય; કીધા કર્મ ન છૂટીએ રે, જબ તબ દુઃખ દે આય રે....કર્મ૦ ॥ ૨૦ ॥ માત પિતા નારી તણો રે, બેટા બેટી વિયોગ; જેહને આવી ઉપજે રે, કવણ કર્મનો ભોગ રે?...કર્મ૦ ॥ ૨૧ ॥ ગાય વત્સ માય બાપનો રે, પંખી પુત્ર વિછોહ; પાડે પાપી તેહને રે, મલવાને હોયે રોહ રે....કર્મ૦ ॥ ૨૨ ॥ સૂત્રની વાણી સાંભળી રે,

ટાલે દુષણ દૂર; **વીર** કહે ઢાળ પાંચમી રે, પામે સુખ ભરપૂર રે... કર્મ૦ ॥ ૨૩ ॥ સર્વ ગાથા ॥ ૧૨૬ ॥

### દોહા

**નંદન અથવા નંદિની, જન્મ પામે માય બાપ;**
**મરણ ધર્મ પામે તુરત, કવણ કર્મ સંતાપ? ॥ ૧ ॥**
**શરણે આવ્યા જીવને, જે શરણું નવિ થાય;**
**પરભવ તેહના પાપથી, શરણ વિના સીદાય ॥ ૨ ॥**
**જલોદરે કરી જે દુઃખી, પેટ ન હોવ નર્મ;**
**તેણે સંચ્યાં કોણ પાછલે, ભવમાં અધિક અધર્મ ॥ ૩ ॥**
**જાતિ પાંતિ ગણે નહિ, ખાયે ભક્ષ અભક્ષ;**
**વિરતિ નહી કોઇ વસ્તુની, જલોદર થાયે પ્રત્યક્ષ ॥ ૪ ॥**

## ઢાળ છઠ્ઠી

### હરીયા મન લાગો એ દેશી

કંઠમાલ રૂંડ માલ જે, દાંતે જીભે દુઃખરે.... સોહમ સ્વામી કહો; લંબ હોઠ હોય બોબડો, પાકે જેહનું મુખરે.... સો૦ ॥૧॥ અકારજ કીધાં કિસ્યાં, પૂરવ ભવ તેણે જીવરે... સો૦ ॥ મુખ રોગે કરી માનવી, પાડે ઘણીઘણી રીવરે.... સો૦ ॥ ૨ ॥ ગાંઠ છોડે જે પારકી, ધુતાવી લીયે માલરે.... સો૦ ॥ કંઠ માલા હોય તેહને, ગંડમાલ રૂંડમાલ રે.... સો૦ ॥ ૩ ॥ સ્વાદ કરે જે નવ નવા, ખાવાનો હોય વાઢ રે.... સો૦ ॥ આઠમ પાખી નવ ગણે, દુઃખે દાંત જીભ દાઢ રે.... સો૦ ॥ ૪ ॥ જિણ વશ રાખે નહિ, બોલે બહુલાં કુડ રે, સો૦ ॥ સંયમ સહિત સુધા યતિ, કુડ કરે તસ મુઢ રે.... સો૦ ॥ ૫ ॥ તે પરભવ થાયે બોબડો, હોયે વલી મુખનાં રોગ રે... સો૦ ॥ આપ કમાઇ દુઃખ સહે, છૂટે ન કર્મનો ભોગ રે... સો૦ ॥ ૬ ॥ શ્રવણ વહે જેહના સદા, રૂધિર પરૂ નિકસંત રે.... સો૦ ॥ કાને નાખે ઝાટકાં, કવણ કર્મ વિકસંત રે.... સો૦ ॥ ૭ ॥ ભાંડ ભવાઈ સાંભળે, ચાડિ ચુગલની ધાત રે.... ॥ **આદર** કરી આદરે,

કાન તણી એ વાત રે....સો૦ ॥ ૮ ॥ દીર્ઘદંત મુખ નીકળે, દીસે ઘણું વિરૂપ રે....સો૦ ॥ પર અપવાદ ઘર ઘર કરે, એ તસું કર્મ સ્વરૂપ રે....સો૦ ॥ ૯ ॥ પગ રહિત હોયે પાંગલો, પગલું એક ન ખસાય રે....સો૦ ॥ પૂરવભવનું તેહને, કવણ કર્મ દુઃખદાય રે....સો૦ ॥ ૧૦ ॥ પગ ભાંગી વાહે પશુ, દયા રહિત રખડંત રે....સો૦ ॥ આંબલી વડ આંબલી, કોપે કુમતિ પડંત રે....સો૦ ॥ ૧૧ ॥ શ્વેતારકાદિક ઔષધિ; કાઢે તેહની જડંતરે....સો૦ ॥ પાપ ઉદય જબ આવિયાં, લૂલો પંગુલેહુંત રે....સો૦ ॥ ૧૨ ॥ મૂત્ર કૃચ્છ્ર કરી મહા દુઃખી, પથરી રોગ પ્રચંડ રે, સો૦ ॥ અંતર્ગલ સોફો હોય, કવણ કર્મનો દંડ રે?....સો૦ ॥ ૧૩ ॥ જે રાજાની રમણીશું, સેવે વષયનાં સુખ રે, સો૦ ॥ મૂત્ર કૃચ્છનું તેહને, પરભવ થાયે દુઃખ રે....સો૦ ॥ ૧૪ ॥ પ્રેમ કરી પરનારીશું, કામરાગ વિલસંત રે....સો૦ ॥ પરદારાના પાપથી, પથરી પ્રબલ દમંત રે....સો૦ ॥ ૧૫ ॥ ગુરૂણીશું રંગે રમે, કામ વિષયના રાગ રે, સો૦ ॥ અંતર્ગલ હોય તેહને, કિહાં ન લહે સોભાગ રે.... સો૦ ॥ ૧૬ ॥ મહિલા મિત્રની ભોગવે, વારે તેહશું વઢંત રે, સો૦ ॥ નવી બીયે અપવાદથી, શોફો તાસ ચઢંત રે.... સો૦ ॥ ૧૭ ॥ દીસંતો અતિ ફૂટડો, બોલી ન શકે બોલ રે; મૂંગો મૂંગો મૂલથી, કવણ કર્મના ભોગ રે?....સો૦ ॥ ૧૮ ॥ અનિર્વચન ગુરૂને કહે, મહોટાનું હરે માન રે સો૦ ॥ કુડી સાખ તિહાં દીયે, ગૂંગો ઈણે અભિમાન રે....સો૦ ॥૧૯॥ એ દૂષણ જે ટાલશે, સાંભળી એ ઉપદેશ રે, સો૦ ॥ ઢાળ છઠી કહે વીરજી, દુષણ નહી લવલેશ રે....સો૦ ॥ ૨૦ ॥ (૧૫૦)

### દોહા

**શૂલ વ્યાધિ જે નર લહે, ડાબી જમણી કૂખ;**
**ઔષધ કો માને નહી, કવણ કર્મનું દુઃખ ॥ ૧ ॥**
**પશુ પંખી માનવ પ્રતે, બેઠાં બાણ હણંત;**

શૂલરોગ તસ ઉપજે, સોહમ એમ ભણંત ॥ ૨ ॥
કારણુ ચાર વિના મરે, જે નરનાં સંતાન;
તેહ તણાં ગુરૂજી કહો, કવણુ કર્મ વિન્નાણુ ॥ ૩ ॥
સૂરજને સન્મુખ થઇ, દેવાલયમાં જાય;
દ્રવ્ય લોભ મનસા ધરી, સાધુતણાં સમ ખાય ॥ ૪ ॥
સમ ખાતો શંકે નહી, રૂષિ માથે કર દેય;
મૃષા સમ કીધા થકી, સંતતિ નાશ કરેય ॥ ૫ ॥

## ઢાળ સાતમી

### ઋષભ જીણંદશું પ્રીતડી એ દેશી

ઠુંઠા જે હોય માનવી, બેહુ હાથે હો ન કરંયે કાજ કે; પૂજયજી કહે કવિયણ સુણો; ॥ ભવ પહેલો જે ભાંખીયે, તેહને હોય હો જે કર્મનો સાજ કે ...પૂજય૦ ॥ ૧ ॥ સુધર્મા વલતું એમ કહે સુણ જંબુ હો તસુ કર્મની સાખ કે; રસીયો પાપ તણે રસે, જે છેદે હો પંખીની પાંખ કે....પૂજય૦ ॥ ૨ ॥ માત પિતા ગુરૂ સાધુને, નિજ હાથે હો તાડના કરે તિક્ખ કે; પરભવ કર્મ ઉદયે હોયે, કર્મ પાંખે હો માગે તે ભીખ કે....પૂજય૦ ॥ ૩ ॥ અંગ ભંગ હુવે જેહને, ઉઠીને હો બેઠાની ન આય કે; પાપ જનમ પૂરવતણાં, મન તેહનાં હો સુણવા ઉજમાય કે....પૂજય૦ ॥ ૪ ॥ ચૈત્યભંગ કરે ચાહીને, અધ-માધમ હો કરે પ્રતિમા ભંગ કે; તેણે કર્મે કરી પામીયો, પરભવ નર હો થાયે અંગ ભંગ કે....પૂજય૦ ॥ ૫ ॥ વડ બોર લીંબુ જેવડાં, મસા મ્હોંઢે હોયે આખે ડીલ કે; રસોલી છોટી વડી, વદને વલી હો થાયે આંખે ખીલ કે....પૂજય૦ ॥ ૬ ॥ કરણી કોણ તે આદરી, તે દાખો હો ગુરૂજી ગુણખાણ કે; ગાઢે ધાયે ઢોરને, ખર શ્વાનને હો મારે પાષાણ કે....પૂજય૦ ॥ ૭ ॥ ગડ ગુંબડ ન ટલે કદા, કાન હેઠલ હો થાયે કરણકમૂલ કે; ગુતિ અરૂઝ ચાંદી હોયે, કોણ તેહને હો કરમ પ્રતિકૂલ કે.... પૂજય૦ ॥ ૮ ॥ વાડી અતિ રલીયામણી, દેખીને હો હરખે

સહુ લોક કે; ચોરે ફલ ફૂલ તેહનાં, ગુંબડાનો હો પામે તે શોક કે....પૂજ્ય૦ ॥ ૯ ॥ પગ ફાટે થાયે ચીરીયાં, ખસ લૂખસ હો અંગે થાયે દાદ્ર કે; ઉપચારે ઉરસે નહીં, દુઃખ દેખે હો કોણ ? કર્મ પ્રસાદ કે....પૂજ્ય૦ ॥ ૧૦ ॥ માસે પક્ષે ઉપજે, છ માસ હો વરસે રોગ કે; સાસ ખાસ કફ ફૂટણી, કયે દુઃખે હો એમ હોવે ભોગ કે....પૂજ્ય૦ ॥ ૧૧ ॥ સાપ મરીટી સાપણી, વીંછી વીંછણ હો મારે પૂણ્યહેત કે; ગોહ છછુંદરીને હણે, તેણે કરણી હો મુખ તસ ફલ હેત કે.... પૂજ્ય૦ ॥ ૧૨ ॥ મંદવાડ થાયે ચીકણો, ઘરમાંહે હો થોડી હોયે તોણ કે, જનમાંતર તેણે પાપીયે, પાપ સંચ્યા હો ભગવન કહો કોણ કે....?પૂજ્ય૦ ॥ ૧૩ ॥ ધર્મ તણે થાનક થકી, સાજ લેઇ હો સહુ દૂષણ લેહ કે; જીવદયા પાલે નહિ, વ્યાધિ સઘલો હો વ્યાપે તસ દેહ કે....પૂજ્ય૦ ॥ ૧૪ ॥ હિત ઉપદેશ હિયાવટે, સાંભળીને હો સહુ દૂષણ ટાળ કે, પૂણ્યવશે પ્રાણી ઘણો, સાંભળજો હો સહુ સાતમી ઢાળ કે....પૂજ્ય૦ ॥૧૫॥

**દોહા**

**પીનસ રોગ પીડા કરે, શોણિત નાક ખવંત;**
**વાંકી બેસે નાસિકા, કીટક પ્રાણી દમંત ॥ ૧ ॥**
**કેહવાં કર્મ કર્યા તેણે, પૂરવલે ભવે સ્વામ;**
**ભવિક જીવ તુમે સાંભળી, કરો ન એહવાં કામ ॥ ૨ ॥**
**ચિડીમાર ભવે ચરકલાં, પાપી જે મારંત;**
**મોર ચકોર કોકિલ સૂઆ, પીનસ તેણે ધરંત ॥ ૩ ॥**
**યક્ષ રાક્ષસ ને કિંપુરૂષ, ભૂત પ્રેત ગંધર્વ;**
**પિશાચ મહેશા કિન્નરા, એ કોણ કર્મે સર્વ ॥ ૪ ॥**
**જલમાંહે બુડી મરે, પર્વત ચડી પડંત;**
**અગ્નિ સર્પ વિષ શસ્ત્ર મૃત, વ્યંતર એ સવિ હુંત ॥ ૫ ॥**

## ઢાળ આઠમી

### મન મોહન લાલ એ દેશી

કુત્સિત રૂપ બીહામણું કહો કેવલી લાલ, માથું મહોટું

ઠીબ રે કહો કેવલી લાલ; કપિલ કેશ આંખ ચીપડી કહો૦, વચન કટુક જિમ નીંબરે....કહો૦ ॥ ૧ ॥ નાક બેઠું કાન સૂપડાં કહો૦, લાંબા હોઠ હલકંતરે....કહો૦; શ્યામ વદન દંત વંકડા....કહો૦; ખર જેમ ત્રાડુકંતરે....કહો૦ ॥ ૨ ॥ કેહને દીઠું નવિ ગમે કહો૦, ગર્દભ મુહ જાણે પૂછરે કહો૦; મહિષ કંધ માતો ઘણો કહો૦, સુરવાલ દાઢી મૂછરે....કહો૦ ॥ ૩ ॥ કુણ કરમ કીધાં તેણે કહો૦, જેહથી એહવું કુરૂપરે કહો૦; ઉપકારી સોહમ કહે કહો૦, તેહનું સર્વ સરૂપ રે....કહો૦ ॥ ૪ ॥ પંચ મહાવ્રત સૂધા ધરે કહો૦, સૌમ્યવદન સુકમાલ રે સુણો ધારણી નંદ; કરે રક્ષા છકાયની સુણો૦, જેમ પાલે માય બાલરે....સુ૦ ॥૫॥ મમતા માયા નવિ કરે સુણો૦, ટલે દૂષણ બાયાલરે....સુ૦; ચારિત્રથી ચૂકે નહિ રે સુ૦, પરિસહ દેખી ભયાલરે....સુ૦ ॥ ૬ ॥ ઉનાળે લે આતાપના રે સુ૦, શીયાલે સહે શીતરે સુ૦; ડાંસ મસાના દુઃખ સહે સુ૦, શત્રુ મિત્ર સમચિત્તરે....સુ૦ ॥ ૭ ॥ મુનિવર સમતા રસ ભર્યો સુ૦, કાંચન ઉપલ સમાન રે સુ૦; દુક્કર તપ સંજમ ધરે સુ૦, ન કરે તાસુ નિદાન રે....સુ૦ ॥ ૮ ॥ હસે થુંકે હેલા કરે રે સુ૦, મલ મલીન તનુ દેખરે સુ૦, એ દુર્ગંધી દોભાગીયા સુ૦, કરે ઘણો વિદ્વેષ રે..સુણો ॥ ૯ ॥ રૂપ મદે મોહયો થંકારે સુ૦ ધર્મબુદ્ધિ ઉવેખરે સુ૦; કર્મ ઉદય સબ તે હુવે સુ૦, થાય કુરૂપ વિશેષ રે.... સુ૦ ॥ ૧૦ ॥ આદરશું ઢાળ આઠમી સુ૦, સુણતા હોય આણંદ રે સુ૦; દેવચંદ વાચક તણો સુ૦, શિષ્ય કહે વીરચંદ રે....સુણો૦ ॥ ૧૧ ॥ ઈતિ

**દોહા**

**દુઃખે આંખ રહી રહી, તેહનું કહો કુણ પાપ;**
**પરગુણ દેખી નવિ શકે, તેહથી આંખ સીદાય ॥ ૧ ॥**
**શિર કર કંપે જેહના, ગાત્રે થાય પ્રસ્વેદ;**
**અંગ સઘળાં સૂનાં હોયે, કવણ કર્મ સંવેદ ॥ ૨ ॥**

મારગ માંહે હીંડતાં, શસ્ત્ર હાથમાં હોય;
વાહે જિહાં તિહાં કામબિણુ, કંપરોગ તિણે જોય ॥ ૩ ॥
પક્ષાઘાત પરાભવે, કવણ કરમ સંયોગ;
હાથે સ્ત્રી હત્યા કરે, અર્ધ અંગ હુવે રોગ ॥ ૪ ॥

## ઢાળ નવમી

**નદી જમુનાકે તીર, ઉડે દોય પંખીયા, એ દેશી**

વ્રણ વાહે નાસૂર ક્રૂર મુખ ડીલમે, પવિત્રપણું નહી હોય રહે કુચીલમે; કવણ કર્મે તેણે કીધ, સિદ્ધ નહી ઓષધે, ગિરૂઆ ગુણહ નિધાન–કહો કરૂણા બુધ્ધે ॥ ૧ ॥ કાન નાક વિંધીને પરોઇ દોરડાં, કૌતુક કારણે કાન, કાપે કછોરડાં; પશુ પંખી પ્રત્યે એમ પીડે જે પાપીયા, નાસુરે કરી તેહ, હોય સંતાપીયા ॥ ૨ ॥ રકત પિત્તનો રોગ–લહે જે જીવડા, ગલે અંગ ઉપાંગ–પડે માંહે જીવડા; ભવાંતર તેણે પાપ; કીધા પ્રભુ કેહવાં, મનુષ્ય તણો ભવ પામી–પામે દુઃખ એહવા ॥ ૩ ॥ માહિષ મહિષી ને છાગ – છાગી ને બલદીયા, ફાસું ઘાલી તાસ–ગલે મારે પાપીયા; મરી નરક માંહે જાય–મહા અહમી દલે, કરે ખડો ખંડ–પારાની પરે મીલે ॥ ૪ ॥ જો કદાચ વલિ તે–મનુષ્ય માંહે અવતરે, પામે બહુલા દુઃખ–ગલિત કોઢે મરે; હરસ રોગે કરી જેહ–આતુર હોયે આતમા, પાપ તેહના કોણ–કહો પુણ્યાતમા ॥ ૫ ॥ ફોડે સરોવર પાલ–નદી દ્રહ શોષવે, જલ વિણ સહુ જલ જંતુ–ઘણા દુઃખીયા હોવે; તેહ કર્મને પાપ–પીડા હોવે હરસની, ચિત્તો દયા નવિ કીધ–થાવર ને ત્રસની ॥ ૬ ॥ કુટુંબ તણી હોયે હાણ–કે જેહને સર્વથ, તેહ તણાં જે પાપ–કહો જે હોયે યથા; માછીને ભવે આવી મારે જે માછલાં, તેણે કુંટુબનો નાશ–જાણો કૃત પાછલાં ॥ ૭ ॥ રાતે નવિ દીસંત દીહે આંખ નિર્મલી, રાત અંધો કેણે પાપ–કહો મુજ કેવલી; અરૂણોદય મધ્યાન્હ–સંધ્યાએ જે જમે, ખાય પીયે મધ્યરાત્રિ રાત્યંધો તસુ દમે ॥ ૮ ॥ રાંધણ વાયની પીડ–હાથે પગે આકરી,

કીધાં કેહવાં કર્મ—કહો કરૂણા કરી; ઘોડા ઘોડી ઉંટ—ફેરે જે દુર્મતિ, રાંઝણ તેહને પાપ—જાણો હોયે છતી ॥ ૯ ॥ વલી ભગંદરનો વ્યાધિ—રાધ નિકળે ઘણી, અસુખ આઠે પોહોર થાય જે રેવણી; ફોડે કૂકડ ઈંડિ—પીયે રસ રસે કરી, તેહ પાપને રોગ હોયે ભગંદરી ॥ ૧૦ ॥ એહવું જાણી પ્રાણી—જે દુષણ ટાલશે, શ્રી જિનવરની આણ—સૂધી જે પાલશે; તે લહેશે શિવસુખ—દુઃખ નહિ લે કદા, નવમી ઢાળે વી—કહે સુખ સંપદા ॥ ૧૧ ॥

દોહા

બેઠા ફિરતાં બોલતાં, જિહાં તિહાં અંતરાલ;
વાઈ આવે દુઃખ દીયે, કવણ કર્મની ચાલ ॥ ૧ ॥
જઇ શિકારે જીવને, મારે વિણ અપરાધ;
તેહ કર્મ ઉદયે હુયે, તબ મરગીની વ્યાધ ॥ ૨ ॥
ખંધે ભાર ટલે નહિ, કરણી કેહી કીધ;
સ્વામિ અર્થ સાધે નહિ, આપ સ્વાર્થ મે લીધ ॥ ૩ ॥
દાઢી મૂછ હોયે નહી, પાંપણના જાયે વાલ;
મારે જે ભાણેજને, હણે કન્યાનો બાલ ॥ ૪ ॥

## ઢાળ દશમી

### કપુર હોવે અતિ ઉજલો રે....એ દેશી

હાડ ગંભીર હિયાહોડી રે, મોહોટા રોગ કહાય; જેહને આવી ઉપજે રે, કવણ કર્મ સહાય સોભાગી સોહમ, ભાખો કર્મની વાત; જે કેવલી વિણ ન કહાત ॥ સોભાગી૦ ॥ ભા૦ ॥ ૧ ॥ બાલક પરનાં લેઈને રે, વેચે પરદેશે જાય; મહિ માઈના મોહથી રે, હાડ ગંભીર તસ થાય....સો૦ ॥ ૨ ॥ ધન પામ્યું થિર નવિ રહે રે, જિહાં તિહાંથી જાય; જન્માંતરના તેહનારે, કવણ કર્મ ઉપાય....સો૦ ॥ ૩ ॥ સંન્યાસી યોગી જતી રે, અથવા લિંગી કોય; દ્રવ્ય સંચ્યાં ખાયે ગૃહી રે, પામે ધન નહી સોય....સો૦ ॥ ૪ ॥ જો કદાચ ધન સંપજે

રે. અગ્નિ ચોર અન્યાય; નૃપ સઘલું લુંટી લીયે રે. અંતે બેરૂ થાય....સો૦ ॥ ૫ ॥ અતીસાર હોય જેહને રે, થાયે લોહી ઠાણ; નાખે મલમૂત્ર આગમાં રે, એ તસું કર્મ નિદાન.... સો૦ ॥ ૬ ॥ જે થાયે નર કૂબડો રે, હીંડે બેવડ હોય; કોણ કર્મ કીધાં તેણે રે, ભગવન ભાખો સોય....સો૦ ॥ ૭ ॥ ઉંટ બળદ ભેંસા છાલકાં રે, ધાઠાં તેહના ચર્મ: લોભે ભાર ઘણાં ભર્યા રે, કીધાં એહ કુકર્મ....સો૦ ॥ ૮ ॥ નપુંસક પણું જે લહે રે, કોણ કરણી કરી હીન; પૂરૂષ નહિ નારી નહિ રે, માણસ માંહે દીન....સો૦ ॥ ૯ ॥ માણસ ઘોટક ઢોરને રે, સમારે સુખ કામ; કુમતિ ગલકંબલ છેદને રે, વેદ નપુંસક પામ....સો૦ ॥ ૧૦ ॥ નરકે જાયે જીવડાં રે, પામે બહુલા દુઃખ; અનંત શીત તાપ વેદના રે, અનંતી સહે તૃષ ભૂખ.... સો૦ ॥ ૧૧ ॥ તેણે જીવે કોણ કીધલાં રે, કર્મના બંધ કઠોર; સુરવેદના ક્ષેત્ર વેદના રે, જે પામે દુઃખ રોર...સો૦ ॥ ૧૨ ॥ મહારંભ મહામૂર્છના રે, અસત ચોરી પરદાર; પંચેન્દ્રિય વધ ફલ ભખે રે, નરક લહે અવતાર....સો૦ ॥ ૧૩ ॥ દોષ ટાલે જો એહવા રે, ભવિયણ હૈડે આણ; દશમી ઢાળ પૂરી થઈ રે, વીર તણી એ વાણ....સો૦ ॥ ૧૪ ॥

દોહા

તિર્યંચ માંહે ઉપજે, જીવ લહે દુઃખ જોર;
તેણે સંચ્યાં પૂરવે, કેહાં કર્મ કઠોર ॥ ૧ ॥
આપ કાજે જીજી કરે, પરને કામે અપૂઠ;
તનનો પાર ન કો લહે, મુખ મીઠું ચિત્ત દુઠ ॥ ૨ ॥
જે રે ધુત્યાં લોકને, હૈયે હોય રોમાંચ;
કર્મ કરે જે એહવાં, પૂરવ ભવ તિર્યંચ ॥ ૩ ॥
પુરૂષ વેદ તજી સ્ત્રીપણું, કોણ પાપે પામંત;
કુડ કપટ છલ ચપલતા, માયાએ મહિલા હુંત ॥ ૪ ॥
ભોગ ન પામે તે રતિ, છતી વસ્તુ ન ખવાય;
કરે અંતરાય આપે નહિ, ભોગ રહિત તે થાય ॥ ૫ ॥

**શીશે ધડ હડતો મરે, માતો માન વિશેષ;**
**લોભ લેહેરમાં કાલ કરી, કુગતિ કરે પ્રવેશ ॥ ૬ ॥**

## ઢાળ અગીયારમી

### ચરણાલી ચામુંડા રણ ચઢે એ દેશી

વાઘ સિંહ ક્રોધે હોય માને ગર્દભ શ્વાન રે; નોલ સાપ હોય લોભથી, કાણો કેણે નિદાનરે ॥ ૧ ॥ પ્રશ્ન, ઉતર ગુરૂજી કહે, સાંભળજો સહુ કોય રે, પાંતિ ભેદના પાપથી, આંખે કાણો હોય રે....પ્રશ્ન૦ ॥ ૨ ॥ અજગર કેણે કર્મે હોયે, પેટ ધસંતો ચાલે રે; વિદ્યામદ અતિ ઘણો કરે, કોઇને અક્ષર નાલે રે....પ્રશ્ન૦ ॥ ૩ ॥ ભણે ગુણે કહો ગુણ કિશ્યો, એમ કહી વંદે પ્રાણી રે, અજગર માંહે ઉપજે, મુરખ મનુષ્ય નિશાની રે.... પ્રશ્ન૦ ॥ ૪ ॥ રહે સદાયે બીહતો, થોડે ઘણે કડાકે રે; પશુ પંખીને ત્રાસવે, બંધુક મેહેલી ભડાકે રે... પ્રશ્ન૦ ॥ ૫ ॥ પામે દાસ દાસીપણું, આદર ન લહે રેખરે; નિર્ભંછે સહુ તેહને, કવણ કર્મના લેખ રે....પ્રશ્ન૦ ॥ ૬ ॥ જાતિ મહે માંતો ફરે, વિનય નહી તસુ પાસ રે; દાનાદિક પામે નહી, હાડ વિક્રયી થાય દાસ રે....પ્રશ્ન૦ ॥ ૭ ॥ વાળા જેહને નીકળે, બે ત્રણ ચાર પાંચ રે; પામે વેદન અતિ ઘણી, કવણ કર્મનો સંચરે.... પ્રશ્ન૦ ॥ ૮ ॥ અણગલ જલ જે વાવરે, ગલી સંખારો નાખે રે; ગલતાં ટુંપો જે દીયે, એ વાળાની સાખરે....પ્રશ્ન૦ ॥ ૯ ॥ નીચ જાતિમાં ઉપજે, કુણ કરણીથી તેહ રે; અનાચાર રાતો સદા, નિરખ સખરમાં રેહ રે....પ્રશ્ન૦ ॥ ૧૦ ॥ કૂડાં તેલા કૂડાં માપ લે, અધિકું લેઇ ઓછું આપે રે; ક્રિયાહીન કોઇ નવી લહે, નીચ જાતિ તેણે પાપે રે....પ્રશ્ન૦ ॥ ૧૧ ॥ શ્લોક યત્ર યત્ર ક્રિયા શ્રેષ્ઠા તત્ર તત્ર નરોત્તમા ॥ યત્ર; ક્રિયા નાસ્તિ, તત્ર તત્ર નરાધમાઃ ॥ ૧ ॥ ક્રિયા બલવતી લોકે, સર્વ ધર્માનુ-સારિણી ॥ શ્રદ્ધા દયા ક્ષમા લજ્જા, શાંતિમેધાપ્રવર્દ્ધિની ॥ ૨ ॥

ક્રિયા સત્સંગતિઃ સિદ્ધિઃ સેવા વ્રત ગતિર્ધુતિઃ ॥ એતાશ્રયો દશાપત્યા, ધર્મસ્ય ગૃહચારિણઃ ॥ ૩ ॥ ઢાળ સોહે અગ્યારમી, સાંભળતા સુખદાયરે; કારણ પાપતણાં તજે, વીર સુખી તે થાય રે....પ્રશ્ન૦ ॥ ૧૨ ॥

### દોહા

એ ફલ ભાખ્યાં પાપનાં. હવે કહું પુણ્ય વિપાક;
સુકૃત સંચ્યાં સુખ હોયે, આંબે ન થાયે આક ॥ ૧ ॥
જીવ લહે ભવ મનુષ્યનો, કિણે પુણ્યે કરી પૂજય;
સોહમ બોલે શુભ પરે જંબુ! એમ તું બૂઝ ॥ ૨ ॥
અરસ ચિત્ત સુકુમાલપણું, નહિ મન ક્રોધ લગાર;
જીવતણી જયાણા કરે, ન્યાયે વણિજ વ્યાપાર ॥ ૩ ॥
સાત ક્ષેત્ર ધન વાવરે, પૂજે જીનવર દેવ;
સાધુતણી સેવા રે, લહે નરભવ તતખેવ ॥ ૪ ॥
નારી મરી નર નીપજે, સુકૃત કહીયે તાસ;
સત્ય શીલ સંતોષ દ્રઢ, વિનય પુરૂષ વિલાસ ॥ ૫ ॥

## ઢાળ બારમી

### દીઠા દેવ અનેક, હાંજી દીઠા દેવ અનેક એ દેશી

સ્વર્ગ લહે સુખસાર, હાંજી સ્વ૦, અનુપમ સુરવરારે.... અનુ૦ થઇ થઇ રંગ રસાલ હાં૦, નાચે બહુ અપછારા રે....ના૦, ગર્ભ નહી સુખ સેજ હાં૦, તિહા ઉપજે સદા રે....તિહાં૦ આણ હે સહુ દેવ હાં., કહે જય જય તદા રે....કહે૦ ॥ ૧ ॥ મન માન્યા કરે રૂપ હાં. સ્વરૂપ વિવિધ પરે રે....સ્વ૦ જરા ન વ્યાપે વાલ, હાં૦, કે સ્વેદ નહિ શિરે રે કે૦; કહો સ્વામિ શે પુણ્ય હાં૦ કે કિહાં કીધાં મુદા રે કે કિહાં૦ ॥ ૨ ॥ તજી ઘરના વ્યાપાર, હાં૦ કે પંચેન્દ્રિય દમે રે કે પંચે૦; દુક્કર તપ બાર ભેદ હાં૦, સત્તર ભેદ સંજમે રે....સ૦; ભાવે ભદ્રક ચિત્ત ॥ હાં૦ ॥ આણા જીનની વહે રે....આ૦, દાન દયા દાક્ષિણ્ય ॥ હાં૦ ॥ અમર પદવી લહે રે....અ૦ ॥ ૩ ॥

નાના વિધના ભોગ હાં૦, ભલા જે ભોગવે રે ભ૦; દુઃખ નહી લવલેશ હાં૦, દીર્ઘ આયુ ભોગવે રે દી૦; સોભાગી શિરદાર હાં૦, સહુ માને ઘણું રે....કે સ૦ ॥ જગગુરૂ ભાખો તેહ હાં૦, કારણ કોણ પુણ્યનું રે....કા૦ ॥ ૪ ॥ વસ્ત્ર પાત્ર અન્ન પાન, હાં૦, શય્યાં મુનિને દીયે રે શ૦, અભય દાન દાતાર હાં૦ જીવદયા હીયે રે કેજી૦; લોપે નહી ગુરૂ આણ હાં૦ મીઠું મુખે ઉચ્ચ રે મી૦, ભોગ સંયોગ સૌભાગ્ય હાં૦ આયું ઘણું તે વરે રે, આયુ૦ ॥ ૫ ॥ કેણે પુણ્યે બહુ બુદ્ધિ હાં૦ ચતુરતા અતિ ઘણી રે ચ૦, ભણે ગણે સિદ્ધાંત હાં૦ ભણાવે સહુ ભણીરે ભ૦; દેવ ગુરૂના ગુણ ગાય હાં૦ ભક્તિ ગુરૂની કરે રે, ભ૦, તેણે પુણ્યે કરી તેહ હાં૦ પંડિત હોય શિરે રે પં૦ ॥ ૬ ॥ લખમી રહે સ્થિરવાસ હાં૦ કોડી વિણસે નહી રે કો૦, પરભવ તેણે પુણ્ય હાં૦ કર્યા કોણ ઉમ્મહી રે ક૦; દેઇ દાન શુભ પાત્ર હાં૦ પસ્તાવો નવિ ધરે રે પ૦, તસ ઘર રૂદ્ધિ સમૃદ્ધિ ॥ હાં૦ સદા વાસો કરે રે સ૦ ॥ ૭ ॥ પ્રૌઢા પુત્ર પ્રધાન હાં૦ હોય જેહને ઘરે રે કે હો૦, નારી હોય સુપાત્ર હાં૦ કેણે પુણ્યે અનુસરે રે કેણે૦; જીવદયા મન શુદ્ધ હાં૦ પાલે નહિ કારિમીરે પા૦; વીર કલ્યાણની કોડિ ॥ હાં૦ લહે ઢાળ બારમી રે....લ૦ ॥ ૮ ॥

દોહા

કેણે લક્ષણે ક્ષત્રી હોયે, કેણે લક્ષણે દ્વિજ જાત;
વૈશ્ય કેણે લક્ષણે હોય, કેમ હોયે શૂદ્ર જાત ॥ ૧ ॥
સંગ્રામે શૂરો હોય, પાછો પગ નવિ દેય;
શરણે રાખે અવરને, ક્ષત્રી જાણો તેહ ॥ ૨ ॥
જનમ જાતિથી શુદ્ધ હોય, સંસ્કારે દ્વિજ જાણ;
વેદ અભ્યાસે વિપ્ર હોય, બ્રાહ્મણ હોય ગુણખાણ ॥ ૩ ॥
દાન દયા ને સત્ય તપ, શૌચ સંયમ સંપન્ન;
બ્રાહ્મણ વિનય વિદ્યા નિપુણ, તે બ્રાહ્મણ ગણ ધન્ન ॥ ૪ ॥
કાંકર કનક સમાન મતિ, તજે શૂદ્રનું દાન;

કરે શુશ્રુષા ધર્મની, વિપ્રતણા એંધાણ ॥ ૫ ॥
દયા દાન ઉપકાર મતિ, અસત્ય તણો પરિહાર;
બોલે વચન વિમાસીને, વૈશ્ય તણો વ્યવહાર ॥ ૬ ॥
હીનાચારી ક્રોધ યુત્ત, ધર્મ રહિત જે હોય;
શ્રદ્ધા દયા ન જેહને, શુદ્ર ગણીજે સોય ॥ ૭ ॥
પ્રશ્ન જે જે પૂછિયા, ભાંખ્યા સોહમ સૂર;
તે ચિત્ત ધરો એકમને, દુરિય પણાસે દૂર ॥ ૮ ॥

## ઢાળ તેરમી

### રાગ-ધન્યાશ્રી

સુણજો જંબૂ પૃચ્છા ભવિયણ, ઈહ પરભવ હિતકારી રે, એહ સાંભળતાં કર્મ નિર્જરા, હોય સહી સુખકારી રે સુણજો ॥ ૧ ॥ સોહમ સ્વામી જંબુ હિતિકારી, જંબુ પર ઉપકારી; બારહ પર્ષદા બેઠા પૂછે, પ્રશ્ન સર્વ સુવિચારી સુણ૦ ॥ ૨ ॥ સજ્જન જન એ સુણતાં હરખે, દુર્જન ચિત્ત વિકારી રે; એ ઉપર પ્રતીતિ ન આવે, જાણો તે બહુલ સંસારી સુણજો૦ ॥ ૩ ॥ શ્રી પાસચંદ સૂરીસર પાટે, સમરચંદ ગુણધારી, તેને પાટે શ્રી રાજચંદ્ર સૂરી, સૂરતી સોહે સારી સુણજો૦ ॥ ૪ ॥ શિષ્ય શિરોમણી, તેહના કહિયે, પંચમ કાલ આહારી; દેવચંદ વણારસી દીયે, પ્રાગવંશ શિણગારી સુહાજો૦ ॥ ૫ ॥ જંબૂ પૃચ્છા ભણશે ગુણશે, સુણશે જે નરનારી; માનવ ભવ તે સફલ કરીને, થાશે સુર અવતારી સુણજો૦ ॥ ૬ ॥ સંવત સત્તર અઠાવીશે, પાટણ નગર મોઝારી; જંબૂ પૃચ્છા રચી મન રંગે, વીરજી મુનિ સુખકારી સુણ૦ ॥ ૭ ॥

॥ ઇતિ શ્રી વીરજી મુનિ કૃત જંબૂ પૃચ્છા સંપૂર્ણ ॥

—પંડિત શ્રી ઉદયરત્ન ગણિકૃત—

# લીલાવતી રાણી અને સુમતિવિલાસનો રાસ

### દોહા

પરમ પુરુષ પ્રભુ પાસજી, સરસ્વતી સદ્‌ગુરૂ પાય;
વંદી ગુણ લીલાવતી, બોલું બુદ્ધિ બનાય ॥ ૧ ॥
લીલા લહેર લીલાવતી, સુમતિ વિલાસ સમુદ્ર;
દિવ્ય ગુણ ગાશું દંપતી, જે ઉત્તમ ગુણે અક્ષુદ્ર ॥ ૨ ॥
કોણ તે દંપતી કીહાં હુવા, આદિથકી આચીર્ણ;
કહું તેણે જે જે કર્યાં, સાંભળજો ધરી કર્ણ ॥ ૩ ॥
ગુણ ગાતાં ગુણવંતના, નિર્ગુણ પણ ગુણવંત;
થાયે થોડા કાળમાં, લીલા મુગતિ લહંત ॥ ૪ ॥

## ઢાળ ૧લી

### કાચબાની દેશી

જંબુદ્વીપ મોઝાર, ભરત નામે હો ક્ષેત્ર છે તેહનો; જોયણ પાંચસે વિસ્તાર, ઉપર છવીશ હો કળા છે જેહનો ॥ ૧ ॥ મધ્યભાગે મનોહાર, રાજે ગિરિવર હો વૈતાઢય રૂપાતણો; તે ઉપર નીરધાર, વિદ્યાધરનો હો વાસ અતિ સોહામણો ॥ ૨ ॥ ગંગા સિંધુ દોય, સરિતા સલીલે હો પૂરી વહે સદા; સાધે ચક્રવર્તિ સોય, ખટખંડ તેણે હો થયા જાણો મુદા ॥ ૩ ॥ જનપદ સહસ બત્રીશ, વસે જે માંહે રૂદ્ધિ વિરાજતાં; આર્ય સાડા પચવીશ, અનાર્ય અનેરાં હો ઉદ્ધત ગાજતાં ॥ ૪ ॥ તે ભરત ક્ષેત્રની માંહે કોસંબી પુરી હો વસે કોશેં કરી; ઈન્દ્રપૂરીથી પ્રાયે, અધિકી ઓપે હો વિવિધ રતને ભરી ॥ ૫ ॥ લાંબી જોયણ બાર, નવ જોજન પોહોલી હો નિત્યે નવનવા; ઉત્સવ થાયે અપાર, શ્રી જિનભુવને હો જિન જિહાં અભિનવા ॥ ૬ ॥ સરોવર

સરિતા આરામ, વિધ વિધ વારૂ હો વૃક્ષની આવલી, અવતરીયા
જેણે ઠામ, છઠા જિનવર હો, છબી તેણે જલહળી ॥ ૭ ॥
વીરને વાંદવા હેત, રવિ શશિ આવ્યા હો જિહાં મૂલ વિમાનશું;
સુણજો જિન સંકેત જિહાં સોહાવી હો મૃગાવતી જ્ઞાનશું ॥ ૮ ॥
ચૌટા ચોરાશી ચંગ, હાટની હારો હો માંહે મનોહારિણી;
આકાશે દીસે ઉતુંગ, જિહાં પ્રાસાદે હો ધ્વજા જયકારણી ॥ ૯ ॥
કનકસેન તીહાં રાય, રાજ્ય કરે છે હો રાણીછે તેહને; સુરસુંદરી
સુખદાય, જોવા ચાહે હો સુર પણ જેહને ॥ ૧૦ ॥ શેઠ સદાફળ
નામ, વડ અધિકારી હો વસે વ્યવહારીયો; આવાસ તેહના
ઉદ્દામ, ધને કરીને હો ધનદ પણ હારીયો ॥ ૧૧ ॥ સેજલદે
અભિધાન, સુંદરી તેહની હો સોહે શીલે કરી; રૂપે રંભા સમાન,
પાતલપેટી હો પીન પયોધરી ॥ ૧૨ ॥ અંગજ તેહને એક,
વયે નાનો હો પણ ગુણે છે વડો; સુમતિ વિલાસ સુવિવેક,
રૂપે નિરૂપમ હો પુરમાંહે પરગડો ॥ ૧૩ ॥ થોડી તેહને રીસ,
થોડો બોલો હો થોડો ભુખ્યો વળી; બળ બુદ્ધિ બહૂલ જગીશ,
શરીર સુકોમળ હો કલા ઘણી નિર્મલી ॥ ૧૪ ॥ બત્રીશ
લક્ષણો તે બાળ, અનુક્રમે ભણતાં હો, ભર જોબન થયો; એ
કહી પહેલી ઢાળ, ઉદય પયંપે હો ઉદય અધિકો લહ્યો ॥ ૧૫ ॥

## દોહા

સુમતિ વિલાસ તે અતિ સુઘડ, ચતુર મનોહર ચાલ;
સોવનવાન સોહામણો, ઢળે નારંગા ગાલ ॥ ૧ ॥
વેધક વિનયી વરણાગીઓ, જાણે દેવ કુમાર;
અવની ઉપર અવતર્યો, અદ્દભુત રૂપ અપાર ॥ ૨ ॥
ચુઆ ચંદન અગરજે, ભીનો રહે ભરપૂર;
કાયા કુંકુમ લોલશી સિંહલંકો અતિ શૂર ॥ ૩ ॥
એક દિન પુરની શેરીએ, સરીખા સાથી લેય;
નગર જોવાં તે નીસર્યો, ભૂષણ અંગ ધરેય ॥ ૪ ॥

## ઢાળ ૨ જી

**તટ યમુનાનું રે અતિ રલીયામણું રે એ દેશી**

તેણે પ્રસ્તાવેરે એક પણ્યાંગનારે, બેઠી છે ઘરબાર; કામસેના નામે રે તેહ કુમારનો રે, દેખીને દેદાર ॥ ૧ ॥ મહા મોહ પામી રે મનશું માનુની રે, હૃદયમાં ઉપન્યો રાગ શુદ્ધિ બુદ્ધિ ભૂલી રે, સામુ જોતાં થકાંરે, લાગી લગન અતાગ મહા૦ ॥ ૨ ॥ દરિશન આપીરે દિલ લીધું હરી રે, ગણિકા થઈ ગતિ ભંગ; ઔઠ ક્રોડી તેહની રે રોમરાય ઉલ્લસી રે અંગે પ્રગટયો રે અનંગ....મહા૦ ॥ ૩ ॥ તવ તે પૂછે રે સખીને તારૂણી રે, અહો એહ રૂપ ઉદાર; કુંવર છે કેહનો રે અભિનવ કામ રયો રે, સહુ પુરૂષાં શીરદાર....મહા૦ ॥ ૪ ॥ સખી કહે ઇહાં અછે પુરમાં શેઠીઓ રે, જે આપે અવિરત દાન; ધવળ ધર ઉચા રે ફરહરે ધજારે, તેહનો એ સુત રૂપવાન ...મહા૦ ॥ ૫ ॥ જાતાં ને વળતાંરે હવે તે જોષિતો રે, વિભ્રમ કરે રે વિલાસ; મૃગની પરે રે કુંવરને પાડવા રે, પ્રીતનો માંડયો રે પાસ.... મહા૦ ॥ ૬ ॥ નાદનો બાંધ્યો રે નિત્ય તે શેરીએ રે, જોવા આવે નેં જાય; કયારે કાંઇ આપે રે, કયારે બાંહે ધરે રે, અબળા તે અકળાય....મહા૦ ॥ ૭ ॥ કેટલાક દહાડે રે એમ કરતાં થયો રે, માહો માંહે મેળાપ; લાલચ લાગી રે અને લજ્જા ટળી રે, થીરકડયો મનનો થાપ....મહા૦ ॥ ૮ ॥ તું મુજ સ્વામી રે, આતમનો રાજીયો રે, તું મુજ જીવન પ્રાણ; પુરૂષ હવે બીજા રે મહારા બંધવ પીતા રે, સ્વામી તું શેઠ સુજાણ....મહા૦ ॥ ૯ ॥ છેહ ન આપું રે જીવ જાતા લગા રે, તું મુજ ધનનો નાથ; કામે વાહી રે કામસેના કહે, એક દિન ઝીલી હાથ....મહા૦ ॥ ૧૦ ॥ જેમ તું રાખે રે તિમ રહું સાહિબા રે, લોપું ન તાહરી લીહ; વાંક જો દેખું રે તો પણ ચરચું નહી રે, આણ વહું નિસ દિહ....મહા૦ ॥ ૧૧ ॥

જગમાં જેતાંરે પાતિક નીપજે રે, તે લાગે તેતા મુજ્જ; લાખ ગુનેહિરે સાંભળ લાડલાંરે, ત્રિવિધ જો તુજ્જ તજ્યો.... મહા૦ ॥ ૧૨ ॥ તું વ્યવહારી રે, વર ખાંતે કર્યો રે, ન ધરૂં ધનનો રે મોહ; જે હું બોલું રે તે તું માનજે રે, સત્ય તજીને અંદોહ....મહા૦ ॥ ૧૩ ॥ જમણે હાથે રે વચન આપું અછુરે, હું તુજ દીલની દાસ; વીસ વસે રે થઈ હું આજથી રે, વિલસો ભોગ વિલાસ ...મહા૦ ॥ ૧૪ ॥ હું ગુણિકાને રે કુલેં ઉપની રે, પણ મેલ્યો કુલ આચાર; તાહરે કાજે રે તિમ તરશી રહી રે, જેમ ચાતક જલધાર....મહા૦ ॥૧૫॥ રઢ લાગી રે મીઠે બોલડે રે, મોહ્યું કુવરનું મન્ન; બીજી ઢાળે રે બુઝ્યો તે સહી રે,એમ કહે કવિ ઉદયરતન્ન....મહા૦॥૧૬॥

દોહા

જીમ સિંહણ ઘેર મૃગને, તિમ તે ઘેર્યો કુમાર;
એક કહે સાડા ફાલીઓ, ઘાલ્યો ગળામાં હાર ॥ ૧ ॥
કરી કેસરનાં છાંટણાં, મસ્તકે ઘાલ્યાં ફુલ;
મગન થયો મહિલા રસે, સુખના દેખી મૂળ ॥ ૨ ॥
સાંજ પડી રવિ આથમ્યો, કરતાં બહુ વિધ કેલ;
હવે જાઉં હું મંદિરે, કુંવર કહે તેણિ વેલ ॥ ૩ ॥
તવ વેશ્યા કહે વિલખી થઈ, રહો ને વાસો રાત;
કુમર કહે હું કેમ રહું, વાટ જુએ માય તાત ॥ ૪ ॥
વ્હાણે હું આવીશ વહી, કેલ કરીને તેહ;
ઘરે પહોતો તવ ઘૂમતો, ઘાયલ થઇ ઘણુ નેહ ॥ ૫ ॥
માતા થઇ અળખામણી, તાતની ન ગમે વાત;
મંદિર લાગે મસાણશ્યાં, ન ગમે ભગિની ભ્રાત ॥ ૬ ॥
તવ તે ચિત્તમાં ચિંતવે, વરજી ઘર વ્યાપાર;
વસું જઈ વેશ્યા ઘરેં, સફળ કરૂં અવતાર ॥ ૭ ॥

## ઢાળ ૩ જી

### ઈડર આંબા આંબલીરે એ દેશી

એમ તે મનમાંહે ધરી રે, લેઈ ટંકાવલી હાર; શણગાર

પહેરી શોભતોરે, ગ્રહી વલી ગરથ અપાર ॥ ૧ ॥ વણિકસુત, રહ્યો રે વેશ્યા ઘર જાઈ....એ આંકણી૦ લોપી કુલની લાજને રે, મેહેલી માય ને બાપ; ગણિકાને ઘરેં તે ગયો રે, વિષયનો જો જો વ્યાપ....વણિક૦ ॥ ૨ ॥ સર્પ તજે જેમ કાંચલી રે, તેમ તજી સહુનો સ્નેહ; વેશ્યા તેણે વ્હાલી કરી રે, અનંગનો મહિમા એહ....વણિ૦ ॥ ૩ ॥ નારી નયણે ભોળવ્યાં રે, તે નર ભૂલ્યા અછેહ; હરિ હર બ્રમ્હા સારિખા રે, હજીય ન લાધા તેહ....વ૦ ॥ ૪ ॥ પહેલા યોવન પુરમાં રે, થિરન ન રહ્યા જે થોભ; તે નર પડિયા બાપડાંરે, જેમ ઘર ભાંગ્યો મોભ.... વ૦ ॥ ૫ ॥ હવે તે હરિણાક્ષીએ રે, આલિંગ્યો ધરી ઉર; પીન પયોધર પહાડમાંરે, ભુલો પડયો તે ભૂર....વ૦ ॥ ૬ ॥ નિત્ય નવલી ક્રીડા કરે રે, નિત્ય નવલા સંયોગ; સરસ સુભોજન સાહ્યબીરે, ભોગવે સુરના ભોગ....વ૦ ॥ ૭ ॥ ગણિકા કનકની મુદ્રડીરે, કુમર તે નિર્મલ નંગ; નખ ને માસ તણી પરે રે, બાંધી પ્રીત અભંગ....વ૦ ॥ ૮ ॥ પ્રાણ તજે પાણી વિના રે, જેમ જલમાંહે મીન; તેમ તે વનિતાને વશેંરે, અહોનિશ રહે આધીન....વ૦ ॥ ૯ ॥ સાકર સમ થઇ સુંદરીરે, વાલા થયાં વિષ રૂપ; કહ્યું ન માને કોઈનું રે, જેમ અન્યાયી ભૂપ.... વ૦ ॥ ૧૦ ॥ વેલો ચડયો જેમ માંડવે રે, વલી કર્યો વિસ્તાર; તેહ પછે તાણ્યો થકોરે, નાવે ઘર નિરધારિ....વ૦ ॥ ૧૧ ॥ તેમ ગણિકા તનુ માડવેરે, લોભી રહ્યો લપટાય; છોડાવ્યો છૂટે નહી રે, જો કરે કોડિ ઉપાય....વ૦ ॥ ૧૨ ॥ ઉત્ય વદે અબલા રસેં રે, સબલા જે મહા શૂર; ત્રીજી ઢાળે તે રહે રે, હરિણાક્ષી હજૂર....વ૦ ॥ ૧૩ ॥

**દોહા સોરઠી ચાલમાં**

**સુબુદ્ધિ સદાફલ શેઠ, ઉંડુ મન આલોચીને;**
**ભુપતિને ધરી ભેટ, જઈ મલ્યા હવે જનકને ॥ ૧ ॥**
**કહે નૃપને કર જોડિ, સ્વામિ સુણો એક વિનતિ;**

ખંપણ લાગે ખોડ, કુલને સહી કુછોરૂંએ ॥ ૨ ॥
પ્રભુજી પ્રતપો પાટ, જગમાંહે તુપે જાલમી;
વસ્તિ પાડે વાટ, વેશ્યા મુજ વેરણ થઈ ॥ ૩ ॥
શૂરો તું શીરતાજ, અરિયણ મૂલ ઉત્થાપણો;
કરો અમારૂં કાજ, દેશોટો એહને દીયો ॥ ૪ ॥
છીંકનો લેવા છેહ, સુરજ સામું જોઇએ;
જોરાવરથી હોયે જેહ,તે નિર્બલથી નવિ નીપજે ॥ ૫ ॥

## ઢાળ ચોથી

### ભટીયાણુની દેશી

ભૂપ ભણે સુણો શેઠ, કરસણ પિયારૂં હો ઢોર ચરે જો આપણો; તો શું કરે તિહાં રાય, મંદિર પ્રજાલી હો જો કરે હાથે તાપણી ॥ ૧ ॥ મનમેલે મરે જેહ, ખૂન કરે કહો તેહનો પાસે લીજીએ; જાણ્યો જે વિષ ખાય, ઉલંભો અવનીમાં હો ત્યારે કેહને દીજીયે ॥ ૨ ॥ ધેનું દોહીને દૂધ, માનુની કોઈ મોજે હો પાયે જો મંજારને; તો કેહને કરીયેં રાવ, માવિત્ર બજારે હો વેચે જ્યારે દારને ॥ ૩ ॥ ભમર લીયે જો ભોગ, વાડી માંહે ફરતાં હો વિનોદે બહુવિધ ફૂલનો; તો કેણ વર્જ્યો જાય, ગણિકાશું એ દાવો હો જોતાં છે એ સુલનો ॥ ૪ ॥ ગોલ વોહોરાની વેઠ, સહુ કરે મન હોંસે હો મુખ મીઠું કરવા સહી; ચાલતા કુલવટ, અમે પણ વિણ ગુનહે હો, કેહને દંડાઈએ નહી ॥ ૫ ॥ ઉલંભાની પેર, જોતાશું નથી જડતી હો તો પણ ચાલો જોઇએ; વયણ જો માને વેશ, તો કુઅરને છોડાવી હો, દુઃખ તમારૂં ખોઇયે ॥ ૬ ॥ એમ કહી અવનીશ, પરિકર લેઈને હો પોહોતો ગણિકા બારણે; ભરી સોનૈયેં થાલ સુંદરી તે સામી હો આવી મલવા કારણે ॥ ૭ ॥ મુખ આગળ ધરી ભેટ, મુજરો તે કરીને હો કરજોડી આગળ રહી; થાળ તે પાછો ઠેલ, વસુધાપતિ આદેશે હો વજીરે વાણી કહી ॥ ૮ ॥ મન માન્યા કરો મિત્ર, મેહેર કરીનેં હો મેહેલો વારો વેઠનો,

તમ પાસે સુણો આજ, માગે છે મહારાજા હો, આપો સુત આ શેઠનો ॥ ૯ ॥ કુબુદ્ધિ એ કુવિનીત, એહ વિના તુમારે હો કહોને શું અટકી રહ્યો ?; કાઢી મેહેલો વેગ, મહેનત કરીને હો કહીએ છીએ માનો કહ્યો ॥ ૧૦ ॥ એહને કાજે આપ, મહારાજા ચાલીને હો આવ્યા છે તુમ મંદિરે; તે માટે તજી મોહ, શેઠને એ સોંપો હો જેમ અમે જઈએ ઘરે ॥ ૧૧ ॥ બીજી ગણિકા તામ, તરતરી થઈને હો બોલી બોલ એહવા સુણી; કહેનાં કહ્યાં માટ, મન માન્યા માણસને હો કયારે કો મૂકે ગુણી? ॥ ૧૨ ॥ રોષે ચઢયો રાજન, ધણું જો કરે તો હો શૂલીને અણીએ ધરે; જીવ જાયે તો જાવ, એક દિવસ મરવું છે હો આખર સહુને શિરે ॥ ૧૩ ॥ શિર સાટે છે પ્રીત્ત પ્રીત્તને કારણે હો કહો તો પ્રાણ આપું વહી; પણ એ સુમતિવિલાસ, પાણીવલ પાસેથી હો અલગો હું મેલું નહી ॥ ૧૪ ॥ છોડયો છેલ ન જાય, કાયાની જેમ છાયા હો પિંજરને વલી પ્રાણીયો; ઉદય કહે ચોથી ઢાળ, ગણિકાએ મન માંહે હો નૃપનો ભય નવિ આણીયો ॥ ૧૫ ॥ સર્વ ગાથા ॥ ૭૯ ॥

દોહા

નિશ્ચલ જાણી નેહ, અવનીપતિ તવ ઉચ્ચરે;
આપો અમને એહ, પાંચ દિવસ જિમ પરણાવીયે ॥ ૧ ॥
વ્યવહારી વયણેહ, મહીપતિ વર માગ્યો યદા;
નીર ભરી નયણેહ, ગણિકા કહે થઈ ગલગલી ॥ ૨ ॥
પ્રભુજી માહારા પ્રાણ, એ વિણ ન રહે અધ ઘડી;
પણ તુમ વચન પ્રમાણ, કરવા આપ્યો કુમર તે ॥ ૩ ॥
અવધિ ઉપર એક દિન, જો જાસે તો જીવ મુજ;
જાસે ત્રિણ જીવન્ન, જનપતિ સાચું જાણજો ॥ ૪ ॥
રાજભુવને ગયો રાય, પરધો લેઈ પોતાં તણો;
અંગજ શું ઘરે આય, શીઘ્ર સદાફલ શેઠ તે ॥ ૫ ॥
જોરે ચલાવી જાન, સારંગ પૂરના શેઠની;
બેટી બહુ ગુણવાન, પરણાવી નિજ પુત્રને ॥ ૬ ॥

**આપી બોહોલી આથ, કુમરને હાથ મૂકામણી;**
**સસરે સઘલો સાથ પહેરાવ્યો પ્રેમે કરી ॥ ૭ ॥**
**લીલાવતી વધુ લેઇ, ચાલ્યો હવે ચોથે દિને**
**કોસંબી કુસલેહ, જાન આવી બહુ જોપશું ॥ ૮ ॥**

## ઢાળ પાંચમી

### વાગ્યાં જાંગી ઢોળ એ દેશી

ઢમકયાં જંગીઢોલ, હે સખી ઢમકયાં જંગીઢેલ, નાદે અંબર ગાજીયો; પુરની શણગારી પોલ, હે સખી, રીજયોમને પૂર રાજીયો ॥ ૧ ॥ નીસાણનાં નિર્ઘોષ હે૦ મંગલ ભેરી ભણહણે; લાખે ગમે પુરલોક, હે૦ જોવાં આવ્યા આદર ઘણે ॥ ૨ ॥ ગાયે મંગલ ગીત, હે; કોકિલ કંઠી કામિની; રાજકુમરની રીતે હે૦ વરને વધાવે ભામિની ॥ ૩ ॥ વર વહુની જોઇ જોડય હે૦ વખાણે સહુ વલી વલી; કુલ વહુને મન કોડય હે૦ લુછણા કરે લખી લખી ॥ ૪ ॥ યાચક દીયે આશીષ, હે૦ મનમાં હરખે માવડી; જનકની પૂગી જગીશ, હે૦ લુણ ઉતારે બ્હેનડી ॥ ૫ ॥ ગણિકા ચઢીને ગોખ હે૦ વધાવે વાલાને મોતીએ; દેખી કન્યા નિર્દોષ હે૦ રીશેં વિચારે પનોતી યેં ॥ ૬ ॥ બેઠી મુજને અછેહ, હે૦ ભરતારને જો ભભેરશે; તો નાવે મુજ ગેહ, હે૦ વિરહ વેરી મુજ ઘેરશે ॥ ૭ ॥ ઈમ ચિંતીને સાન, હે૦કુમર ભણી દીધી ઈસી; આવજો અવધિ આ થાન, હે૦ સંજ્ઞા તે કેણે ન લહી કિસી ॥ ૮ ॥ વર કન્યા તે બેહુ હે૦ પોંખી પધરાવ્યાં મંદિરે; સજજન સહુ સસનેહ હે૦ પોહોતાં પોતાનેં ઘરે ॥ ૯ ॥ [પાઠાંત્તરે વરકન્યા સાવધાન હે૦ પોહોતાં ઘર બારણે; ગણિકાએં કરી શાન, હે૦ સગા નાતિ કેણે નવી લહી ॥ ૧૦ ॥ ] એ કહી પાંચમી ઢાળ, હે; ઉદયરતન ઈમ ઉચ્ચરી; આગલ વાત રસાલ હે૦ સુણો શ્રોતા ઉલટ ધરી ॥ ૧૧ ॥

### દોહા

**લીલા લીલાવતી તણી, રંગે જોઇ એક રાત;**
**વર જઈ વેશ્યા ઘર વસ્યો, પ્રગટ થાતે પરભાત ॥ ૧ ॥**

**જેહનું મન જેહશું મલ્યું, તે ત્રિણ નિણે ન રહાય;**
**દ્રાક્ષ તણો તજી માંડવો, કાગ લિંબોલી ખાય ॥ ૨ ॥**
**અજાણકો અધમને માન દ્યે, ઉત્તમને અપમાન;**
**હંસ વરાસે હંસીને, બગલીને દે માન ॥ ૩ ॥**
**હંસી બિચારી શું કરે, બગલીઇ વાહ્યા હંસ ?;**
**ઉત્તમનું ત્યાં શું ગજૂ, અધમ તણો જિહા અંશ ? ॥ ૪ ॥**

## ઢાલ છઠ્ઠી

### નદી યમુનાકે તીર ઉડે દોય પંખીયા. એ દેશી

તિમ લીલાવતી નાર, પીયુ દુઃખે તન દહે, જગ લાડીશું જોર, ન ચાલે ચુપ રહે જાણ્યું તું સાકર યુક્ત છે દુધ તલાવડી ત્યાં ન મલે નીર લગાર, અહો વેલા પડી ॥ ૧ ॥ આંબો જાણી એહ. પુરૂષ મેં આદર્યો, કર્મે થયો કરીર. વરાંસી જે એ વર્યો; માહરો પીયુ વસે પરઘર વાસ. કે ઘર નાવે ઘડી, હું જોઉ માહરા વાલાની વાટ. ઉંચી મેડી ચડી ॥ ૨ ॥ દહારામાં દશવાર હું ખડકીયે રહું ખડી, નજર ન દેખુ નાથ. જાયે છે તન જડી; ભુવન મનોહર દિવ્ય. લાગે મુને ભાખસી, રોતા ન ખૂટે રાત. જાણે એ રાખસી ॥ ૩ ॥ ઈમ તે અબલા બાલ. ઝૂરે મનશું ઘણું, કેહને કહ્યો ન જાય. તે કારણ દુઃખ તણું: સ્વામિ વિના સમસાણશો. લાગે સાસરો; આતમ રહે ઉદાસ. આપે કુણ આસરો ? ॥ ૪ ॥ પીયરની પલવાડિ જઇ રહેવું પડે, પગ માંડે તિહા આલ. સહેજે અછતાં ચડે; નધણીયાતી નાર ઘાલે સહુ નજરમાં, ઠરી ન બેસે ઠામ દોરી જેમ વજૂમાં ॥ ૫ ॥ પીયર પણ અપમાન. પામે તે સુંદરી, કિહાંયે તે ન સમાય. નાથે જે પરિહરી; વસતી ઉજ્જડ હોય. કે વાલા વિના મહી, એમ કરી તે આલોચ કે પીયર જઇ રહી ॥ ૬ ॥ માત આગલ કવિ વાત. કહી ઉત્પાતની, સુણી કાલજાની કોર. દાઝી તવ માતની; ઘર ઠાલા જે કાજ કર્યા ઉજમભરિં, તેડ જમાઇ જાઉં. રહ્યો વેશ્યા ઘરે ॥ ૭ ॥ માત પિતા

મલી તામ. વિચાર એવો કરે, તવ કુંઅરી તતકાલ. નયણે આસું ભરે; શ્યા મેં કીધાં પાપ. કહે એમ કુંવરી ?, એક જ તનયા તાત હું તમકુલે અવતરી ॥ ૮ ॥ ફોડી સરોવર પાળ. તોડી ડાલ તરૂતણી, ભાંજી કર્યાં વ્રત ભંગ કે. મારી મેં જૂ ઘણી; કે મેં પીડયા પર બાલ. કે પરધન બહુ હર્યાં, કે મેં સંતાપ્યા સાધુ કે. અણગલ જલ ભર્યા ? ॥ ૯ ॥ ગુરૂને દીધી ગાલ કે પૂજ્ય પરાભવ્યાં, ભરડયાં ધાન સજીવ કે. માણસ સાટવ્યા ?; આકરા કર અન્યાય. કર્યાં મે પૂરવે, પામી એ ભરતાર. તેણે હું આ ભવે ॥ ૧૦ ॥ કુમરીના સુણી બોલ કે માવિત્ર ને દહે, છેદ પડે લહી ભેદ કે ખેદ ધરી વહે; ધોલું તેટલું દૂધ દીઠું તેણે સંગ્રહયું, લંપટ લક્ષણ હીણ, કુલક્ષણો નવિ લહ્યું ॥ ૧૧ ॥ રહો પુત્રી મન રંગ કે પુત્ર તણિ પરે, આપણે ઘેર સદૈવ શું કરવું છે સાસરે ?; કુવરીનું મન તન્ન દાવાનલ પરે દહે, વિરહ તણી વિકરાલ હીયે કરવત વહે ॥ ૧૨ ॥ બાલાવેષે બાપને. રમતી આંગણે, યૌવન લહી જંજાલ પડી કુંઅરી ભણે; વિયોગમેં વેઠયો ન જાય. એણે દુઃખી વનવશું, સાપણ થઈ તતકાલ કે જઇ ગણિકાને ડશું ॥ ૧૩ ॥ લીલાવતી લખભાંતી વિલાપ કરે ઈસ્યા, ગિરિ જાએ શતખંડ. નીસાસા મેલે તિસ્યા; ઉદય કહે છઠ્ઠી ઢાલ. વિધાતા જો મલે, તો પણ લખિયાં લેખ. છઠ્ઠીનાં નવિ ટલે ॥ ૧૪ ॥

**દોહા**

**પહલે આણે પ્રેમશું, શેઠ સફાદલ સોય;**
**આવ્યો વહુને તેડવા, પણિ આદર ન કરે કોય ॥ ૧ ॥**
**કહો શેઠજી તમે કિહાંવસો, કિશ્યું ઈહા છે કામ ?;**
**કે ભુલ્યા આવ્યા અછો ?, એમ સહુ પૂછે નામ ॥ ૨ ॥**
**વસીએ કોસંબી પૂરી, સદાફલ માહરૂં નામ;**
**આણે ઈહાં આવ્યો અછું, લીલાવતી શ્યું કામ ॥ ૩ ॥**
**કિહાં ગાજ્યો કિહાં ગડગડયો, કિહાં જઈ વુઠો મેહ;**
**કિહાં ઉગ્યો કિહાં આથમ્યો. કહો પટંતર એહ ॥ ૪ ॥**

જિમ આવ્યા તેમ જાઓ ફરી, તમે તમારે ગેહ;
મારગમાં બેઠી નથી, બેટી અમારી એહ ॥ ૫ ॥
વેગે પાછો વાલીઓ, આણું ધરી અપ્રીત;
સફાદલ શેઠ કોસંબીએ, આવ્યો લહી અનીત ॥ ૬ ॥

## ઢાલ સાતમી

### સહીયાં મોરી નયણું સમારો એ દેશી

બીજે આણે હવે બહુ નેહે, વહેલ જોડી વરસાંતરેં જી;
કુલ વહુને તેડવા કાજે, સસરો પોહોતો સારંગપૂરે જી ॥ ૧ ॥
લીલાવતી તવ લાજ કરીને, મુહ આગલ જબ ઉતરે જી; તવ
સસરો કહે વહુજી તમે એક, વાત સુણો વારૂ પરેંજી ॥ ૨ ॥
ભણતાં ભણતાં ગ્રંથ ભણાયે, રલત રલતાં રૂદ્ધિ સંપજે જી;
શનૈઃ શનૈઃ પંથે ચલાયે, ઇંટે ઇંટે ગઢ નીપજે જી ॥ ૩ ॥
સેવા કરતાં મન વશ થાએ, ડગેં ડગેં ચઢીયેં ડુંગરે જી.
લખતાં લખતાં લહિયો હોવે. ઉદ્યમેં દ્રારિદ્ર ન રહે જી ॥ ૪ ॥
સસરાના એ શીખ સુણીને, વાત એવા તેણે મન ધરી જી;
દિવસ ગુંરતાં પીયરૂં જાયે, વેર વાલુ ઉદ્યમ કરી જી ॥ ૫ ॥
ઈમ ચિંતીને ઉઠી દાદાને, વાત કહે લીલાવતી જી; વેશ્યાસું
જઇ વેર વસાવું સાસરવાસો કરૂ તેનતીજી ॥ ૬ ॥ દાદા
દખણી ચીર મંગાવો, પાંચ પટાનો ઘાઘરો જી. કાંચલી માંહે
નંગ જડાવો, માંડું વેશ્યા શું મઝાગરો જી ॥ ૭ ॥ નાક પ્રમાણે
નથડી ઘડાવો, પાય પ્રમાણે મોજડીજી; હયા સીહ તો હાર
મંગાવો, કાને ત્રોટી હીરે જડી જી ॥ ૮ ॥ માંડવ ગઢની મેંદી
મંગાવો, ચંદેરીની ચુંદડી જી; તેટલી દાદાજી તેવડમાં રહે જો,
ઘુઘરીયાલી ઘાટડી જી ॥ ૯ ॥ સાસર વાસણીને કાજેં જે જે,
જોઇએ તે સંભારીને જી, ગવારા માંહે ભરો ગેલેં, વિગતે શું
વિચારીને જી ॥ ૧૦ ॥ વારૂ પાંચે વસ્ત્ર પહેરાવ્યો, સસરાને
રલીયામણાજી પાટ પછેડી પટોલું જોઇએ, સાસરીયાને સોહા-
મણાં જી ॥ ૧૧ ॥ સાતમી ઢાલે સાસર વાસો, કીધો ઉદય

રત્ન કહેજી, સાસરીયેં જે બેટી વેલાવે, ત્રેવડ સઘલી તે લહે જી ॥ ૧૨ ॥ સર્વગાથા ॥ ૧૩૪ ॥

દોહા

પવનવેગ ધોરી ચલે, કોટેં ઘૂઘર માલ;
સોવન ખોલિ સીંગડે, અતિ સુંદર સુકુમાલ ॥ ૧ ॥
જોપેં વહેજ જુતરી, સાંગી બની પટસૂત્ર;
ગાડી બેઠો ગુમાનશું, દીસંતો અદ્‌ભુત ॥ ૨ ॥
નયણે આંસું નીતરે, સહુશું માગી શીખ;
વહેલેં સાસર વાસણી, સલજસા બેઠી ઠીક ॥ ૩ ॥
બેડી વહેલ તે ખાંતશું કહું હવે શુકન વિચાર;
લીલાવતીને જે થયા, તે સુણજો નર નાર ॥ ૪ ॥

## ઢાલ આઠમી

### શહેર ભલું પણ સાંકડું રે લોલ એ દેશી

માલણ પહેલી સામી મલી હો લાલ, ફળ ફૂલે ભરી છાબ સુખકારી રે; વંદે શુકન લીલાવતી હો લાલ, લહી મનવાંછિત લાભ સુખ શુકન૦ ॥ ૧ ॥ શુકન તણી વાંત સાંભળો હો લાલ શુકને સીઝે કામ શુ; શુકન સાચો સંસારમાં હો લાલ, શુકનેં લહીયેં રાજ શુકન૦ ॥ ૨ ॥ સુત તેડી મલી હો લાલ, સધવા નારી સુચંગ સુ૦; શ્રીફલ આપે કુમારિકા હો લાલ, તિલક કરી મનરંગ રે સુકન૦ ॥ ૩ ॥ મત્સયુગમ દધિ મૃત્તિકા હો લાલ, પાણી ભરી પણિહાર સુ૦; ધેનુ સવચ્છાં ધારીણી હો લાલ સામા મલ્યાં એ સાર સુ૦ સુકન૦ ॥ ૪ ॥ ખર શ્વાન દુર્ગા કાગડો હો લાલ, સારસ સાંઢ શીયાલ સુ૦; ડાબાએ દુઃખને હરે હો લાલ, આપે મંગલમાલ સુ૦ શુકન૦ ॥ ૫ ॥ કુંભ કરેવો ચીબરી હો લાલ, હનુમંત ને હરણાય સુ૦; જમણા એ જયને કરે હો લાલ; આપદને ઉદ્ધરણાય સુ૦ સુકન૦ ॥ ૬ ॥ અહિ પણ જમણો ઉતર્યો હો લાલ, નકુલ સામો નીલે ચાસ સુ૦; તોરણ બાંધે સીમમાં હો લાલ, ગણેશ જમણો આસ સુ૦ સુકન૦ ॥ ૭ ॥ જંગલવાસીએ જીવડા હો લાલ, વહુ પૂછે ઉમેદ સુ૦;

ભાભા સાવજ એક શું કહો હો લાલ, ભાંખે છે કહો ભેદ સુ૦ સુકન૦ ॥ ૮ ॥ એ સુકને ઉજ્જડ વસે હો લાલ, વાંજણી જણે પુત્ર સુ૦; વિદ્યા મૂર્ખને આવડે હો લાલ, રાંક લહે રાજ સૂત્ર સુ૦ શુકન૦ ॥ ૯ ॥ સસરો કહે વહુ સાંભલો હો લાલ, એ શુકન નિરધાર સુ૦; દાવો ભાંગે ગણિકા તણો હો લાલ, મલશે તુમ ભરતાર સુ૦; સુકન૦ ॥ ૧૦ ॥ અનુક્રમે તે આવ્યા વહી હો લાલ, નિજગેહે જણ દોય સુ૦; ઉદય એ આઠમી ઢાલમાં હો લાલ, સુકન તે પુણ્યે હોય સુ૦ સુકન૦ ॥ ૧૧ ॥

દોહા

સસરા સાસુ સાંભલો, વહુ કહે મહીયારી વેશ;
કરી વહાલો હું વશી કરૂં, બુદ્ધિ બલે સુવિશેષ ॥ ૧ ॥
જોઇ આવાસે જોપશું, વાસો મુંજને વેગ;
મહીષી ચારજ મૂલવો, જિમ ટાલું ઉદ્દવેગ ॥ ૨ ॥
ઉરે થોડી પેટે ઘણી, લાંબા આંચલ જાસ;
વીજ ચરી અતિ ચીગઠી, જોટી મંગાવો ખાસ ॥ ૩ ॥
બે સેંઢી બે સામલી, જીણી ત્વચાએ જોટ;
પગ છોટા લઘુ શિંગડે, મહિ માખણનો કોટ ॥ ૪ ॥
મહિયારીને મિશે કરી, પિયું માહારો પરભાત;
જોઉં જઇ ગણિકા ઘરે, વહૂની સુણીએ વાત ॥ ૫ ॥
સસરે સઘલો સાજ તે, મેલી આપ્યો તંત;
નણંદને સાથે તેડીને, ગોરડી તે ગુણવંત ॥ ૬ ॥
ગણિકાને મંદિર ગઈ, પ્રહ ઉગમતે સૂર;
દેખાડયો તસુ દુરથી, નણદીએ નાથ સનૂર ॥ ૭ ॥
દાંતણ કરતો દેખીયો, જિશ્યો પંચ યણ સિંહ;
સોળ કલા સસિહર સમો, દિલ ચિંતે ધન્ય દીહ ॥ ૮ ॥
પરભવ પુણ્ય જેણે કર્યા, પૂજ્યાં જેણે ભગવંત;
નણંદ કહે ભાભી સુણો, એ સહી તેહનો કંત ॥ ૯ ॥

## ઢાલ નવમી

હમીરયાની દેશી

નણંદ ભોજાઈ તે બિહુ જણા, ફરી આવ્યા નિજ ગેહ સલુણી; મહીયારી થઈ મોહશું, હવે લીલાવતી તેહ સલુણી ॥ ૧ ॥ અજબ બની આહેરડી, મલપતી મોહન વેસ સ૦; અજબ૦ ॥ ૨ ॥ ધોળી ધાબલી પહિરણે, વિચ વિચ રાતા તાર સ૦; કોરે કાલાં કાંગરા, ગલે ગુંજાનો હાર સ૦ અજ૦ ॥ ૩ ॥ ઓઢણી આછી લોબડી, તે આગલ શ્યાં ચીર સ૦; પોસાયે પટ અંતરે, દીસે દિવ્ય શરીર સ૦ અ૦ ॥ ૪ ॥ ભરતેં ભરી સોહે કાંચલી, કસણે કસ્યા કુચ દોય સ૦ જાણે યંત્રના તૂંબડા, સરસતિયે ધર્યા સોય સ૦ અ૦ ॥ ૫ ॥ વેણી વાસગ નાગસી, ગજ ગજ લાંબા કેસ સ૦; ઘુઘરીઆલો ગોફણો આપે અદ્‌ભુત વેશ સ૦ અ૦ ॥ ૬ ॥ કસેં કસબી ફુમતાં, લટકે લોબડી માંહે સ૦; પાતાલ પેટીને ફુટડી, યૌવન લહેરે જાય. સ૦ અજબ૦ ॥ ૭ ॥ દંત જંબુકે દામીની, મુખનો મટકો જોર સ૦; નથ નાકે થરકી રહી, જાણે કલાઇયો મોર સ૦ અ૦ ॥ ૮ ॥ ચંદ્ર મુખી મૃગ લોચનિ, સિંહલંકી સુકુમાલ સ૦; પાય પ્રમાણે મોજડી, કોકીલ કંઠી રસાલ સ૦ અ. ॥ ૯ ॥ કોમલ કમલસી બાંહડી, ચતુંરા ચંપક વાન સ.; ચૂડે ચટક લાગી રહી, ત્રોટી લલકે કાન સ૦ અ૦ ॥ ૧૦ ॥ માથે મટુકી કાંચની, ઓઢાણી અનુપ સ૦; લાંબી બાહ લોડાવતી, ચાલી તે ધરી ચૂપ સ૦....અ૦ ॥ ૧૧ ॥ મહીયારી મહિ વેચવા, સેરીયે પાડે સાદ સ૦; વેરણ પહેલા ભવતણી, તેહશું કરવા વાદ સ૦....અજબ૦ ॥ ૧૨ ॥ લાજ તજીને લીલાવતી, સજી સોલે શણગાર સ૦; નવમી ઢાલે નીસરી, ઉદય કહે નગર મઝાર સ૦....અજબ૦ ॥ ૧૩ ॥

### દોહા

ગઇ તે ગણિકા શેરીએ દિવસ ચઢયો ઘડી ચાર;
બેઠો દીઠો બારણે, નવ તિહાં નિજ ભરતાર ॥ ૧ ॥
સુમતિવિલાસ તવ તેહનું, દેખી રૂપ અમૂલ;
મૂછે વલ દેતો થકો, મહિનું પૂછે મૂલ ॥ ૨ ॥

## ઢાળ દસમી

### હુ વારી રંગ ઢોલણા એ દેશી

મહીઆરી મુખ દેખીને હો રાજ, મનશું પામી મોહ અપાર રે; હસીને રહ્યાં લોયણા, હાથમાં જારી જલે ભરી હો રાજ બેઠો દાંતણ કરે કુમાર રે....હસી૦ ॥ ૧ ॥ વાંકી મેલી પાંધડી હો રાજ, વલી છૂટી મેલી ચાલરે ॥ હસી૦; ઉરમાં સોહે ઉતરી હો રાજ, રૂડો જાણે રાજ મરાલરે હ૦ ॥ ૨ ॥ સુરહો જાણે કેવડો હો રાજ, સરલો જાણે ચંપક છોડ રે ॥ હ૦; કેસરીયો કોડામણો હો રાજ, મૂછે ઓપી મુખનો મોડ રે ॥ હ૦ ॥ ૩ ॥ લોચન અમીય કચોડલાં હો રાજ, મધ્યે રાતી જીણી રેખરે ॥ હ૦; અણીયાલાં કાને અડયા હો રાજ, કાન મોતી ભજે સુવિશેષરે ॥ હ૦ ॥ ૪ ॥ રંગભીનો રલીયામણો હો રાજ, આપે બેઠો ઉંચે ઠામ રે ॥ હ૦; કસ્તુરીયા મૃગની પરે હો રાજ, મહકે મનમથશો અભિરામ રે ॥ હ૦ ॥ ૫ ॥ મહીયારી મન ચિંતવે હો રાજ, ધરણીતલમાં એ ગણિકા ધન્ય રે ॥ હ૦; મેં સહી તપ ઓછા તપ્યા હો, પૂરા કીધા એણે પુણ્યરે ॥ હ૦ ॥ ૬ ॥ એમ મનમાંહે આલોચતી હો રાજ, રહી મુખડાં સામું જોયરે ॥ હ૦, દશમી ઢાલે ઉદય વદે હો રાજ, ફરી તિહાં બોલ્યો સોયરે ॥ હ૦ ॥ ૭ ॥ સર્વગાથા ॥ ૧૮૦ ॥

દોહા

**મહીયારી મનમાં કિશો, વલી વલી કરે વિચાર;**
**મુલ કહોને મુખ થકી, એકજ આણે ઠાર ॥ ૧ ॥**

## ઢાળ અગીયારમી

### તે માહરો પિયુ ભોળવ્યો હો રાજ એ દેશી

સાહેબજી, સાંભળો શેઠજી વિનતિ હો લાલ, તુમે છો ચતુર સુજાણ, સાહેબજી, મૂલ કિશું તુમ આગલે હો લાલ, અમે કરિએ અજાણ ॥ ૧ ॥ સા૦ ॥ મુહ મચકોડી મહીયારડી

હો લાલ, બોલે મીઠા બોલ, સા૦; અલવે આંખ્યો ઉલાળતી હો લાલ, ઘુંઘટનો પટ ખોલ સા૦ ॥ ૨ ॥ તુમેં ઉત્તમ વ્યવહારીયા હો લાલ, સમજો સઘલી પેર સા૦; દાને પુણ્યેં આગલા હો લાલ, જાણે દરિયાની લહેર સા૦ ॥ ૩ ॥ અસત જાતિ આહેરની હો લાલ, ન લહું નવને તેર સા૦: અમનેં કાંઈ ન આવડે હો લાલ, શેર ઘણું કે પાશેર મહીયારડી ॥ ૪ ॥ આઘો તાણી ઘુંઘટો હો લાલ, પાછી રાખે બાહુ મહિયારડી, વાત કરે વિનોદમાં હો લાલ, નાજુક નાખે બાહુ મહીયારડી ॥ ૫ ॥ નાભી દેખાડે નયણે હસે હો લાલ, આલસેં મરડે અંગ મ૦; ઉરનો છેહડો કેડે ફેરી હો લાલ, ડસે અધર સુરંગ મહીયારડી ॥ ૬ ॥ કુચ દેખાડે કંડુ મિશેં હો લાલ, મર કવડે કરે હાસ મ૦; અગ્યારમી ઢાલે ઉદય વદે હો લાલ, વિધ વિધ કરતી વિલાસ, મુહ મચકોડી મહીયારડી ॥ ૭ ॥

**દોહા**

**દીઠી મહીયારી દીપતિ, નિરૂપમ રૂપ નિવાસ;**
**મન ચલીયું મહેતાતણું, તબ ફરી પૂછે તાસ ॥ ૧ ॥**
**કહો મહીયારી કિહાં વસો, કહે શું તાહરૂં નામ;**
**કોણ કુલે તું ઉપની, કહે કોણ તાહારો સ્વામ ? ॥ ૨ ॥**

## ઢાલ બારમી

**હવે ન જાઉં મહી વેચવા રે લોલ. એ દેશી**

નામ સલુણી માહરૂં રે લોલ, જાતની છું ભરવાડ, મારા વાલાજી હો હું રે આવી છું મહી વેચવા રે લોલ. રાજપુરેં વાસો વસું રે લો હેજાલી છું હાડ મા૦ હું રે૦ ॥ ૧ ॥ સ્વામી છે શિર માહરે રે લો, હેણુઉ નામે હુસભાગ મા૦: મહિષી દુજે માહારે મંદિરે રે લો, દહી દુધનો છે લાગ મા૦ હું૦ ॥ ૨ ॥ પૂછો છોરો કારણે રે લો, શું કરવું છે વેવીશાલ મા. ઓછી જાત આહેરની રે લો લોક ચડાવશે આલ મા૦ હું૦ ॥ ૩ ॥ ખાતે ખોટી કાં કરો લો, માહારે છે ઘરનું કામ મા:

વાટ જોતાં હશે વાછરૂ રે લો, રીશ કરશે વલી સ્વામ મા૦. હું૦ ॥ ૪ ॥ હાંડા લોહણું અછે રે લાં, ઉજ્જડ માંહેલો ભૂત મા૦; તું નખરાલી ગોરડી રે લો, કેમ ચાલે છે ઘર સૂત મા૦ હું૦ ॥ ૫ ॥ પગ આગલ નથી પેખતાં રે લો, કરો છો પીઆરી તાંત મા૦; સ્ત્રી જાડીને તુમે પાતલા રેલો, દીઠ છ ભાંત કુંભાંત મા. હું ॥ ૬ ॥ જાડી તે નારી જોતાં થકાં રે લો, છે મંદિરનું રૂપ મા.: દુબલી દીસે દયામણી રે લો, તેહને ન માને ભૂપ મા૦ હું૦ ॥ ૭ ॥ સલૂણી કહે સુણો શેઠજી રે લો, ફોગટ શી કરો ફુલ મા૦; ગ્રંથે વખાણી છે ગોરડી રે લો પાતલી લુઈ ફુલ મા૦ હું૦ ॥ ૮ ॥ બારમી ઢાલે એમ બોલતાં રે લો, વચનની કરતાં ટોલ મા૦: ઉદય રતન કહે શેઠની રે લો, દાઢે લગાડયો છે ગોલ મા૦ હું૦ ॥ ૯ ॥

**દોહા**

**મહેતો મનશું રીઝીને, દહીનાં પૂછે દામ;**
**કહેતા આપું કહો ખરૂં, લાજે વિણસે કામ ॥ ૧ ॥**
**સલુણી તવ શિર નામીને, બોલી ટાઢા બોલ;**
**શેઠજી શાણા દીસીયે, મહીનો કરતાં મોલ ॥ ૨ ॥**

## ઢાલ તેરમી

**ગોકુલ ગામને ગોંદરે રે, આ શી લૂંટાલૂંટ મારા૦ એ દેશી**

આંખડી રાખોને બારણે રે, દેખે છે દુરિજન લોક મારા વાહલા રે; માણસમાં નથી છૂટકો રે, ફજેત થાવું ફોક મા૦ આંખડી૦ ॥ ૧ ॥ અમે છું જાતિ આહેરડી રે, મુહ માંગ્યો લહીએ મોલ ॥ મા૦; કે આપું વિણ દોકડે રે, તેહવું દેખું જો તોલ....મા૦ આંખડી૦ ॥ ૨ ॥ ગોરસનું કહો શું ગજું રે, ભાવ ધરો તો કરૂં ભેટ મા૦; હું તુમથી અલગી નથી રે, જેમ તેમ આપવું નેટ મા૦ આ૦ ॥ ૩ ॥ વાતે વડાઇ ન નીપજે રે, સાંભલો શેઠ સુજાણ ॥ મા૦; મટકી એક મોહોરે દીઉં રે, ઘણી શી તાણા તાણ ? મા૦ આંખડી૦

॥ ૪ ॥ મુજ સરખી જેને સુંદરી રે, તુમ સરિખો જેને નાથ મા૦; એ ગોરસ જમશે તે સહી રે, મ્હેલો મરડાશે હાથ મા૦ ॥ આં૦ ॥ ૫ ॥ વલતી વેશ્યા ખીજી કહે રે, જારે જા ભરવાડ જગ ધૂત્તારી રે; ગોરસ ન હોયે કેહને રે, તો સહી લીજે એ પાડ ॥ જગ૦ ॥ આં૦ ॥ ૬ ॥ સલૂણી એમ સાંભલી રે, તરતરી થઈ કહે તામ, જગની લાડી રે; સુણ ગણિકા મેં તુંજને કલી રે, રેખ ન રાખું હવે મામ ॥ જગ૦ ॥ આં૦ ॥ ૭ ॥ પુરૂષ પીયાગં નિત્ય ભોગવો રે, લૂંટો લાખીણી લૂંટ ॥ જગ૦; ધરતી ધૂતી ખાઓ તમે રે, પણ આખર નથી છૂટ ॥ જગ૦ ॥ આં૦ ॥ ૮ ॥ ખોટી બદામ ખરચ્યો નહી રે, જીવ જાયે જેણે ઠામ ॥ જગ૦; તો કેમ ખરચે દિનાર તું રે, દોહણી દહીને કામ ॥ જગ૦ આં૦ ॥ ૯ ॥ એક વલેંને બીજો મેલવે રે, વલી ત્રીજાની જૂએ વાટ ॥ જગ૦; નિત્ય નવલા નર આવીનેં રે, ખુંદે દારીનો ખાટ ॥ જગ૦ આં૦ ॥ ૧૦ ॥ નર તે નિશ્ચય આંધલા રે, જે રહે તમારે આધીન ॥ જગ૦; નરકે જાસે તે બાપડા રે દુઃખ દેખશે થઈ દીન ॥ જગ૦ ॥ આં૦ ॥ ૧૧ ॥ પણ શું લેઇ જાવું અછે રે, આખર ધુલેં ધૂલ ॥ સુણો શ્રોતા રે; ભલી ભૂંડી રહે વારતા રે, જીવડો જાયે જેમ તૂલ ॥ સુણો ॥ આં૦ ॥ ૧૨ ॥ અવસરે આવ્યો મલે નહી રે, કોઈને લાગતું વયણ ॥ સુણો૦; તેરમી ઢાલેં તક જોઈનેં રે, ઉદય કહે સુણો સયણ ॥ સુણો૦ ॥ આ૦ ॥ ૧૩ ॥ સર્વગાથા ॥ ૨૧૪

### દોહા

**કામસેના કહે કંતને, કોઈક એ કુલ શુદ્ધ;**
**કામિની છે એહને કુલેં, કેણે ન વેચ્યું દુધ ॥ ૧ ॥**
**ધુત્તારી ઈહા ધુત્તવા, આવી છે નિરધાર;**
**એમ કહીને ગણિકા ગઇ, મંદિરમાં તેણીવાર ॥ ૨ ॥**

# ઢાલ ચૌદમી

**રામચંદ કે બાગ ચાંપો મોરી રહ્યો રે એ દેશી**

તવ કહે શેઠ સુધીર, સાંભલ નારી સલુણી; એણે મૂલે લહી ચીર, દહી તણી એ દોહણી ॥ ૧ ॥ તો પામે મૂલ એહ, જો તું રહે વાસો; તજી હણુઆનો નેહ, જોને મ્હારો તમાસો ॥ ૨ ॥ ઘાંચણ ઓઝી લોહાર, માલણ ને ભરવાડી; મોચણ નટવી સોનાર, એહને કહો શી આડી ॥ ૩ ॥ અવશ્ય મહીયારી આજ, એ પરગમે જો તમને; તો મહેલી મન લાજ, એકાંતે આદરો અમને ॥ ૪ ॥ દશકો જો આપો દિનાર, મન મોજી મહેતાંજી; તો વાસાનો વિચાર, કરવા થઇ છૂ રાજી ॥ ૫ ॥ ભલે સરજી ભરવાડ, શેઠ કહે સોભાગી; મહેલો મનની ગાંઠ, હવે લજ્જા ભાંગી ॥ ૬ ॥ વિયોગ ન વેઠયો જાય, આજ વસો મુજ ઉરેં; મંદિરે તે ન જવાય, રાખીશ હું ઈહાં જોરે ॥ ૭ ॥ છાની ભલી સંસાર, ચોરી જારી ને ચાડી; રખે લહે મુજ ભરતાર, રખે લહે તુંજ ઘર લાડી ॥ ૮ ॥ કરી કોલ કરાર, માંહો માંહે તેણિ વેલેં; મહીને મિસેં નિરધાર, રોજ મલે મનમેલે ॥ ૯ ॥ છાની આપે મોહોર, પ્રગટ દીયે પીરોજી; હૈયે રાખી હોર, મહેતાજી મનમોજી ॥ ૧૦ ॥ એ કહી ચૌદમી ઢાલ, ઉદય રતન ઉલ્લાસે, સુણી ત્રિય વયણ રસાલ, ધન્ય જે ન પડે પાસે ॥ ૧૧ ॥

## દોહા

**( સોરઠી રાગમાં )**

**વયણ નયણ વિલાસ, સુરની પરેં કરતા સહી;**
**બાર વરસ ષટ માસ, વોલી ગયા આશા વશે ॥ ૧ ॥**
**આથનો આવ્યો છેહ, વેશ્યા કહે તવ વલ્લહા;**
**આપણી વેરણ એહ, લખમી સર્વ લીધી હરી ॥ ૨ ॥**
**વારૂ મોહન વેલ, એ પાસે દીસે અછે;**
**રૂડી રૂપારેલ, દહી સાટે કરી દેવ ઇણિ ॥ ૩ ॥**

## ઢાલ પન્દરમી

### સોરઠી ચાલે

એમ વાત કરે છે જેહવે, સલૂણી આવી તિહાં નેહવે; શિર લેઇ મહીની મટકી, ત્યારે કામસેના કહે ત્રટકી ॥ ૧ ॥ મહીની માતી મહીઆરી, હું તો તુંજ આગલે હારી; છાંયડો જોતિ ગર્વ ગહેલી, વારતા આવે કેમ વહેલી ॥ ૨ ॥ દહી સાટે તેં ઘર માંહરૂં, લૂંટી ભરીયું ઘર તાહરૂં; તાહરી આંખડી કામણગારી, તું તો દીસે છે બડી ધુત્તારી ॥ ૩ ॥ આજ મહેતાજી ઉધારે, મટકી માંગે તુજ લારે; દેશું દિન ચોથે દામ, મનડું રાખજે તું ઠામ ॥ ૪ ॥ તુંજ દહી વિના સુણ માય, મહેતોજી ધાન ન ખાય; તે માટે બોલ્યું પલજો, મનમાંહે મન ખલભલ જો ॥ ૫ ॥ બોલ્યું જો પાલો તુમે સાચું, ઉધારે તો હું રાચું; મહેતે તવ વાચા દીધી, ગણિકા પણ બોલી સીધી ॥ ૬ ॥ સલૂણી કહે શિર નામી, સાચું કહુ સુણજો સ્વામિ; ઉધારાનું શું લેખું, ઇણે મિસે મંદિર દેખું ॥ ૭ ॥ પાછી વલી પૂછે વિચાર, કહો તો મટકી લાવું ચાર; ત્યારે વેશ્યા કહે સુણો બાઈ, તાહરે તો ખોટ ન કાંઇ ॥ ૮ ॥ મોહોર બે દેતાં નિરધારી, અમને લાગે છે ભારી; જેમ તેમ કરી એક જો થાય, તો માણસમાં રહેવાય ॥ ૯ ॥ મીંયાની બલે મૂછ દાઢી, દાસી દીવો કરે દાંત કાઢી; એ ઈહાં મલે છે ઉખાણો, મહેતાં દહી સાટે વેચાણો ॥ ૧૦ ॥ ત્યાંરે મહેતો હસીને બોલે, કાંયે નાવે દહીને તોલે; દહિં દુધે એહને નવિ ધ્રાઈયેં, ઘર વેચીનેં પણ ખાઇયે ॥૧૧॥ શું કીજે સાકર દ્રાક્ષ, અમૃતને આંબા સાખ; એ સ્વાદની પેરે જે જાણે તે તો નિત્ય દિવાળી માણે ॥ ૧૨ ॥ એવી મહેતાંની સુણી વાણી, ગણિકા તે રોષે ભરાણી; કહિ કોપેં ચઢી ધરિ બાંહે, શું દેખો તો ઘરમાંહે ॥ ૧૩ ॥ લેઇ ઉધારે જે ખાય; સરવાલે તેહ સીદાયઃ મહીયારી માથે જે ગાજે,

તે તો અમઘર વાત ન છાજે ॥ ૧૪ ॥ જેમ જેમ ગણિકા બહુ ખીજે, મહીયારી તેમ તેમ મનરીઝે; જેહનું દુઃખે પેટ ન પાંસુ, તેહને ખડ ખડ આવે હાંસું ॥ ૧૫ ॥ દહિ દૂધની મોહોરૂં વડે, પરરાડી જોતાં લોહી ચડે; વેરી જયારે આવે વાજ, ત્યારે દિલની ભાંજે દાજ ॥ ૧૬ ॥ ગણિકા કહે ઝાલી હાથ, શેઠજી મહીયારી સાથ; દહી દુધ ખાવાને જાઓ, હવે અમ ઘરમાં ન સમાવો ॥ ૧૭ ॥ વહાલું ને વૈદ્યે કહ્યું, બેનું મન માન્યું તેમ થયું; મહીયારી મહેતાંને લેઇ, તિહાંથી ચાલી સસનેહી ॥ ૧૮ ॥ ઘાઘરા ઉપર સોહે ઘાટ, પરણ્યો લેઈ ચાલી વાટ; મોહનશું કહે ગુડચ મલિયાં, મહેતાં પૂરૂ મન રલીયાં ॥ ૧૯ ॥ ઢાલ પન્નરમી એ બોલી, સોરઠી રાગે મન ખોલી; ઉદયરત્ન કહે જો કહેશો, તો સભામાંહે જસ લેસો ॥ ૨૦ ॥

દોહા

**સજ્જન થયો સંયોગ, વિયોગ રહ્યો હવે વેગલો;**
**ભોગવો નવલા ભોગ, સલૂણી કહે હવે સાહેબા ॥ ૧ ॥**
**તાહરો યૌવન વેશ, હું મદવંતી માનની;**
**જે કહેશો તે કરેશ, રતિ એક અરતી રાખો રખે ॥ ૨ ॥**
**શેઠ કહે સુણ નારી, હેયે તિશું હોઠે કહું;**
**અધમ તાહરો અવતાર, ઉત્તમ કુલે હું ઉપનો ॥ ૩ ॥**
**જો જાણે જગ કોય, મુજને રહેતાં તુમ મંદિરે;**
**તો ઈજ્જત ઓછી હોય, કીર્તિ જાયે કુલ તણી ॥ ૪ ॥**
**હું રાખું એણી રીત, જેમ કોઈ જાણે નહી;**
**પરિગલ દાખું પ્રીત, ખોટો મ કરો ખરખરો ॥ ૫ ॥**
**પ્યારી જીવનપ્રાણ, આતમ મેં આપ્યો તુને;**
**વલી શા કરૂં વખાણ, તું ગોકુલની ગોરડી ॥ ૬ ॥**

## ઢાળ સોળમી

### માહારે આંગણે હો જીણામારૂ વાવડી એ દેશી

માહારી પૂંઠેં હો પગલે પગલે પાધરા, આવો મન ઉચ્છાહે ॥ મનમોહના; હસી બોલો હો રાજ, ભમર મોશું રંગ કરો,

થેંતો રંગ કરો લાજોછો કાંઇ, મનમોહન ॥ હસી૦ ॥ ૧ ॥ આગળથી હો, તે અબલા ચાલે ઉંચે મુખે, તે તો નીચી નજરે શેઠ, મન૦; પુઠેંથી હો, બીહીતો બીહીતો પગલા ભરે, કોઈ સામી ન માંડે દ્રષ્ટ ॥ મન૦ ॥ હસીં૦ ॥ ૨ ॥ ભલે શુકને હો, ચતુરા ચાલે ચમકતી, મહેતાંનેં કહે મુજ સ્વામ ॥ મન૦ ॥ ભૂતની પરે હો, નવ ખંડમાંહે તે ભમે, ષટ્ માસ લગે નાવે ધામ ॥ મ૦ હસી૦॥ ૩ ॥ જિહા રાખું હો, તિહાં તમે રહેજો રંગશું, હોંશે સેવા કરીશ સાવધાન; લખમીનું હો, માહારે ઘેર લેખું નહી, દહી દૂધે વાલીશ વાન ॥ મ૦ હસી૦ ॥૪॥ અપુરવ હો, કલા એવી કોઇ કેલવી, સ્વામીશું આવી ઘેર ॥ મન૦; સેરીમાંહે હો, પાડોસીએ પણ તે કીસી, કોણે ન જાણી પેર ॥ મન૦ હસી૦॥ ૫ ॥ પુરવનાં હો પુણ્ય પ્રગટ થયાં, સવિ દૂધે વુઠાં મેહ ॥ મન૦ ॥ ધણે ભાવે હો સ્વામિ ઘેર આવ્યો વહી, નવલા બાંધ્યા નેહ ॥ મ૦ હસી૦ ॥૬॥ આજૂનો હો દિવસ લાગે રણીયા-મણો, એમ બોલે અબલા બાલ ॥ મ૦ ॥ ઉલટશું હો ઉદયરત્ન કહે અહો, ભવિ એ કહી સોળમી ઢાળ ॥ ૭ ॥ હસી બોલો હો રાજ, ભમર મોશું રંગ કરો, થેંતો રંગ કરો લાજો છો કાંઈ ॥ મ૦ ॥ હસી૦ ॥ ૭ ॥ (સર્વગાથા ૨૬૩)

### દોહા

સ્વામિ પધારો સેજ, કમાડ જડી કહે કામિની;
હૈયડે આણી હેજ, ક્રીડા મનગમની કરો ॥ ૧ ॥
ઘણ નેહી પ્રીયા ઘેર, અરજ કરે આગળ રહી;
કંત રાતા કંથેર, કેલિ મૂકી શ્યેં કારણે ॥ ૨ ॥
મુંજશું માંડો મોહ, સ્વર્ગતણાં સુખ ભોગવો;
અરતિ તજી અંદોહ, પ્રભુજી ઈહા પ્રછન્ન રહો ॥ ૩ ॥
ચિંતા ન કરો ચિત્ત, મંદિર હણુંઉં નવિ મલે;
દારિદ્ર દુર વસંત, વેરણ ઇહાં નાવે વલી ॥ ૪ ॥
કૂડો કલહ ન માંડ, આહિરણી આંખ્યો રોષણી,
છબિલી કેડો છાંડ, વેશ્યા તે વાહી ખરી ॥ ૫ ॥

**આગળથી હરી આથ, ગણિકા તે ગહિલી કરી;**
**હું પણ કીધો હાથ. હવે એહશું કહો હઠ કિશો ॥ ૬ ॥**
**આજ મોતીડે મેહ. વૂઠા મુજ આંગણ વલી;**
**આજ મુજ હર્ષ અછેહ, આજ રવિ કંચન ઉગીઓ ॥ ૭ ॥**
**આજ નવેલા નેહ, આજ સુરંગ વધામણા;**
**ભાવઠ ભાંગી જેહ, આશા આજ સફલ થઈ ॥ ૮ ॥**

## ઢાળ સત્તરમી

### પહેલો તે પાસો હોજી એ દેશી

પૂછે સલુણી હોજી, તમે પરણ્યાં અછોજી, કે છો કુંઆરા સ્વામિ સાચું કહોજી; માયને બાપ હોજી, કહોને કિહાં વસેજી, ખબર તેહની કયારે કિસી લહેજી ॥ ૧ ॥ માવિત્ર માહારા હોજી પવિત્ર પુણ્યાતમા, એહિજ પુરમાં હોજી વાસો વસે અછેજી પીયરે મેલી હોજી, પ્રેમદા પરણીને, તેહની મુજનેરે, શુદ્ધિ કિસી નથી જી ॥ ૨ ॥ તુજ સમ ઉંચી હોજી, તુજ સમ શોભતીજી, તાહરા જેવો વાન છે દેહનોજી; મુખની બત્રીશી હોજી, લટકું હાથનું, તાહારા જેહવું રે રૂપ છે તેહનું જી ॥ ૩ ॥ સુણો મહેતાંજી હોજી, તુમ નારી તણી, શુદ્ધિ હું ભાખું રે, નામે લીલાવતી જી; સારંગપુરનાં હોજી, શેઠની છે સુતા, રૂપે કરીને રંભ હરાવતીજી ॥ ૪ ॥ ચીર પટોલાં હોજી પહેરે છે સદા, ચતુરાઈ એહનીરે તમને કિસી કહું જી; દૂધ આપું છું હોજી, નિત જઈ હું તિહાં, વાત એ સઘલી તેણે કરી હું લહું જી ॥ ૫ ॥ તે પણ ઇહાં હોજી, કહો તો તેડાવીએ, જોડી તમારી રે છે સહી સારખીજી, પરણી કન્યા હોજી, શ્યે કારણે તજી, ખોડ તેહમાં શી તમે પારખીજી ? ॥ ૬ ॥ મેહેતાં મુખથી હોજી, એમ સુણી બોલીયો, તેહને શે કામે ઈહા તેડીયેજી; તિહાં છે સુખણી હોજી દાહાડો છે પાધરો, સુતા સિંહને કહો કેમ છેડીયે જી ॥ ૭ ॥ મનડું માહારૂં હોજી, મલીઉ તુંજશું, નજર ન આવે બીજી કોઈ સુંદરીજી; સત્તરમી ઢાળે હોજી, ઉદયરતન કહે, યુવતિએ જોજો બુદ્ધિ કેહવી કરીજી॥૮॥

## દોહા સોરઠી

**સહુ કહે પુરૂષ સુજાણ, મુરખ જાતિ મહિલા તણી;**
**પણ સઘલા સહી નાણ, પુરૂં તે પ્રભુજી સુણો ॥ ૧ ॥**

## ઢાળ અઢારમી

**હરરો હીરો માહારો, નણદીનો વીરો મારો સાહેબો એ દેશી**

ચોરીએ ચઢીને તમે મુજને પ્રભુ મહારા આપ્યો જમણો હાથ હો, કર ચાંપી ઉભા થયા, પ્રભુ માહરા મહોલે ચઢયાં બે સાથ હો ॥ ૧ ॥ જીવના જીવન માહરા, દેહના દીપન માહરાં, મનનાં મોહન માહરાં સાહેબા, પ્રભુ મારા; વળી એક વાત સુણાવું હો....એ આંકણી ॥ મહારી ભાભી દીવો મ્હેલી ગઈ પ્રભુ માહય હું લાજી એક પાસ હો ॥ અલગી જઈ ઉભી રહી પ્રભુ માહરા તનેં જોયો આવાસ હો જી૦ ॥ દે૦ ॥ મન૦ ॥ મા૦ ॥ પ્ર૦ ॥ વલી૦ ॥ ૨ ॥ હીંડોલા ખાટે ત્રણ કડાં, પ્રભુ માહરાં ચોથે પાઈયે દોર હો બાંધી બેઠા બે જણા, પ્ર૦, તમે થયાં ચીરનાં ચોર હો ॥ દે૦ મન૦ મા૦ પ્ર૦ વલી૦ ॥ ૩ ॥ કિંગારો તવ જીણે સ્વરે, પ્ર૦ ॥ વિણ વાદલ તિહાં મોર હો, હલુએ હલુએ શનૈં શનૈઃ ॥ પ્ર૦ ॥ તમેં કીધું તવ જોર હો ॥ જી૦ દે૦ મન૦ પ્ર૦ ॥ ૪ ॥ હું લાજી નીચું જોઇ રહી ॥ પ્ર૦ ॥ ત્યારે આપ્યું તમે ચીર હો; તે સહુ કેમ ગયું વિસરી, પ્ર૦ લાલ નણદીનાં વીર હો ॥ જી૦ ॥ દે૦ ॥ મન૦ ॥ મા૦ ॥ ૫ ॥ લખ્યાં લેખ મટે નહી, પ્ર૦ ॥ વરસ બાર વિયોગ હો ભાવિને વસે ભોગવ્યો ॥ પ્ર૦ ॥ પુણ્યે પામી સંયોગ હો ॥ જી૦ દે૦ મન૦ મા૦ ॥ ૬ ॥ જુવો વિમાસીને તમે ॥ પ્ર૦ ॥ એ સઘલા સહીનાણ હો, મનશું તે લાજયો ઘણું, વાહલા માહરાં વનિતાની સુણી વાણ હો ॥ જી૦ દે૦ મન૦ મા૦ ॥ ૭ ॥ ઉદય અઢારમી ઢાળમાં, વાહલા૦ ॥ કહે સુણજો સહુ કોય હો, જગમાંહે જોતાં સહી, વા૦ કરમ કરે તે હોય હો, ॥ જી૦ ॥ દે૦ ॥ મન૦ ॥ મા૦ ॥પ્ર૦॥ વલી૦ ॥૮॥

દોહાં

**પીયું કહે સાંભળ હે પ્રીયે, આજ લગે અરધાંગ;**
**નિશ્ચય મેં જાણી નહી. મહીયારીને સ્વાંગ ॥ ૧ ॥**
**આપ જણાવત આવીનેં, જો તું ગણિકા ગેહ;**
**સાચું માનત તો સહી, હું તુજ વયણ સનેહ ॥ ૨ ॥**

## ઢાળ ઓગણીસમી

**જરમર જરમર હો સેલામારૂ વરસેલો મેહ એ દેશી**

મેં જાણ્યું હો વાહાલો માહારો પીયુડો રીશાળ, પાસે વેશ્યા પણ વીછીંનો આંકડો, તેહ સાથે હો બાંધી દ્રઢ પ્રીત અભંગ વલી વિશેષે વાહલો તેણે વાંકડો ॥ ૧ ॥ કહ્યું માને હો તો થાઉં મેરૂ સમાન, જો ન માન તો મેરૂથકી પડું, આહેરણી હો થઈ હું આલોચીનેં એમ મહિને મિશેં ગણિકા ઉપર ચડું ॥ ૨ ॥ દેખી દેખી હો વાહલા માહરા તુમ દેદાર, વિયોગ તણાં દુઃખ જાયે મુને વિસરી; ગણિકાયેં હો ખાધો હતો જે માલ, બમણો વાલ્યો તે જુઓ મેં બુધ્ધે કરી ॥ ૩ ॥ વેણી વીણા હો વીંજણો વેશ્યા એ ચાર, કર પસાય આપે તે સુખ સદા; કર ખેંચી હો જબ રહીએ સુણો સ્વામિ, પૂરવ ગુણ નવિ સંભારે તદા ॥ ૪ ॥ ગણિકા સમ હો નહી કોઇ નિગુણી જાત, ધન ખૂટે છટકી રહે વેગલી; ફરી સામું હો જૂએ નહી એક વાર, કયવન્નાની પેર સુપરેં ન સાંભળી ॥ ૫ ॥ તાત જનની હો જોયે તમારી વાટ, આઠે પોહોર ઉચ્ચાટ કરે ઘણો; પરિજન પણ હો સહુ ધરે મનમાં ખેદ, ખબર પૂછે નિત્ય નાથ જે પુરતણો ॥ ૬ ॥ ચંપાવર્ણી હો ચતુરા હું ચાપું પાય, અષ્ટાંગ ભોગ ભલા નિત્ય ભોગવો; પોઢો ઢોલીયે હો વાહલા હું ઢોલું વાય, સરસ સંયોગે ગોરસ રસ જોગવો ॥ ૭ ॥ વંજનયુત્ત હો બેસો સજ્જનને પાંત, ખટરસ ભોજન કરો મન ખાંતશું; ઉપર આપું હો તરૂણી હું તાજા તંબોલ, ષટ્ઋતુ સુખ ભોગવો ભલી ભાંતશું ॥ ૮ ॥

ભવમાંહે હો ભમતાં કાલ અનંત, દશ દૃષ્ટાંતે એ નરભવ દોહિલો; તેહ પામી હો પૂરવ પુણ્ય સંયોગ, ઉત્તમજનનો યોગ ન સોહિલો ॥ ૯ ॥ એણીપરેં હો સમજાવ્યો નિજ સ્વામ, ઘેર જઇ માત પિતાને પાયે નમ્યો; પેખી હર્ખ્યો હો સહુ તસ પરિવાર, સહસા વિયોગ તણો દુઃખ ઉપશમ્યો ॥ ૧૦ ॥ લીલાવતી હો લાગી સાસુને પાય, બહુ પુત્ર જણજો આશીષ દીધી ઇસી; ઓગણીસમી હો ઢાલે ઉદયરતન, વદે શ્રોતા સહુ સુણજો મન ઉલ્લસી ॥ ૧૧ ॥

**સુખ સંસારનાં ભોગવે, દોગંદુક જેમ દેવ;**
**નર નારી તે નેહશું, દાન દીયે નિત્યમેવ ॥ ૧ ॥**
**જલવટ ને થલવટ તણાં, વણજ કરે વડહત્થ;**
**સુમતિ વિલાસ મતિ આગલો, સહુ કાજે સમરત્થ ॥ ૨ ॥**
**અનુક્રમે તસ અંગજ થયો, નામે વીર વિલાસ;**
**ભણી ગણી લાયક થયો, તવ પરણાવ્યો તાસ ॥ ૩ ॥**
**સાતે ક્ષેત્રે તે સદા, લખમી લાખ ગમેહ;**
**ખરચે મનખાંતે કરી, જેમ આષાઢો મેહ ॥ ૪ ॥**
**ઇણે અવસર આવ્યા તિહાં, ધર્મઘોષ સૂરિંદ;**
**સુમતિવિલાસ સપરિકરે, વંદે પદ અરવિંદ ॥ ૫ ॥**

## ઢાળ વીશમી

### વણિજ સલૂણે રે વિહાણે ચાલવું એ દેશી

પર્ષદા આગેરે ઘે મુનિ દેશના, સુણો સંસારનું રૂપ હો; હોરે ચિત્ત ચેતજો. જગમાહે જોતાં રે, કો કેહનું નહી. અરથે લાગે અનૂપ હો ॥ હોરે૦ ॥ ૧ ॥ સ્વારથ સુધીરે સહું ખુંદયું ખમે, જેમ દૂજણી ગાયની લાત હો ॥ હો૦; દુધે મારે રે બુઢીને જુઓ એમ અનેક અવદાત હો ॥ હો૦ ॥ ૨ ॥ ધૂરા વહેરે ધોરી જિહાં લગે, તિહાં લગેં ચાર ગુવાર હો ॥ હો૦; નાથેં સાહી રે ઘી પાયે વલી, પછી ન નીરે ચાર હો ॥ ૩ ॥ સુતનેં ધવરાવે રે માતા સ્વારથે, સ્વારથ સુત ધાવંત હો; હો૦

દહેણું દીજે રે લહેણું લીજીયે, ભાષે એમ ભગવંત હો ॥ ॥ ૪ ॥ સગપણ સઘલા સંસાર સંબંધ લગે, જે કરે પુણ્ય ને પાપ હો હો૦; નવાનો ઉધારો રે જૂના ભોગવે, કોણ બેટો કુણ બાપ હો ? ॥ હો૦ ॥ ૫ ॥ પહોતી અવધે રે કોય પડખે નહી, કીજીયેં કોડિ ઉપાય હો ॥ હો૦; રાખ્યું તે કેહનું રે, કોઇ નવિ રહે, પાકા પાનને ન્યાય હો ॥ હો૦ ॥ ૬ ॥ મોહની જાલેરે સહુ મુંજી રહ્યો, એક રાગ ને બીજો દ્વેષ હો હો૦: બલવંત બને રે બંધન એ કહ્યાં, તે માંહે રાગ વિશેષ હો ॥ હો૦ ॥ ૭ ॥ જેજેમ કરે રે તે તેમ ભોગવે, કડૂઆ કર્મ વિપાક હો૦; હો૦ વિષયનો વાહ્યો રે, જીવ ચેતે નહી, ખાતો ફલ વિપાક હો ॥ હો૦ ॥ ૮ ॥ આખર સહુને રે ઉઠી ચાલવું, કોઈ આજને કોઇ કાલ હો૦; પરદેશી આણારે, પાછા નવિ વલે, એ સંસારની ચાલ હો ॥ હો૦ ॥ ૯ ॥ નરપતિ સુરપતિ જિનપતિ સારીખા, રહી ન શકે ઘડી એક હો હો૦; તો બીજાનો રે કહો શો આશરો, કાલશું કેહી ટેક હો ॥ હો૦ ॥ ૧૦ ॥ એમ જાણીને રે ધર્મને આદરો, કેવલી ભાષિત જેહ હો, હો૦; વીશમી ઢાલે હો, ઉદયરતન વદે, સંસારમાં સાર છે એહ હો ॥ ૧૧ ॥ સર્વગાથા ॥ ૩૧૭ ॥

॥ દોહા ॥

**પૂછે અવસર પામીને, મુનિને લીલાવતી તામ;**
**વિયોગ લહ્યો મે કંતનો, કોણ કર્મેં કહો સ્વામ ? ॥ ૧ ॥**
**ઈમ સુણિ મુનિ કહે પૂરવે, તું હતી રાજકુમાર;**
**પોપટ રાખ્યો પાંજરે, તેં ઘડી સાઢી બાર ॥ ૨ ॥**
**કંત હરીને જે કર્યો, સૂડીને સંતાપ;**
**તે તેં ઇણે ભવે અનુભવ્યું, પૂરવભવનું પાય ॥ ૩ ॥**
**વડ બીજની પરે વધે, કર્મ શુભાશુભ હોય;**
**ઘડી પ્રમાણે વરસ ઈહાં, એમ તું જને થયા જોય ॥ ૪ ॥**
**જાતિસ્મરણ પામી તદા, લીલાવતી તેણીવાર;**
**દીક્ષા લે તે દંપતી, સુતને સોંપી ઘરબાર ॥ ૫ ॥**

**ચારિત્ર ચોખ્ખું પાલીને, દેવલોક ગયાં હોય;**
**એક જ ભવને આંતરે, શિવપદ લેશે સોય ॥ ૬ ॥**

## ઢાળ એકવીશમી

### શાલિભદ્ર ધન્નો રૂષિરાયા એ દેશી

લીલાવતીને સુમતિ વિલાસે, સંયમ શુદ્ધ આરાધીજી; નરક તિર્યંચ તણી ગતિ છેદી, સુરની લીલા લાધીજી ॥ લીલા૦ ॥ ૧ ॥ એકાવતારી થયા નરનારી, તેહને વંદન માહારીજી; હોજો હોસે જે સંયમ પાલે, તેહની જાઉં બલિહારીજી ॥ લી૦ ॥ ૨ ॥ તપગચ્છની રાજધાની કેરો, શ્રી રાજવિજય સૂરિ રાજાજી; શ્રી રતનવિજય સૂરિવર તસુ પાટે, મેરુસમી જસુ માજાજી ॥ ૩ ॥ ગુરુમાંહે હીરરત્ન સૂરિ ગિરુવો, જવાહીરમાં જેમ હીરો જી; તસુ પાટે જયરત્ન સૂરિંદો, મંદરગિરિ પરે ધીરો જી ॥ ૪ ॥ સંપ્રતિ ભાવરત્ન સૂરિ પ્રતપે, શ્રી હીરરત્ન સૂરિ કેરો જી; પંડિત લબ્ધિરત્ન મહા મુનિવર, વારુ શિષ્ય વડેરોજી ॥ ૫ ॥ તસુ અનુચર વાચક પદ ધારી, શ્રી સિદ્ધિરત્ન સુખકારીજી; મેઘરત્ન ગણિવર તસું વિનયી, અમરરત્ન આચારીજી ॥ ૬ ॥ શિવરત્ન તસુ શિષ્ય સવાઈ, પામી તાસ પસાયોજી; એ મેં વારુ રાસ બનાયો, આજ અધિક સુખ પાયોજી ॥ ૭ ॥ વરસ સત્તરસેં સડસઠ આસો, વદિ છઠને સોમવારોજી; મૃગશિર નક્ષત્રને શિવયોગે, ગામ ઉનાવા મઝારજી ॥ ૮ ॥ ભીડભંજન પ્રભુ પાસ પસાયે, લીલાવતીની લીલાજી; સુમતિ વિલાસ સંયોગે ગાઈ, સુણી આપે શિવ લીલાજી ॥ ૯ ॥ એહ કથા જે ભાવે ભણશે, એકમનાં સાંભળશેજી; દુઃખ તેહનાં સવિ દૂરેં ટલશે, મનના મનોરથ ફલશે જી ॥ ૧૦ ॥ ધન્યાસિરિ રાગેં સોહાવી, એ એકવીશમી ઢાળજી, ઉદયરતન કહે આજ મે પામી, સુખ સંપત્તિ સુરસાલજી ॥ ૧૧ ॥ સર્વગાથા ॥ ૩૩૪ ॥

**ઇતિશ્રી લીલાવતી રાણી અને સુમતિવિલાસ રાસ સંપૂર્ણ**

## શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરનું

# નવું પ્રકાશન

શ્રી તાલધ્વજગિરિ–તલાજા તીર્થે વિ. સં. ૨૦૪૧ના અષાડ શુદિ ૫ ને રવિવારે દીર્ઘસંયમી પ્રૌઢ સંયમમૂર્તિ પૂજ્ય સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ શ્રી ચતુર્વિધ સંઘની નિર્યામણા સાથે સમાધિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓશ્રીના પુણ્ય સ્મારક રૂપે–

**પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા**

તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવાની જયોતિર્વિદ પૂ. પં. શ્રી નરેન્દ્રસાગરજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મ. ને ભાવના થતાં તેઓશ્રીની પ્રેરણાથી અમોએ આ નવું પ્રકાશન શરૂ કર્યું છે. અને નીચે જણાવ્યા મુજબ રાસમાલા સંગ્રહના બે ભાગ પ્રસિદ્ધ થયા છે. કોપી મર્યાદીત હોવાથી તુરત વસાવી લેવા વિનંતિ છે.

**શ્રી રાસમાલા સંગ્રહ ભાગ ૧ લો–રૂા. ૫–૦૦**

૧–મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ, ૨–શ્રી ગૌતમ પૃચ્છા ચોપાઈ, ૩–કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪–શ્રી [illegible] રાસ.

**શ્રી રાસમાલા [illegible] –૦૦**

૧–શ્રી કયવન્ના [illegible] ભદ્રનો રાસ.

**શ્રી રાસમાલા [illegible] ૦૦**

સંગ્રહના બે ભાગ પ્રસિદ્ધ
થી તુરત વસાવી લેવા વિનંતિ
સંગ્રહ ભાગ ૧ લો–રૂા.
ી અંજનાસુંદરીના રાસ, ૨
અથવા શ્રી

૧–શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

: પ્રાપ્તિ સ્થાન :

**શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાન મંદિર**

જી. ભાવનગર, વાયા–તળાજા, મુ. ઠળીયા